॥ હરિઃૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# જીવનરસાયણ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં, જહાંગીરપુરા,
રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૨ | ૧૨૫૦ |
| બીજી | ૨૦૦૭ | ૫૦૦ |

❑ પૃષ્ઠ : ૨૮ + ૩૨૪ = ૩૫૨

❑ પડતર કિંમત : **રૂ. ૩૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

# સમર્પણાંજલિ

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના સંપર્કમાં જેઓ એક સન્મિત્ર દ્વારા
સને ૧૯૭૨માં આવ્યા બાદ મૌનરૂમોમાં એક પછી એક
એમ અનેક અનુષ્ઠાનો કરી શક્યા
તેમ જ
સદ્‌ગત શ્રી ઝીણાકાકાના સંપર્કથી જેઓમાં આશ્રમ માટે
સમર્પિત થવાની તત્પરતાયુક્ત ભાવના જાગી જતાં,
પ્રકાશમાં આવ્યા વિના જેઓ આશ્રમની અનેક પ્રકારની
જરૂરિયાતોમાં સહાયક બનતા રહ્યા છે
એવા
બોણંદ (જિ. સુરત)ના નિવાસી
**શ્રી ધીરુભાઈ ગુલાબભાઈ દેસાઈ**
અને
**શ્રીમતી હંસાબહેન ધીરુભાઈ દેસાઈ**ને
પૂજ્ય શ્રીમોટા વિરચિત **'જીવનરસાયણ'**ની
આ બીજી આવૃત્તિનું પ્રકાશન સમર્પિત કરતાં
અમો ધન્યતાની લાગણી અનુભવીએ છીએ.

તા. ૨૪-૧૧-૨૦૦૭
દેવદિવાળી, સંવત ૨૦૬૪

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# શ્રી ચૂનીભાઈ ફુલાભાઈ પટેલ (ભાદરણ)
# તથા
# શ્રી મણિભાઈ ફુલાભાઈ પટેલને

# સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

સત્કર્મે સહાય આપીને સાથ કેવો દીધો મને !
ટેકો દિલથી આપ્યો છે મારા જેવા ભિખારીને. ૧

પ્રત્યેક વર્ષ તેડીને નવાજ્યો છે તમે મને,
આહુતિ આપી આપી શો પ્રેર્યો સત્કર્મ યજ્ઞને. ૨

કામ મોટાં લીધાં આપ જેવાની ઓથથી,
પાર ઉતારવા બાકી ગજું મારું કશું નથી. ૩

ઉદાર ભાવનો કેવો શો અનુભવ તો મળ્યો !
તમે જે ભાવ રાખીને કર્મ સત્કારીને જીવો. ૪

કેવી જમાડવામાં તો પ્રસન્નતા તમારી છે,
વાપરી, ખર્ચી જાણ્યું છે, દેતાં દેતાં ન થાક છે. ૫

ઉચ્ચ કેળવણીમાંયે ઉદાત્ત સ્હાય અર્પી છે,
લાવવા ગામને ઊંચે આદર્યા યત્ન છે તમે. ૬

ઉદ્યોગશીલ તે પાછા પરિશ્રમી જ ઉદ્યમી,
ખંતીલા, નિશ્ચયી પાકા, મક્કમતાભર્યાં વળી. ૭

પાછા હઠ્યા કદી ના છો, હાર્યા હિંમત ના કદી,
વિઘ્ન , મુશ્કેલીમાં કેવા ટક્યા છો દક્ષતા ધરી ! ૮

લીધેલું મૂકી ના દો છો, એને પાર ઉતારવા
-કેવું કેવું મથી ભારે ફતેહ મેળવો સદા ! ૯

ઉત્સાહી પુરુષાર્થી ને સૂઝ ઊંડી શી કર્મની !
વળી શા ઉપયોગી છો, જેને તેને શું કર્મથી ! ૧૦

આપે જે મુજને બક્ષ્યું, તેનો તો બદલો કશો
-શકું ના વાળી કો રીતે, સાવ લાચાર હું ખરો. ૧૧

સમર્પણાંજલિ ભાવે આ 'જીવનરસાયણ'
-અર્પીને ભાવથી કેવો સંતોષ પામું હું દિલ ! ૧૨

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**

તા. ૨૩-૨-૧૯૭૨

। હરિ:ૐ ॥

# સંપાદકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

છેલ્લાં બે એક વર્ષથી પૂજ્ય શ્રીમોટા તેમની અનુભવદશાનાં ભજનો વિવિધ પ્રકારે લખતા રહ્યા છે. અને તેનું પુસ્તક પ્રસિદ્ધિનું કાર્ય તેમનાં સ્વજનો ઉપાડી લે છે. અમે પણ પૂજ્ય શ્રીમોટાને તેમનાં ભજનોના એક પુસ્તકની પ્રસિદ્ધિનું કામ સોંપવા માગણી કરી અને તેની ફળશ્રુતિ તે આ **'જીવનરસાયણ'**.

પૂજ્ય શ્રીમોટાનાં આ **'જીવનરસાયણ'**માં છપાયેલાં ભજનોનું આચમન સૌ કોઈ કરી શકે છે.-જેમ સરિતાના જળનું આચમન સૌ કોઈ કરી શકે છે. એને કોઈ ભેદ હોતો નથી. પંખી, પશુ, પ્રાણી, જીવજંતુ, માણસ સૌ કોઈ તેનાં પાણી પીવે છે. સરિતા તો માત્ર આપવાનો આનંદ-લહાવો જ માણે છે.

તે પ્રમાણે આપણા સંતભક્તોને પણ કશાના ભેદ હોતા નથી. તેમની પાસે પુણ્યશાળી કે પાપી, સારા કે ખરાબ, ઊંચ કે નીચ, ધનવાન કે ગરીબ, અભણ કે વિદ્વાન, શહેરી કે ગામડિયો, સ્ત્રીઓ, પુરુષો કે બાળકો સૌ કોઈ જઈ શકે છે, અને તેઓ જગતના શીતળ છાંયડે તેમને વિસામો આપે છે. સરિતાની જેમ તેઓ તો માત્ર આપવાનો આનંદ-લહાવો જ માણતા હોય છે.

જીવનમાં આનંદ તો સૌને જોઈએ છે, પરંતુ એ આનંદ મેળવવા માટે આપણે કેટલો પુરુષાર્થ કરીએ છીએ ? આનંદ મેળવવો હોય કે કંઈ કશાની પ્રાપ્તિ કરવી હોય, તો કેટલો અને કેવો પુરુષાર્થ કરવો પડે છે, તેનું દર્શન આ પુસ્તકોનાં ભજનો વાંચતાં વાચકને થશે.

ગુણોનાં નામ આપણે જાણીએ છીએ ખરાં, પરંતુ તે મેળવવા માટે આપણે શું કરીએ છીએ ? જીવનમાં **ગુણપ્રાપ્તિ** અને એ દ્વારા

**साधनाविकास**ને પંથે પળવા ઈચ્છતાં ભાઈબહેનો માટે આ પુસ્તક એક ભોમિયાની ગરજ સારશે. વાચકો વાંચે અને તેનો અનુભવ કરે એ જ વિનંતી.

પૂજ્ય શ્રીમોટાના આ પુસ્તકમાંથી જીવનવિકાસના મુમુક્ષુઓને સામગ્રી મળે છે. શું કરીએ તો જીવન પલ્લવિત થાય અને નવજીવનને પામે, તેનો સાર જેઓ શોધશે, તેને આ પુસ્તકમાંથી જરૂર મળી રહેશે.

આધ્યાત્મિક માર્ગનું શિખર સર કરવા માટે કેટકેટલાં પગથિયાં ચડવાં પડે છે ! અને ક્યાં ક્યાં સીધાં, આકરાં અને દુર્ગમ ચઢાણ આવે છે, તે આ પુસ્તકનાં ભજનો વાંચતાં સહેજે સમજાશે, અને **आ** માર્ગ કેવો ગહન છે, તેનો પણ સૌને ખ્યાલ આવશે.

દરેક વિષયને તેની ક્રિયા પ્રક્રિયાઓમાંથી પાર પડાય તો જ તેના વિજયને પમાય છે. તેવું જ **आ** આધ્યાત્મિક માર્ગને વિશે પણ છે.

પૂજ્ય શ્રીમોટાએ તેમની જીવનસાધનામાં કેટકેટલાં કષ્ટો સહન કર્યાં છે, તે આ પુસ્તકનાં ભજનો વાંચતાં વાચકોને જાણવા મળશે. અને જેઓ આધ્યાત્મિક માર્ગમાં આગેકૂચ કરવા ઈચ્છતા હશે તેમને તેમાંથી સ્પષ્ટ માર્ગદર્શન મળી રહેશે.

આ રીતે આવું ઉત્તમ પુસ્તક પ્રસિદ્ધ કરવાની પૂજ્ય શ્રીમોટાએ અમને અનુમતિ આપી, તે માટે અમે તેમના ઘણા ઘણા આભારી છીએ. પૂજ્ય શ્રીમોટા, તેમના દરેક પુસ્તકના વેચાણની રકમ સમાજ- પરમાર્થનાં કાર્યોમાં જ વાપરતા હોય છે. તે રીતે જેઓ આ પુસ્તક ખરીદીને વાંચશે તેમને જીવન ઉપયોગી સાચું વાંચન વાંચવા મળશે જ, તેની સાથે સમાજ-પરમાર્થના કાર્યોમાં મદદ કરવાનું શ્રેય મળશે તે તો વધારામાં. ગુજરાતની પ્રભુપ્રેમી જનતા આ પુસ્તકને સત્કારશે એવી આશા છે.

**- જીવણલાલ ચતુરદાસ ચૌહાણ**

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

આ ચોપડી **‘જીવનરસાયણ’**માં મારા શરીરના ભાઈ સોમાભાઈ ભાવસારે તેના ૧૨ ખંડ પાડેલા છે. તે બારે ખંડનાં નામ અનુક્રમણિકામાં છે.

**આ** બધી ગઝલો આઠનવ દિવસમાં જ લખાઈ છે અને શ્રીપ્રભુકૃપાથી **આ** શરીરનાં હઠીલાં દર્દોની વેદનાને જે આહ્‌લાદ આનંદજનક રાહત મેળવાઈ છે, તે વળી એક ઑર પ્રેરણાત્મક અનુભવ છે. અને દિવસે દિવસે ઉત્તરોત્તર **આ** શરીરના બધા રોગોનાં દર્દ વધારે ને વધારે વેદનાવાળાં અને પીડાકારક થતાં જાય છે, ત્યારે આવાં ભજનો આપમેળે લખાયા જવાથી જે પ્રકારની ઉષ્માપ્રેરક અને જીવન જીવવાનો લહાવો પ્રેરનારી જ્ઞાનભક્તિપૂર્વકની ચેતનાત્મક જે ભાવના જીવનમાં વ્યક્ત થતી અનુભવાય છે, તે પણ જીવનનો કોઈક અલભ્ય, અગમ્ય અને અવર્ણનીય એવો શ્રીભગવાનની કૃપાપ્રસાદીનો પ્રસંગ છે.

શ્રીભગવાન પરત્વેની જીવનવિકાસની ગતિ પ્રગટાવવામાં લોકોએ સર્વશ્રેષ્ઠ સહજમાં સહજ, તદ્દન સ્વાભાવિક અને સરળમાં સરળ જો કોઈ સાધન હોય, તો તે શ્રીભગવાનની સ્મરણભક્તિ છે. એવા શ્રીભગવાનના નામસ્મરણથી **આ જીવ**ની **શ્રીહરિ** પરત્વેની અંતર્‌મુખતા અને અભિમુખતા જીવતાંજાગતાં કેવાં કેવાં બઢ્યાં કરેલાં છે, તેનો મને પ્રત્યક્ષ અનુભવ છે. હાલના કાળમાં કેટલાક પ્રતિષ્ઠિત એવા મૌલિક વિચારકો આવા સ્મરણને કંઈક થોડેઘણે અંશે

એને અવગણતા હોય એવું કંઈક લાગ્યું છે. વળી, કોઈક તો એને L.S.D.ની સાથે પણ સરખાવી દે છે. શ્રીભગવાનનું નામ લઈ લઈને સંતભક્તો આપણા દેશમાં થઈ ગયા છે અને સંસાર તરી ગયા છે. એવા ભક્ત પ્રત્યેક દેશમાં થયેલા છે અને એવાં નામો કાલ્પનિક પણ નથી. ઈતિહાસમાં એવા ભક્તો પ્રભુભક્તિથી રંગાયેલા અને પ્રતિષ્ઠિત થયેલા છે. શ્રીભગવાનના નામસ્મરણની ભક્તિમાં જેમણે જેમણે ઊંડામાં ઊંડું અવગાહન કરેલું છે અને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક સર્વસ્વ રીતે અને સર્વ ભાવે જીવનને સમર્પણ કરી દઈને **શ્રીહરિ**ભક્તિમાં પ્રયોગાત્મક રીતે એકધારા સતત અનુભવ- મગ્ન થયેલા છે, તેઓને દિલ સ્મરણ એ એક સાંસારિક મોહ-કલિલવાળી ભૂમિકામાંથી જીવનને ઊંચે તારવનારું એક મોટામાં મોટું અમોઘ સાધન છે.

**આ** શરીરને ફેફરાનો રોગ થયેલો. તે રોગને મટાડવાને કારણે કોઈ એક સાધુમહાત્માએ, શ્રીનર્મદામૈયાના મોખડીના ઘાટની ઉપરવાસ આવેલા શ્રીરણછોડજી મંદિરના પ્રાંગણમાં તે રોગને મટાડવાને માટે મને **'હરિઃૐ'** જપવાનું કહેલું. ત્યારે નામસ્મરણ ઉપર શ્રદ્ધા કે વિશ્વાસ મુદ્દલે ન હતાં. મહાત્મા ગાંધીને આ અંગે મેં એક કાગળ પણ લખ્યો હતો. તેઓશ્રીએ તો જણાવ્યું કે શ્રીભગવાનના નામસ્મરણથી પ્રત્યેક રોગ મટી શકે છે. મહાત્મા ગાંધીજીની ઉપર **આ જીવ**નો અનંત ચેતનાત્મક વિશ્વાસ. એટલે આમ શરીરના ફેફરાના રોગને મટાડવાની ગરજે નામસ્મરણને ગ્રહણ કરવાનું બનેલું હતું.

તે રોગ મટ્યો પણ ખરો. તે પછી નામસ્મરણ લેતાં લેતાં જીવનમાં જે પ્રકારનો ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ વગેરે વગેરે શ્રીપ્રભુકૃપાથી મને વર્તાવાં લાગ્યાં અને તે જ કારણથી નામસ્મરણ વધુ ને વધુ લેવાયા કરાયું. અને પછીથી તો એ નામસ્મરણ લેવાતાં

લેવાતાં જીવનના ધ્યેયની આછીપાતળી રૂપરેખા **શ્રીહરિ**કૃપાથી **આ જીવ**ના હૃદયમાં પ્રગટવા માંડી. તે સમજણે જીવનના ધ્યેયમાં નિશ્ચિત મંડાણ થયું. જીવનના હેતુનો પણ સભાનતાપૂર્વક ઊંડો ઊંડો પ્રેરણાત્મક ખ્યાલ જાગ્યો. પછી તો **શ્રીહરિ**સ્મરણમાં ધ્યેયનું અને હેતુનું શરૂશરૂમાં આછુંપાતળું ધ્યાન રહ્યા કરવાને હૃદયમંથન ચાલ્યા કરતું. જેમ જેમ જીવનનું ધ્યેય અને તે પરત્વેના હેતુનું જ્ઞાનભાન વધારે ને વધારે સ્પષ્ટ, ચોક્કસ, દિલમાં દિલથી અંકિત થતું ગયું, તેમ તેમ તે નામસ્મરણમાં કંઈક ઑર રંગ જામવા લાગ્યો. હૃદયમાં કંઈક ભાવ પણ પ્રગટવા લાગ્યો. અને એ ભાવ પ્રગટતાં પ્રગટતાં પ્રત્યેક સ્ફુરતા વિચાર, વૃત્તિ અને વલણમાં અને દૃષ્ટિમાં અને થતાં જતાં કર્મમાં પણ શરૂશરૂમાં આછીપાતળી તટસ્થતા કેળવાવા લાગી. આજે પણ મને તે તે ભૂમિકાનું સ્પષ્ટ અનુભવદર્શન છે. જેમ જેમ સ્મરણમાં હૃદયની ભક્તિ ગાઢ થતી ગઈ, તેમ તેમ એકાગ્રતા પ્રગટવા માંડી અને એવી એકાગ્રતા ઉત્તરોત્તર ગાઢ થતાં થતાં તે મનાદિકરણમાં પણ પ્રગટવા માંડી. ભૂમિકાની એવી દશા થતાં જે એક પ્રકારની સક્રિય, ગતિશીલ અને જેમાં અને તેમાં પ્રવેશીને તેના મૌલિક હાર્દમાં પ્રગટવાની કળા અને તેમ છતાં-તેવું તેવું બધું થતું રહેતું હોવા છતાં-તે સાથે, નોખા રહેવાથી, એક પ્રકારની દશાની સહજ ગતિશીલતા જીવનમાં પ્રગટતી અનુભવવા મંડાઈ અને આવી ભૂમિકા પણ આગળ જતાં **શ્રીહરિ**કૃપાથી વિકસતી ગઈ. આમ જોતાં સ્મરણમાંથી તટસ્થતા, વિવેક જાગીને વલણ, વૃત્તિ આદિનું જીવનવિકાસની દૃષ્ટિએ કેવું ઝીણામાં ઝીણું પૃથક્કરણ થતું રહે છે, તેનો **આ જીવ**ને પ્રત્યક્ષ જીવતોજાગતો અનુભવ છે.

સ્મરણમાં ભક્તિનો ભાવ પ્રગટતાં તેમાં એક પ્રકારનો ચેતનાત્મક નશો જરૂર છે. કોઈ સ્થૂળ પ્રકારનો નશો તેને ઉત્તેજિત

કદાચ કરે ખરો અને બુદ્ધિમાં પણ ચમકારો લાવે, તેમ છતાં મનાદિકરણમાં સ્થૂળ નશાથી પ્રગટેલા એવા ચમકારા જીવનની ઊર્ધ્વમાં ઊર્ધ્વ ભૂમિકામાં જીવનની પ્રાકૃતિક ભૂમિકાથી મુક્ત એવા કોઈ અગોચર, અગમ્ય, અવર્ણનીય, દિવ્ય દેશમાં, અનુભવગમ્ય એવી ઉત્તરોત્તર ઊર્ધ્વગમ ભૂમિકામાં લઈ જવા માટે મુદ્દલે કામિયાબ નથી, તે નિશ્ચિત હકીકત છે. **શ્રીહરિ**કૃપાથી **આ જીવે** એવા નામસ્મરણનો **આ** જીવનમાં પ્રયોગ કરેલો છે અને એ અનુભવાત્મક પ્રયોગના ફળરૂપે આ **'જીવનરસાયણ'**માં તથા એવી પ્રકાશન પામેલી બીજી ચોપડીઓમાં **'સ્મરણ'** ઉપર **શ્રીહરિ**કૃપાથી મેં મસ્તીથી લખ્યું છે. સ્મરણને મેં હૃદયના ઉલ્લાસ, આહ્‌લાદ અને મસ્તીભર્યા ઉત્સાહથી વિધવિધ રીતે દોહરાવ્યું છે અને લહેરાવ્યું છે. તે સ્મરણ ઉપરનાં લખાયેલાં ભજનોમાં શ્રીપ્રભુકૃપાથી વ્યક્ત થયેલું છે.

સ્મરણની પણ જુદી જુદી ભૂમિકાઓ છે અને તેનાં જુદાં જુદાં પાસાં પણ છે. તે બધાંનું સ્પષ્ટ વર્ણન અને હકીકત તે તે ભજનોમાં મેં ઉમળકાથી ગાઈ છે. આ ભજનો માત્ર લહેકા નથી, પરંતુ મારી હૃદયની સમજણથી જીવનવિકાસના પંથના અનુભવના પ્રત્યક્ષ રણકાર છે.

મારા શ્રીસદ્‌ગુરુ મહારાજનો મને હુકમ છે કે જીવનના કોઈ અનુભવ પ્રદેશની હકીકતની કશી પણ અતિશયોક્તિભરી હકીકત ભૂલેચૂકે પણ વ્યક્ત થવા દેવી નહિ. જે તે બધું એની સમતોલ દશામાં હોય એ જ યોગ્ય, બાકીનું બધું જ અયોગ્ય. હાલના મારા જીવનમાં પણ મારા શ્રીસદ્‌ગુરુ મહારાજનો એવો જીવતોજાગતો અને પ્રત્યક્ષ અનુભવમાં વર્તાતો દંડ મારી સામે જ રહ્યા કરે છે, તે એક એમની મારા ઉપરની મહેરબાનીનું સૂચક લક્ષણ છે. જરા પણ

આડુંઅવળું થવાતાં અને જીવદશાની ભૂમિકામાં પણ કોઈક વાર બહેકાઈ જવાનું બનતાં, તે દંડનું મને અનુભવદર્શન શ્રીસદ્‌ગુરુ મહારાજની કૃપાથી બનેલું છે અને આજે પણ એ દર્શન છે. તેથી, જીવનનું સમતોલપણું યથાયોગ્ય રીતનું, જ્ઞાનભક્તિપૂર્વકનું એની કૃપાથી જીવંત રહ્યા કરે છે. એટલે આ જે તે બધું લખાયું છે, તે તે બધું તે તે પ્રદેશની તેવી તેવી ભૂમિકાનું યથાયોગ્ય, વાસ્તવિક, સહજ દર્શન છે.

સ્મરણ એ તો જીવનને અનુભવના ઊર્ધ્વ પ્રદેશમાં લઈ જનારું સાધન છે, જ્યારે સ્થૂળ નશો પ્રગટ કરનારી વસ્તુ એ ભલે નશો તો ચડાવે કે પ્રેરાવે અને નશાના સમયે તેનાથી કરીને ઉત્તેજના પણ પ્રગટાવી શકે છે, પરંતુ તે બધું પત્યા પછી તો તેવો જીવ નર્યો તામસમાં જ પડે, તે પણ નિર્વિવાદ હકીકત છે. જ્યારે સ્મરણમાં તેવું નથી.

જીવનમાં સ્મરણની અખંડાકાર ભાવના પ્રવર્તતાં **જીવ**ની દશા કેવી કેવી થાય છે, તે હકીકત પણ કોઈક કોઈક ભજનમાં વ્યક્ત થયેલી છે.

સ્મરણની ભાવના બઢતાં બઢતાં અને તે સ્મરણમાં જીવંત ભાવ પ્રગટતાં, જીવનના તેવા પ્રયોગવીરને ચરણરજનીયે રજ થયા વિના તે જીવનવિકાસના માર્ગમાં આગળ પ્રગટી શકતો નથી, તેવું તેને પ્રત્યક્ષ દિલમાં દિલથી સમજાય છે. અને ત્યારે એને છેક નમ્રમાં નમ્ર થવાની ગરજપૂર્વકની સભાનતા જાગે છે. એવી ખરેખરી ઉત્કટ ગરજની સભાનતા જીવનવિકાસના શ્રેયાર્થીને નમ્રમાં નમ્ર થવાની એના હૃદયમાં તાલાવેલી જગાડે છે. ચેતનાત્મક તત્પરતા પ્રગટાવે છે અને તેવું નમ્રમાં નમ્ર થવાને માટે તેના દિલની જે નર્તતી અને

ચેતનાત્મક સભાનતા જે જ્ઞાનભક્તિપૂર્વક એનામાં જીવંતપણે પ્રગટેલી છે, તે એના જીવનમાં ચરણરજનીયે રજ થવાની જ્વાળામુખીના જેવી એના દિલમાં તે પ્રચંડ જિજ્ઞાસા પ્રગટાવે છે. અને એ ચરણરજનીયે રજ જ્યારે થાય છે, ત્યારે એના જીવનમાં જે કોઈ દિવ્ય, રમ્ય અને ભવ્ય જે એક બલિહારી પ્રગટે છે, તેવી વ્યક્ત થયેલી તેના જીવનમાંની બલિહારી અને તેવા જીવનના ઊર્ધ્વ પ્રદેશના અનુભવમાંથી પ્રગટેલી જે સૌરભ તે એનાથી વ્યક્ત થયા વિના રહી શકતી નથી. તે ભાવે જ 'ચરણરજ'ની પ્રસાદીનો' તે ખંડમાં મેં જે ભજનો લલકાર્યાં છે, તેમાં આ ચરણરજ વિશેની હકીકત આપોઆપ આલેખાઈ છે. જીવનવિકાસના શ્રેયાર્થીને નમ્રમાં નમ્ર, છેલ્લામાં છેલ્લી હદનું કે જે તે બધું અક્કલ હોશિયારીનું અનેક જાતનું ઘણું બધું કર્મ કર્યાં કરતો હોય, તેમ છતાં તે સાવ ભોટ જેવો લાગે અને તેવું તેને ઉપનામ મળે તેવું પ્રત્યક્ષપણે તેને નમ્રતાની છેલ્લે સુધીની હદ જેવી કક્ષામાં અનુભવમાં પ્રત્યક્ષપણે જીવતુંજાગતું તેના જીવનમાં ખડું થયેલું હોવું જોઈએ. 'અહમ્'ને મોળું પાડવાનો આ એકમાં એક જ ઉત્તમમાં ઉત્તમ રચનાત્મક માર્ગ છે. 'અહમ્'ને **શ્રીહરિ**કૃપાથી આ રીતે જ મોળું પાડવાનું બની શક્યું છે. આવી રીતે જ્યારે જ્ઞાનભક્તિપૂર્વકની છેલ્લામાં છેલ્લી નમ્રતા કેળવાઈ ગયેલી હોય છે-એટલે કે તે ભૂમિકામાં 'અહમ્' સાવ છેક મોળું પડી ગયેલું હોય છે-ત્યારે જ જીવનવિકાસના ઊર્ધ્વ પ્રદેશની ભૂમિકામાં પ્રવેશવાની આપણને નરી સરળતા પ્રાપ્ત થતી હોય છે. નમ્રતાની ઉત્તમમાં ઉત્તમ કક્ષાની છેલ્લી કક્ષાની કેળવણી પ્રાપ્ત થતી જતી હોય છે, ત્યારે જ તે તે વિષયના હાર્દમાં સહજમાં સહજ રીતે પ્રવેશ થયા જવાની ભૂમિકા જીવનમાં સાંપડે છે. એવી ભૂમિકા પ્રવેશની લાયકાતવાળી, યોગ્યતાવાળી નમ્રતા અગમ્ય અને અગોચર એવા દિવ્ય અનુભવ પ્રદેશમાં આપણો પ્રવેશ કરાવે છે.

'અહમ્'ના પણ અનેક પ્રકાર છે. ઊર્ધ્વ ભૂમિકામાં પણ 'અહમ્' તો જરૂર છે. છેક છેલ્લામાં છેલ્લી ઊર્ધ્વ પ્રદેશની ભૂમિકામાં જે 'અહમ્'નો પ્રકાર છે, તે પ્રકાર તો દિવ્ય ચેતનાશક્તિનો રણકાર છે અને તેનો તણખો છે. એવા પ્રદેશનો અનુભવી કોઈ અનુભવની લહેરમાં અને લહેરમાં, ભાવના વહેણમાં અને જુસ્સામાં બીજા જીવોને લાગતું એવું 'અહમ્'નું ઉચ્ચારણ કરે છે ખરો, પરંતુ તેમાં જીવદશાના અહમ્નો કોઈ પ્રકાર નથી. તે તો માત્ર ઊર્ધ્વકક્ષામાં પ્રવર્તેલા અનુભવમાંથી પ્રગટેલા ભાવનું માત્ર વ્યક્ત કરણ છે. એવું પણ કોક કોક ભજનમાં **આ જીવ**થી લખાયું છે ખરું.

**'હુકમ'** વિશે મેં ઘણું લખેલું છે. આજના આવા સ્વચ્છંદી અને પ્રપંચી કાળમાં ભણેલાગણેલા કહેવાતા સુધરેલા વર્ગને આ હુકમનું તત્ત્વજ્ઞાન ગળે ઊતરવું મુશ્કેલ છે, પરંતુ જેને ગરજ લાગેલી હોય છે અને જેના તરફથી આપણી ગરજ સફળ થનાર છે, એવું જે જીવને અંતરમાં અંતરથી જીવતુંજાગતું હૃદયમાં હૃદયથી લાગી ગયું હોય છે, તેનું કહ્યું માનવાને આપણે પૂરેપૂરા તત્પર થઈ જતા હોઈએ છીએ, તે તો ઘણાખરાના અનુભવની હકીકત છે. તેવી રીતે હુકમની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. તે સ્થૂળ છે, સૂક્ષ્મ છે અને કારણ સ્વરૂપે પણ છે. ઉચ્ચતમ ભૂમિકાઓમાં પ્રેરણાના સ્વરૂપમાં પણ 'હુકમ' પ્રગટતો હોય છે. એ 'હુકમ'નાં પણ જુદાં જુદાં પાસાંઓને અને તેની જુદી જુદી ભૂમિકાઓનાં રહસ્યોને અને હુકમને કેવા ભાવથી અને જીવનના ધ્યેયની, હેતુની જ્ઞાનભક્તિ-પૂર્વકની સભાનતાથી મેં ઉઠાવેલા છે, અને જીવનની ઊર્ધ્વતમ ભૂમિકાઓમાં મુદ્દલે સંકલ્પ વિકલ્પ વિના પ્રેમભક્તિપૂર્વકના હુકમનું પાલન કરેલું છે અને હુકમના પ્રેમભક્તિપૂર્વકના પાલનથી અને હેતુના જ્ઞાનભક્તિપૂર્વકપણે પાલન કરવામાં આવે છે, ત્યારે જીવનની

અનેક પ્રકારની મર્યાદાઓને ઓળંગી દેવાને માટે 'હુકમ' એ સમર્થમાં સમર્થ સાધન છે. શ્રીપ્રભુકૃપાથી **આ જીવે** તેવું તારવેલું છે અને 'હુકમ'ને જુદી જુદી ચોપડીઓમાં મારા હૃદયના સચોટ ભાવથી **એને** મેં ગાયો છે.

'ખીલેલા પુષ્પની વ્યક્ત થતી સુવાસ ખુમારી તે જેમ કરોડાધિપતિને લક્ષ્મીનો એક પ્રકારનો મદ હોય છે, બલકે જન્મે છે, અને તે તેના વર્તનમાં કોઈક વાર પ્રત્યક્ષ દેખા દે છે, તેવી જ રીતે અનુભવના પ્રદેશમાં સંપૂર્ણપણે ખીલેલા એવા અનુભવાર્થીને જે અનુભવ થાય છે, તેની પણ કોઈ અલૌકિક ન્યારી ન્યારી, અનેરી ભવ્ય ખુમારી હોય છે. અને તે ખુમારીનો મદ પણ કોઈ અનોખા પ્રકારનો છે. અનુભવના એવા મસ્ત ઉછાળામાં કોઈક કોઈક વાર અનુભવીના દિલમાં તેવી ખુમારીનો નશો જરૂર પ્રગટે છે. અને તે ખુમારીનો નશો તેનાં નયન ઉપર, તેના મુખ ઉપર, તેના હાવભાવમાં અને તેના વર્તનમાં પણ અને તેની બોલીમાં પણ પ્રત્યક્ષ વર્તાયા વિના રહી શકતો નથી. એવી ખુમારી વિશે પણ **શ્રીહરિ**કૃપાથી ગાવાનું બન્યું છે. એવા અનુભવ જીવનની ખુમારી એ તો ખીલેલા પુષ્પમાંથી વ્યક્ત થતી સુવાસના જેવી છે. તેવી ખુમારી વિશે બે ત્રણ ચોપડીઓમાં લખાયેલું છે, અને આ **'જીવનરસાયણ'**માં પણ ૧૭-૧૮ ભજનો છે. એ ખુમારી કેવી હોય, તેનાં લક્ષણ, તેની સમજણ તથા તેની ઝલક અને ખુમારી વિશેની વ્યાખ્યા પણ તે તે પ્રકારનાં ભજનોમાં **શ્રીહરિ**કૃપાથી સમજાવવાનું બની શક્યું છે.'

**આ જીવે શ્રીહરિ**કૃપાથી ગરીબી અનુભવેલી છે. ગરીબાઈનાં ત્રાસ, હેરાનગતિ, અન્યાય, અપમાન વગેરે પ્રત્યક્ષપણે અનુભવ્યું છે. તેથી, ગરીબાઈથી ઊંચે પ્રગટવાનો અથવા તો જીવનમાં એવી

પરિસ્થિતિ પ્રાપ્ત કરવી કે ત્યારે બધાં આપણને નમે, કોઈની અન્યાય કરવાની હિંમત જ ન ચાલે, એવી સ્થિતિ મેળવવાનો દૃઢ નિરધાર **શ્રીહરિ**કૃપાથી થયો હતો. તેવા જીવનની ગરીબાઈની હકીકતો અને તેમાંથી ઊંચે ચઢવાનો ઈરાદો તે વિશે પણ ગરીબી વિશેનાં ભજનોમાં જરૂર લખાયું છે.

જીવનના સાધનાકાળમાં શ્રેયાર્થીએ જે તે બધાં કર્મ પ્રભુપ્રીત્યર્થે કર્યે જવાનાં હોય છે અને અનુભવની દશામાં **શ્રીહરિ**ને પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વક સંતોષ પ્રેરવવા કાજે તેનાં સકળ કર્મ એ એક યજ્ઞની પરંપરા જેવાં છે. ભક્તનાં સકળ કર્મ એક યજ્ઞ છે. યજ્ઞની પ્રત્યેક ભૂમિકામાં યજ્ઞના હેતુની ભાવનાની ધારણા-જ્ઞાનભક્તિપૂર્વકની સભાનતા-શ્રેયાર્થીને ત્યારે ત્યારે એનામાં જીવતીજાગતી જ્વલંતપણે પ્રગટેલી રહ્યા કરેલી હોવી જ જોઈશે. જીવનવિકાસ શ્રેયાર્થીને જીવનના ઊર્ધ્વ પ્રદેશમાં ચઢવાને કાજે પણ જે કર્મ છે, તે કર્મ પણ શહાદતનો, સમર્પણનો અને ફનાગીરીનો પ્રેમભક્તિપૂર્વકનો એક પ્રકારનો તે જ્વલંત યજ્ઞ જ છે. આમ, યજ્ઞની પરંપરા તો આદિ અનાદિથી જીવંત ચાલી આવ્યા કરેલી છે. એવો ચેતનનો યજ્ઞ અસ્ખલિત અને અખંડિત છે. તેથી, અનુભવીનાં સકળ કર્મ પણ ઉપર લખ્યા પ્રમાણેના યજ્ઞનાં જ કર્મ છે. ચેતનનું પણ જેમ વ્યક્ત થવાપણું સહજપણે સાકાર થતું રહે છે, તેમ અનુભવીનું પણ હોવું જ ઘટે. અનુભવીના વ્યક્ત થવાના પ્રકાર ભલે જુદા જુદા હોય. અનુભવીને હૃદયમાં જે ચેતનનો રણકાર પ્રગટ્યો છે, તેવો રણકાર તેના હૃદયમાંથી કોઈ ને કોઈ પ્રકારે વ્યક્ત થયા વિના રહી શકતો નથી. અને તેવું વ્યક્ત થવું તે તેના જીવનનો એક દિવ્ય યજ્ઞ જ છે. આના ઉપર પણ **શ્રીહરિ**કૃપાથી મારાથી ભજનો લખાયાં છે. અને તે રીતે વાચકો સ્વીકારે તેવી મારી વિનંતી છે.

જીવનમાં સર્વ કોઈને કંઈક ને કંઈક શીખવું પડે છે. શીખવાને માટે કોઈકની મદદની જરૂર તો રહે છે જ. એ તો અનુભવની હકીકત છે. સ્થૂળ વિદ્યા પણ શીખવાને માટે કોઈ સ્થૂળ શિક્ષકની જરૂર પડે છે, તો આધ્યાત્મિક વિજ્ઞાનની જે એક વિદ્યા છે અને તે વિદ્યા તો સૂક્ષ્મ અને દિવ્ય પ્રદેશની છે, તે ભણવાને માટે તેવા પ્રકારના કોઈ શ્રીસદ્‌ગુરુની જરૂર ખરી જ. એવા શ્રીસદ્‌ગુરુ પાસેથી શીખી લેવાની જે **જીવ**ને હૃદયમાં ઉત્કટમાં ઉત્કટ, પ્રજ્વળતી એવી ગરજ જાગેલી હોય છે અને એવી ગરજ કંઈ વર્તાયા વિના ન રહે, તેવો જ માનવી પેલા શ્રીસદ્‌ગુરુને વળગી શકે. બાકીનાનું કશું ગજું નથી. અને એવા લોક ભલે શ્રીસદ્‌ગુરુ કરે, પરંતુ ગરજ પૂરેપૂરી પાકેલી ન હોય, તો એવા શ્રીસદ્‌ગુરુમાં તે દિલ પ્રવેશી શકતું નથી. શ્રીસદ્‌ગુરુ તેના દિલમાં પણ હોતા નથી. તેની સભાનતા પણ જીવંતપણે તેને પ્રગટેલી રહેતી નથી. તેના થતા જતા પ્રત્યેક કર્મમાં શ્રીસદ્‌ગુરુ હાજરાહજૂર હોઈ શકતા નથી. કર્મમાં જે પ્રકારની પ્રજ્વલંતી, ચેતેલી, જાગૃત ઉત્કટ ધારણા પ્રગટેલી હોય છે, તે પ્રકારનું પરિણામ છે, એટલે જ મેં ગાયું છે કે :-

જીવનપ્રવૃત્તિથી અંતર વણી દઈને જે 'મોટાને',
તમે શો કેટલો ઊંડો હૃદય જીવંત રાખ્યો છે ?

એ તો મેં આપણે જે મેળવવું છે, તેને જો તે રીતે જીવનમાં પ્રત્યક્ષ, જીવનના અનુભવક્ષેત્રમાં પ્રગટ કરાવવાની ધારણા હોય, તો તે તે કર્મમાં આપણે જેને પ્રેમભક્તિપૂર્વક શ્રીસદ્‌ગુરુ સ્વીકારેલા છે, તેને તે રીતે કર્મ કરતી પળે જ પ્રેમભક્તિપૂર્વક આપણે ધારણ કરવાની રહે છે. પ્રત્યેક થતા જતા કર્મમાં એવી જીવંત ધારણા પ્રગટી શકેલી નહિ હોય, અને શ્રીસદ્‌ગુરુને પ્રેમભક્તિપૂર્વક તેવી ગરજના ભાન સાથેનો હૃદયથી ભાવ નીતરતો કાકલૂદીભર્યો સાદ-પોકાર

હૃદયમાં હૃદયથી જો પડાયો હોય, તો તેવી યાદને તેવો પોકાર તે પણ શ્રેયાર્થીના દિલમાં એક મોટો ઉઠાવ જન્માવી શકે છે.

આ **'જીવનરસાયણ'**માં શ્રીસદ્‌ગુરુનાં ભજન મેં પ્રેમથી લલકારેલા છે. એમાં શ્રીસદ્‌ગુરુ પરત્વે મેં જે ભાવથી, જીવનવિકાસની જે સમજણથી, જીવનવિકાસના ધ્યેયના હેતુની સભાનતાથી જે ભજનો ગાયા છે, તે મારા ખરેખરા દિલના ઉદ્‌ગાર છે, તેમાં તે તે ભૂમિકાના રણકાર પણ છે. વળી, શ્રીસદ્‌ગુરુને હું જે રીતે સમજ્યો છું, જીવનમાં જે રીતે મેં ઓતપ્રોત થઈને, એકાકાર થઈને, જ્ઞાનપૂર્વક ભક્તિથી શ્રીસદ્‌ગુરુમાં મળી, હળી, ભળી અને ભક્તિથી ગળી જઈને જે એનામાં, હૃદયમાં હૃદયથી એકતા અનુભવવાનું બન્યું છે, તેવું બને ત્યારે જ તે સમયની ભૂમિકામાં સ્વીકારાત્મક (Pliable) મુલાયમતા પ્રગટી શકે છે. એવી સ્વીકારાત્મક મુલાયમતા જીવનમાં પ્રગટ્યા સિવાય શ્રેયાર્થીનો વિકાસ શક્ય નથી. એવી મુલાયમતા એટલે સંપૂર્ણ અનાસક્તિ. સર્વ પ્રકારના નિરાગ્રહ, બધા પ્રકારની સમજણ અને ટેવોથી મુક્ત, એવી ભૂમિકા થયેલી હોય, તો જ એવી સ્વીકારાત્મક ભૂમિકા પ્રગટી શકે. અને શ્રીસદ્‌ગુરુ પરત્વેની હૃદયની એવી સમજણ અને દિલની એવી ભાવના એવી મુલાયમતા ઘડાવાને માટે મેં શ્રીસદ્‌ગુરુના 'હુકમ' ઊછળતી, ધગધગતી ભાવની મસ્તીથી જ્ઞાનપૂર્વક પાળ્યા છે, તે હુકમને હું કેવી રીતે સમજ્યો છું અને શી રીતે પાળ્યા છે, તે બધું તે 'હુકમ'નાં ભજનમાં મેં દોહરાવ્યું છે અને લહેરાવ્યું પણ છે. ખરેખરી જાગેલી ગરજ અને જેમાં આપણો નર્યામાં નર્યો અને ઘણામાં ઘણો સ્વાર્થ હોય છે અને જેનાથી કરીને તે સધાવાનો હોય છે, તેનું બધું કહેવું આપણે તુરત સ્વીકારી લઈએ છીએ. આ ઉપરની હકીકત આપણી બુદ્ધિ સ્વીકારી શકે તેવી છે. એમાં અતિશયોક્તિ મુદ્દલે નથી. અને તેથી જ મેં 'હુકમ'

વિશે આ **'જીવનરસાયણ'**માં ગાયેલું છે અને બીજી પ્રકાશિત થયેલી ચોપડીઓમાં પણ ગાયું છે. તે 'હુકમ'ને હું જે રીતે સમજ્યો છું, જે ભાવનાથી અને હેતુની સભાનતાથી ભાવની મસ્તીથી જે પાલન કરેલું છે, હુકમના પાલનમાં મારા હૃદયનો ભાવ ઊછળતો ધોધના જેવો રહેતો તે પણ મેં ગાયું છે. વિકાસને પંથે જવા માગતા હાલના જમાનાના શ્રેયાર્થીઓને કદાચ તે નહિ સમજાય, ગળે પણ નહિ ઊતરે, તેમ છતાં મારા જીવનને ઉત્તમમાં ઉત્તમ ઊર્ધ્વકક્ષાનો અનુભવ થવા માટે 'હુકમ'ને જે રીતે સમજ્યો છું અને પામ્યો છું, તે બધું મેં વિના સંકોચે લખ્યું છે. તે રીતે મને કેટલાક old Tradition-જૂની પ્રણાલિકાનો -હું ઉપાસક છું એમ સમજે છે, પરંતુ જીવનઉપાસનાની બાબતમાં old (જૂનું) કે new (નવું) એવું કશું નથી. જે તે બધું ભાવનાની યથાયોગ્યતા ઉપર અને જીવનધ્યેયના હેતુની જીવંત ઉત્કટ સભાનતા ઉપર રહેલું છે અને એ સભાનતા એ જ જીવન છે. અને એવી સભાનતા **શ્રીહરિ**કૃપાથી રખાઈ છે. જે તે બધામાં વિકાસની યથાયોગ્ય ઉત્કટ સભાનતા ઉપર જ આધાર રહેલો છે અને એવી સભાનતા વિશે સાધકોને લખાયેલા મારા પત્રોમાં અનેક વાર લખાયું છે. તેવા લખાયેલા અનેક પત્રો પુસ્તક આકારે પ્રસિદ્ધ થયેલા છે. એટલે મારા માટે મેં આ નવું ગાયું છે એવું નથી. એ તો પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોમાં એ બધું વિદ્યમાન છે. શ્રીસદ્‌ગુરુ અને હુકમ એ પરસ્પર અવલંબિત જરૂર છે, પરંતુ શ્રીસદ્‌ગુરુની ચેતનાત્મક ભાવની સભાનતાપૂર્વકની ધારણા જે તે બધામાં અત્યંત જરૂરની છે. પ્રભુપ્રીત્યર્થની ભાવના પણ એટલી જ જરૂરની છે, પરંતુ **શ્રીહરિ** તો નિરાકાર છે. તેનું કંઈક જરા જેટલું પ્રતિબિંબ પાડતું સ્વરૂપ તે આ અખિલ બ્રહ્માંડ છે, તે પણ તેનો એક નહિ જેવો અંશ માત્ર,

પરંતુ ચેતનનું જેમ સૂરજનું એક કિરણ તે તેના લાખમાં ભાગ જેટલું ન હોઈ શકે, તેમ છતાં તે સૂરજનો ભાગ તો છે જ. સમુદ્રના કરોડો તરંગો, તેમ છતાં તેમાંનો એક તરંગ એ પણ સમુદ્રનો એક ભાગ જ છે, તેવી જ રીતે જીવનના અનુભવ પ્રદેશની ઉત્તરોત્તર એવી અનુભવ પ્રદેશની ઉચ્ચમાં ઉચ્ચ એવી અગોચર, અગમ્ય, અવર્ણનીય એવી ચેતનની દિવ્ય ભૂમિકાઓની અનુભવની સમજણ લઈને પ્રકાશિત થયેલો એવો શરીરધારી આત્મા તે શ્રીસદ્‌ગુરુ અને તેવો શ્રીસદ્‌ગુરુ તે ચેતનનો અંશ છે. અને એવા શ્રીસદ્‌ગુરુ **હરિ**ના સ્વરૂપને શરૂશરૂમાં તો મેં સાકાર સ્વરૂપે ભક્તિપૂર્વક ભજેલા છે. અને એવા શ્રીસદ્‌ગુરુ અને તેના હુકમને મેં બહુ જ ભાવની મસ્તીથી લલકાર્યો છે.

'અમે જીવન જીવ્યા કેવું જીવનમાં સાક્ષી તેના છે.'

કોક સાધુ હિમાલયની ગુફામાંથી આવી પોતાના જીવનની બધી હકીકત કહે તો તે માત્ર આપણે સાંભળી લેવાનું બને, પરંતુ તેની યથાયોગ્ય સાબિતીની હકીકત પણ આપણને મળી શકે નહિ, પરંતુ મારા જીવનનું તેવું નથી. સ્મરણ કર્યાં કરતો હતો, પ્રાર્થના કરતો હતો,જ્યાં ત્યાં જતાંઆવતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં અને સકળ કર્મ કરતાં કરતાં **આ જીવ** ભજન ગાયા કરતો હતો. અને તે જોનાર આજે પણ જીવતા છે. કર્મ કરતાં કરતાં કેટલીયે વાર ભાવાવસ્થા થઈ જતી તથા છેક સને ૧૯૨૪-'૨૫ની સાલમાં શ્રી ભાઈ સાહેબે (સ્વ. રમણલાલ વસંતલાલ દેસાઈએ) મને કેટલીય વાર ભજન ગાતાં ગાતાં ચરમ ભૂમિકાએ પહોંચેલો તદ્દન શૂન્ય અને સ્તબ્ધ થયેલી દશામાં બેઠેલો જોયેલો છે. અને તે હકીકત **'પ્રણામપ્રલાપ'**ની ચોપડીની પ્રસ્તાવનામાં તેઓશ્રીએ લખેલી પણ છે. આશ્રમમાં બાળકોને ભણાવતો હોઉં, ત્યારે પણ તેવું થઈ ગયેલું કેટલાંકે તો

જરૂર જોયેલું છે. ભયંકરમાં ભયંકર જગ્યાએ જઈને રાત્રે સૂઈ રહેવું એ તો જાણે મારો નિત્યનો ક્રમ. એટલે આ જે બધું મેં ગાયું છે, તે હકીકત મારા જીવનની સાચી ઘટના છે અને તેના સાક્ષી પણ છે.

'હૃદયનો ભાવ જીવનમાં સહુથી શ્રેષ્ઠ ઔષધ છે.'

આધ્યાત્મિક વિજ્ઞાનમય જીવનમાં સૌથી મહત્ત્વનું કશું હોય તો તે ભાવ છે. **શ્રીહરિ**કૃપાથી કોઈકના બેત્રણ વાર 'ભાવ એટલે શું', 'ભાવ એટલે શું' એમ પ્રેમપૂર્વકનું મને પૂછવાનું થતાં **'ભાવ'** ઉપર એક નાનકડી પુસ્તિકા પણ મેં છપાવી છે. જે વાચકને વાંચી જવા ભલામણ છે. જેથી 'ભાવ'ની વાસ્તવિકતાનો સાચો ખ્યાલ વાચકને પ્રગટી શકે. જેમ યોગ્ય અને શ્રેષ્ઠ ઉપયોગથી રોગ મટે, તેવી જ રીતે જીવદશા ટળવાનું ઉત્તમમાં ઉત્તમ અને જીવતું સાધન 'ભાવ' છે. 'ભાવ'ની નિરંતરતા અને ગાઢતા થતાં મનાદિકરણોનું સહજમેળે રૂપાંતર થાય છે અને જે કાંઈ સાધનનો અભ્યાસ કરીએ તેમાં પણ જો 'દિલ' ન હોય તો 'ભાવ' તો જાગે જ ક્યાંથી ?

'**हरि**, **हरि**, બૂમ છો પાડે, ન દિલ તે બૂમ પાછળ છે'

એમ મેં આમાં ગાયું છે. 'દિલ' ની વાત સહુથી મોટી છે. 'દિલ' વિનાનું બધું જ શુષ્ક. ખરેખરી ગરજ, સ્વાર્થ, જ્વાળામુખીની પેઠે ધગધગતી તમન્ના, તેના ઉત્કટ પ્રમાણમાં પ્રગટ્યા વિના, તેમાં 'દિલ' કદી પણ હોઈ શકતું નથી અને 'દિલ' હોય તો જ 'ભાવ' હોઈ શકે. જીવનવિકાસલક્ષી શ્રેયાર્થીના જીવનમાં તેથી 'ભાવ' મહત્ત્વનો છે અને વિકાસ થવામાં 'ભાવ' જ મુખ્યત્વે ભાગ ભજવે છે. 'ભાવ'ના પણ જુદા જુદા પ્રકાર છે, જુદી જુદી કક્ષાઓ છે, અને તેવું જ તેના વ્યક્ત થવાપણામાં પણ પ્રત્યેક ભૂમિકાનો 'ભાવ' પણ જુદો જુદો. 'ભાવ'ની નિરંતરતા હોવા

છતાં તે દેખા દેતો નથી, પરંતુ ભાવનાં જ્યારે પૂર ઊછળે છે, ત્યારે તેમાં મસ્તી ચઢે છે અને એ 'ભાવ'માં મસ્તી પ્રગટે છે, ત્યારે તે 'ભાવ'નું વ્યક્ત લક્ષણ તો ખુમારી છે. એવા ભક્ત જીવનની ખુમારીને સંસારી લોક યોગ્ય રીતે નહિ સમજી શકે એવું મને લાગે છે. કેટલાય લોકોને મેં 'આ તો ભારે અભિમાની છે', એમ કહેતાં મેં જાતોજાત સાંભળેલા છે. જ્યાં ઊછળતા 'ભાવ'નો ધોધ છે. ત્યાં 'ખુમારી' છે જ. જ્યાં સૂર્ય ઊગે છે, ત્યાં પ્રકાશ છે જ. તેવું જ 'ભાવ'નું અને 'ખુમારી'નું લક્ષણ છે.

છેલ્લું છેલ્લું મેં 'સ્વજનોને સંબોધન' કરીને કેટલાંક ભજન ગાયેલાં છે અને તે પણ હકીકતરૂપે છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **- મોટા**

તા. ૨૨-૨-૧૯૭૨

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પહેલી આવૃત્તિ)

આ **'જીવનરસાયણ'**નાં બસોએક ભજન શ્રી નાગજીભાઈ રામદાસ પટેલે પોતાના સ્વહસ્તે સુંદર અક્ષરોમાં ઉતારી આપ્યાં છે. તેમના હાથના અક્ષર-મરોડ એટલા તો સુંદર છે કે ફરીથી તેમને આવું કામ આપવાનું મન જરૂર થઈ જ જાય. અને જો તેઓ સંમત થશે તો બીજાં ભજનો ઉતારવાનું કામ તેમને જરૂર આપીશું ખરા. બાકીનાં બીજાં બધાં ભજનો ભાઈશ્રી સોમાભાઈ ભાવસારે ઉતારેલાં છે.

આ બધાં ભજનોનું વર્ગીકરણ ભાઈશ્રી સોમાભાઈએ કર્યું છે અને તેના ખંડ પાડ્યા છે. પ્રત્યેક ખંડમાં ભાવના અનુક્રમ પ્રમાણે ભજન ગોઠવવાનો તેમણે પ્રયાસ પણ કર્યો છે. પ્રેસમાં છાપવા આપવા માટે પુસ્તકની યથાયોગ્ય પૂર્ણ સામગ્રી હોવી ઘટે તે રીતે આ **'જીવનરસાયણ'**ને પરિપૂર્ણ કરી છાપવા આપવા માટેની હસ્તપ્રત તૈયાર કરવા સુધીનું કામ તેમણે કર્યું છે. તે તો અમારા પોતાના જ છે, ત્યાં ભાવ કે આભાર કોણ કોનો માને ?

શ્રી નાગજીભાઈ રામદાસ પટેલનો આભાર તો જરૂર માનવો ઘટે, પરંતુ શ્રીમોટાને માટે તેમના દિલમાં એટલી બધી લાગણી અને ભાવના છે, અને તે બંને જ્યારે પ્રત્યક્ષ હાજર હોય ત્યારે શ્રી નાગજીભાઈની શ્રીમોટા પરત્વેની ભાવના વર્તાયા વિના રહેતી નથી. એટલે તેમનો આભાર માનું તે તેમને નહિ ગમે.

આ **'જીવનરસાયણ'**ના પ્રકાશનનો બધો ખર્ચ એક સદ્‌ગૃહસ્થે આપ્યો છે. તેમણે શ્રીમોટાનો સંકલ્પ ફળાવવાને માટે ઘણી મદદ

કરી છે અને અવારનવાર કરે છે. તેમનો હૃદયથી આભાર માનવાનું તો ઘણું દિલ થઈ જાય છે, આપોઆપ દિલથી તો તે મનાઈ જાય છે, એવું હોવા છતાં પણ તે ભાઈને કદાચ તે ન ગમે અને તેમની હૃદયની ભાવના દુભાય તેથી રૂઢિગત તેમનો 'હૃદય'થી આભાર માનું છું, તેવું જાણી જોઈને લખતો નથી.

વળી, આ **'જીવનરસાયણ'**ની બધી નકલો વેચી આપવાનું જેમણે પ્રેમથી સ્વીકાર્યું છે, તે તો અમારે માટે બહુ સારી વાત થઈ. આ પુસ્તકના વેચાણની રકમ તે કોઈ અંગત માલિકીની નથી અને તે રકમ પૂરેપૂરી સત્કાર્યોમાં વપરાતી હોય છે. તેઓશ્રીએ આ પુસ્તક વેચી આપવાનું કામ માથે લીધું, તે અમારે માટે મોટી સરળતાવાળી વાત બની ગઈ.

મેસર્સ લાઈટ પબ્લિકેશન્સ લિમિટેડે આ પુસ્તક છાપવાનું કામ ખંત, ઉત્સાહ અને કાળજીપૂર્વક કરી આપ્યું છે, તે માટે તેમના ઘણા ઘણા આભારી છીએ.

તા. ૧-૩-૧૯૭૨

**નંદુભાઈ શાહ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
હરિ:ૐ આશ્રમ, નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ સને ૧૯૭૬માં સ્વેચ્છાએ દેહત્યાગ કર્યો એના પહેલાંનાં વર્ષોમાં એટલે કે તેમના દેહની હયાતીના છેલ્લા તબક્કામાં તેમના દેહમાં અનેક રોગોએ સ્થાન લઈ લીધું હતું. એવા કાળમાં પૂજ્ય શ્રીમોટા જેને જોડકણાં કહેતાં એવું મૌલિક સર્જન તેમનાથી થયું. આવું સર્જન તેઓશ્રીના શરીરને રાહત આપનાર નીવડતું હતું.

આવી રચનાઓ જે થતી રહી તેમાં **'જીવનરસાયણ'**ની સને ૧૯૭૨માં પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયું હતું, તે પછી લગભગ સાડા ત્રણ દાયકા બાદ તેની બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી અને ચોકસાઈપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

તા. ૨૪-૧૧-૨૦૦૭ **ટ્રસ્ટીમંડળ,**
દેવદિવાળી, સંવત ૨૦૬૪ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ખંડ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | 'સ્મરણ' તો સર્વશ્રેષ્ઠ જ છે ! | ૧-૬૮ |
| ૨ | 'ચરણરજ'ની પ્રસાદીનો... | ૬૯-૯૬ |
| ૩ | 'હુકમ' પરમાત્મ શક્તિનો | ૯૭-૧૧૪ |
| ૪ | 'ખુમારી' તો **हरि**ની છે. | ૧૧૫-૧૩૪ |
| ૫ | 'ગરીબી' વહાલી પ્રભુને જે | ૧૩૫-૧૫૨ |
| ૬ | 'જીવન પરમાર્થ'નો યજ્ઞ | ૧૫૩-૧૭૦ |
| ૭ | 'અનંત હારમાળાઓ' | ૧૭૧-૨૧૨ |
| ૮ | 'કરી યાહોમ કૂદી જે ઝુકાવે' | ૨૧૩-૨૩૨ |
| ૯ | અમે જીવન જીવ્યા કેવું... | ૨૩૩-૨૫૪ |
| ૧૦ | જણાયો 'સદ્‌ગુરુ મહિમા' | ૨૫૫-૨૭૨ |
| ૧૧ | હૃદયનો ભાવ શ્રેષ્ઠ ઔષધ છે. | ૨૭૩-૨૯૨ |
| ૧૨ | સ્વજનોને સંબોધન | ૨૯૩-૩૧૬ |


❑

જીવનરસાયણ

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**


‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

**- શ્રીમોટા**

હરિઃૐ

## ખંડ - ૧

# 'સ્મરણ' તો સર્વશ્રેષ્ઠ જ છે !



સ્મરણ આ જિંદગાનીનું રહસ્ય ગૂઢ બતાવીને
-જીવનને તારવા કાજે સ્મરણસાધન ખરેખર છે.

હરિઃૐ

# સ્મરણનો પંથ પકડાવી

જીવનને જાણતો નહોતો, શું યદ્વાતદ્વા ચલવ્યું છે !
હરાયા ઢોરની પેઠે ચરી ખાધેલ જે તે છે.

ઘણા પછડાટ ખાધા છે, ભૂલો ભૂંડી કરેલી છે,
ઘણું રખડાયું આડું છે, ઊંધે ચીલે ચલાયું છે.

બહુ ખત્તા જ ખાધા છે, છતાં ના ભાન જાગ્યું છે,
સ્મરણનો પંથ પકડાવી મને રસ્તે ચઢાવ્યો છે.

હવે સંભાળ જીવનની બધી લેવાની તત્પરતા
-જગાડીને હૃદય, મુજ પર કૃપા તેં શી કરેલી ત્યાં !

હરિઃૐ

## સ્મરણ અભ્યાસને પંથે

ઊંધું ઘાલી કરી ચાલ્યા, જીવન ગૂંગળાવી માર્યું છે,
કૃપાની શી પ્રસાદી કે ઊંચું જીવવાનું ધાર્યું છે !

સ્મરણ અભ્યાસને પંથે કુનેહે શો ચઢાવીને
-જીવન પ્રત્યેનું દિલભાન ઊંડું ઊંડું જગાડ્યું છે !

હૃદય તે જાગતાં ભાને સફાળો તો ઉઠાડ્યો છે,
ઉઠાડીને સતત કરવા જીવનકર્મે જ પ્રેર્યો છે.

જીવનનાં કર્મને ફળવા હૃદયની બળતી જિજ્ઞાસા
-શી ઉત્તરોત્તર જલાવીને કર્યો છે શો મને ચલવ્યા !

હરિઃૐ

## સ્મરણથી ધૂન લાગે છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણથી ધૂન લાગે છે,
પ્રતાપે ધૂનની તેવી હૃદય મગ્ન થવાયે છે.

ખરેખરી મગ્નતાથી તે, હૃદય લીનતા જ વ્યાપે છે,
અને એ લીનતા સમયે ન કૈં **जीव**વૃત્તિ ઊઠે છે.

જીવનમાં એટલી વાર પ્રકૃતિ ગૌણ પોતે છે,
શું વારંવાર તે બનતાં **पुरुष** અંતરનો જાગે છે !

**पुरुष**ના જાગવાથી તે વિકાસક કર્મ જીવનનું,
સ્વયંમેળે ઊગી, ફૂટી ઝપાટાભેર શું ફળતું !

હરિઃૐ

## સ્મરણલગની થતાં પૂર્ણ

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેવાનું ઊગ્યું છે,
ગયું તે જેમ લેવાયા, સ્મરણ સ્પંદન સ્ફુરેલું છે.

સ્મરણ સ્પંદનતણાં મોજાંતણું સાતત્ય આધારે
-થતાં, ત્યાં ભાવ સંપૂર્ણ શું ફોરાવા જ મંડ્યો છે !

પ્રવર્તતું ભાવ સામ્રાજ્ય પછીથી સર્વ આધારે,
બધી કામાદિ વૃત્તિઓ ઊઠે તેવી પળે ના તે.

સ્મરણલગની થતાં પૂર્ણ શું અંતર્મુખ થવાતું છે !
પછીથી ભાવ ઘૂંટાતા રહે અંતર ઊંડે ઊંડે.

હરિ:ૐ

## સ્મરણનો પાસ લાગ્યો છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણનો પાસ લાગ્યો છે,
હૃદય એ પાસને લીધે પ્રફુલ્લિત દિલ થયેલું છે.

થવાતાં દિલ પ્રફુલ્લિત, શી જાગી પ્રસન્નતા દિલ જે !
શું પ્રસન્નતાની સંગાથે બધું જે તે જ ખીલ્યું છે !

હૃદય પ્રસરાતાં શો સૂક્ષ્મ શું મુશ્કુરાટ જીવનમાં !
ઊઠે સૌ મઘમઘી જે તે, જીવનફોરમ અનેરી છે.

જીવનકથની બધી જે તે નિવેદું છું ચરણકમળે,
થતું કંઈ આડુંઅવળું જ્યાં કરું દિલ પ્રાર્થના તુજ.

હરિઃૐ

## સ્મરણમાં લગની લાગી છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેતું થવાયું છે,
સ્મરણ લેતું રહેવાથી, સ્મરણમાં લગની લાગી છે.

લગનથી દિલમાં ઊંડી થઈ એકાગ્રતા શી જે !
હૃદય એકાગ્રતાથી તે શું અંતર્મુખ થવાયું છે !

થવાતાં દિલ અંતર્મુખ હૃદયમાં એકધારું તે
-જીવંતા ધ્યેયની પ્રત્યે, સતત ત્યાં લક્ષ શું રહે છે !

સતત તે લક્ષના ભાને હૃદય જીવતું ટકાયું છે,
શી તીવ્ર સભાનતાએ તે નિવેડો લાવી દીધો છે !

હરિ:ૐ

## સ્મરણ લેતાં થવાયું છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેતાં થવાયું છે,
સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ અભ્યાસ પડિયો છે.

સ્મરણ અભ્યાસ જીવંતો જીવનમાં તે હ્રદય બનતાં,
વિકાસે વેગ પકડીને ધપાવા માંડ્યું કેવું ત્યાં !

ધપાતાં તે જવાવામાં હ્રદય મસ્ત થયેલું છે,
હ્રદય તે મસ્તીની ધૂને કપાયો પંથ કેવોયે !

ભલે મુશ્કેલીઓ ભારે પથે ત્યાં કેવી આવી છે !
છતાં ત્યાં મસ્તીની ધૂનથી પરોવાયું ન લક્ષ જ છે.

બધા અવરોધ, મુશ્કેલી પથે મળતાં હ્રદય ત્યારે
-હ્રદય તે મસ્તીની ધૂનથી શું ઓળંગાયું તો તે તે !

હરિઃૐ

# સ્મરણથી તે જીવનરોનક

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેતાં થવાયું છે,
સ્મરણ લેવાયા કરવાથી **હરિ**ની યાદગીરી છે.

**હરિ**ની યાદગીરી દિલ સ્મર્યાં કરવાથી ભાવે તે
-થવાથી જીવતી, કેવું સ્મરણ ફોર્યું જ રસ રંગે !

સ્મરણની તે પછી દિલમાં શી રંગત ઑર લાગે છે !
સ્મરણથી મસ્ત રંગાવા જીવન પછી કેવું લાગ્યું છે !

સ્મરણથી તે જીવનરોનક શી ઝળહળતી ખીલેલી છે !
જીવનની એવી રોનક તે ઝલક ઝબકંતી **હરિ**ની છે.

હરિઃૐ

# સ્મરણ લેવું થતાં ઊંડું

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેવું ગમેલું છે,
સ્મરણ લેવું થતાં ઊંડું શું અંતર્મુખ થવાયું છે !

થવાતાં દિલ અંતર્મુખ **હરિ**ની ધારણા વિશે
-રહેવાનું ખરેખર ત્યાં કૃપાથી શું થયેલું છે !

**હરિ**નું ભાન તો દિલમાં જીવંતું જ્યાં સ્ફુરેલું છે,
પછીથી આપમેળે દિલ **હરિ**ના ભાવમાં ખેલે.

પૂરેપૂરું જ તરબોળ **હરિ**થી દિલ જેનું છે,
હૃદય શરણાગતિ પૂર્ણ **હરિ**માં જેની નિશ્ચિંત તે.

**હરિ** પોતે ઉપાડે છે, પછીથી જવાબદારી જે,
હૃદય નિજનો ગણે જેને બધું સંભાળી તેનું લે.

હરિઃૐ

# સ્મરણમાં સ્વાદ લાગ્યાથી

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણમાં સ્વાદ લાગ્યો છે,
સ્મરણમાં સ્વાદ લાગ્યાથી, સ્મરણ દિલ ભાવતું થયું છે.

સ્મરણમાં તાન છૂટ્યું છે, સ્મરણનું ભાન લાગ્યું છે,
હૃદય એકાગ્રતા રસને અનુભવતું થયેલું છે.

ઊંડો ઊંડો ખરેખર દિલ જહીં રસ ઝરતો ટપક્યો છે,
અખંડ તે પછી જ સાધન થયા કરી, જામતું રહ્યું છે.

અખંડ જે જીવનમાં છે, મજા તેની અનુપમ છે,
હૃદય તે રસના ચટકામાં સદાયે મહાલતું રહે છે.

હરિઃૐ

# ગરજ લીધે સ્મરણ કરવું

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેતાં થવાયું છે,
સ્મરણ લેવાનું સાતત્ય થતાં, પોતે જે ફૉર્યું છે.

શરૂ શરૂમાં ગરજ લીધે *સ્મરણ કરવું, સ્વીકાર્યું છે.
સ્મરણના છંદનો હૃદયે થતાં અનુભવ, ગમેલું છે.

સ્મરણની ધૂનના તાલે બરાબર રંગ જામ્યો છે,
ખરેખર તે સમય હૃદયે રસાનંદે ન્હવાયું છે.

જીવનની ગડમથલ સઘળી પૂરી લય પામી શી ગઈ છે !
જીવન નિશ્ચિંતતા વ્યાપી ભર્યું ભર્યું સર્વ લાગે છે.

* શરીરનો ફેફરાનો રોગ મટાડવાની ગરજ.

હરિઃૐ

# કેવું સ્મરણથી ભાન જાગ્યું છે !

સ્મરણ કરતાં, સ્મરણ લેતાં, જીવનમાં આડફંટુંયે
-જવાયું છે, છતાં કેવું સ્મરણથી ભાન જાગ્યું છે !

મને સ્મરણે જગાડ્યો છે, મને બેસાડ્યો પથમાં છે,
વળી કમર કસાવીને મને યુદ્ધે ચઢાવ્યો છે.

કંઈક વાર લથડિયાં શાં બહુ ખાધાં કરેલાં છે !
સ્મરણ અભ્યાસથી પાછી છતી શ્રદ્ધા થયેલી છે.

સ્મરણથી નિત્ય જીવનમાં સ્મરણનો મહાવરો શો તે
-પડેલો, તેથી જીવનની ઊંડી સ્ફુરી જાગૃતિ દિલ છે.

હરિઃૐ

## સ્મરણ ખૂબી અનુભવી છે

સ્મરણ કરતાં, સ્મરણ કરતાં, સ્મરણ લેતું થવાયું છે,
સ્મરણમાં દિલ ભળતાંમાં, સ્મરણ ખૂબી અનુભવી છે.

સ્મરણનો ભક્ત જીવનમાં કૃપાથી તો થયેલો જે,
હવે પુરવાર તે કરવા મને ભઠ્ઠીમાં મૂક્યો છે.

તવાવામાં, તવાવામાં, ભજન લલકારતો રહીને
-તવાવાનું બધું દર્દ શું હળવું તો થયેલું છે !

શરીરના રોગનો હલ્લો કરે ઓચિંતો હુમલોયે,
હૃદયનો ભાવ ચેતેલો કદી લૂલો ન પડવા દે.

હરિઃૐ

## સ્મરણ લેતાં, સ્મરણ લેતાં

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણના શબ્દથી શાં જે
-ઊપજતાં સૂક્ષ્મ આંદોલન, કરે કર્તવ્ય નિજનું તે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ સાતત્ય પ્રગટ્યું છે,
અને આંદોલનો તેનાં સતત પ્રગટ્યાં કરેલાં છે.

સતત આંદોલને સ્પર્શે મડાગાંઠો શી છેદીને
-અભેદ્ય દુર્ગ ભેદીને અનુભવ દેશ ચીંધ્યો છે !

સ્મરણની ધૂન લગનીએ કરેલું કર્મ કેવું તે !
અનુભવીને જ તેની કૈં ગતાગમ છે, ગતાગમ છે.

હરિઃૐ

# સ્મરણ અભ્યાસ પડિયો છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ અભ્યાસ પડિયો છે,
સ્મરણ અભ્યાસ જીવંતો થતાં, લગની શી લાગે છે !

સ્મરણ લગનીનું તો કેવું મીઠું, મધુરું જ આહ્‌લાદક !
હૃદય તે સ્પર્શતું, પાછું બને દિલ પ્રેરણાદાયક.

લગની સાતત્ય આધારે થતાં, દિલ **ભાવ** જાગે છે,
નિરંતર જ્યાં થતાં **ભાવ**, શું **ભાવ**નું મૂળ સ્પર્શે છે !

સળંગ જે નિરંતરનું જીવન પ્રાગટ્ય ફોરે છે,
અનુભવ દિલ ચેતનનો થતો પ્રત્યક્ષ શું રહે છે !

હરિઃૐ

# સ્મરણમાં પ્રીત લાગી છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં પ્રીત લાગી છે,
સ્મરણમાં પ્રીત લાગંતાં, સ્મરણયોગ સધાયો છે.

શું એકાકાર આધારે સ્મરણનો **ભાવ** પ્રસરે છે !
બધાં આધાર ને કરણો શું સંકળાતાં જ ભાવે તે !

પછીથી મસ્ત લગનીનો હૃદયમાં નાદ ગર્જે છે,
અને રણકાર એ નાદે સતત કેવો થતો રહે છે !

સ્મરણના ધૂનની મસ્તી હૃદય એકાગ્રતા પૂર્ણ
-શી પ્રેરાવી ! નીરવતાને પ્રસારી દે જ આધાર.

હરિઃૐ

## સ્મરણનો આશરો લેતાં

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, અજંપો ને અશાંતિ બે
-ઘટી ઘટી, દિલમાં શાંતિ, શું વ્યાપક આપ બનતી છે !

જીવન જ્યાં ગૂંચવાડામાં પડી જતું લાગતું તે છે,
સ્મરણનો આશરો લેતાં હૃદય શી સ્વસ્થતા ઊગે !

બધા આધારમાં ગાઢ પૂરી જ્યાં સ્વસ્થતા જામ્યે,
બધો ઉકેલ ઊગવાની મતિમાં શક્તિ જાગે છે !

પ્રભાવ ગાઢ સંપૂર્ણ સ્મરણનો લાગતાં જીવને
-સરળતા, સ્નિગ્ધતા જન્મી પ્રકાશ પ્રેરતાં રહે તે.

હરિઃૐ

# કૃપાથી સ્મરણના ભાવે

સ્મરણ લેતાં, સ્મરણનો દિલ પડ્યો અભ્યાસ જીવતો તે,
જીવંતા ગાઢ અભ્યાસે મને પંથે ચઢાવ્યો છે.

પથે આગળ જતાં જીવન શી પ્રગટી ભુલભુલવણી તે !
તહીં ગૂંચાઈ પડાઈને, કશો રસ્તો ન સૂઝ્યો છે.

ફર્યો શો ફેરફુદરડી ! રહ્યો છું ઠામનો ઠામ,
છતાં શો ચાલતો લાગું ! પરંતુ ઠેરનો ઠેર.

કૃપાથી સ્મરણના ભાવે, શું ચગવાનું બનેલું છે !
સ્મરણથી આગવાં પગલાં પથે લેવાનું ઊગ્યું છે.

હરિઃૐ

# સ્મરણ સંસાર તરવાને

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણના ભાવથી મુજને,
-ચરણ તારે શરણ ઢળવા જીવનમાં દિલ થયેલું છે.

બધું જે તે ચરણ તારે દઉં પધરાવી પ્રેમે હું,
હૃદયથી દેતાં દેતાં સૌ પ્રસાદી બાકી આરોગું.

યજ્ઞાની તે પ્રસાદીનો રહેલો શેષ જે ભાગ,
અમારો દિલ તે ખોરાક ખરેખર યોગ્ય ને પોષક.

સ્મરણ નાનકડા સાધનથી જીવન સંસારથી તરવા
-હૃદય ઉદ્યત થયેલા શા ! તલસતા મસ્ત હૃદિયામાં.

હરિઃૐ

# સ્મરણની પ્રીતને લટકે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ કેવું ખીલેલું છે !
ખીલેલાનાં મજામસ્તી અનેરાં ઑર કેવાં છે !

ગરજ લીધે સ્મરણમાં તો, શું અક્ષય તેજ પ્રગટ્યું છે !
સ્મરણમાં **પ્રાણ** પ્રગટ્યાથી સ્મરણ જીવતું થયેલું છે.

સ્મરણના રસ અનુભવનો હૃદય લહાવો રસીલો છે,
સ્મરણની પ્રીતને લટકે જીવન પર જાદુ નાખ્યું છે.

સ્મરણ એ જિંદગાનીનો હવે રસ્તો બનેલું છે,
શી ચરણામૃતની ભિક્ષા સ્મરણપાત્રે મળેલી છે !

હરિઃૐ

## સ્મરણથી આડફંટુંયે ચઢી કેવું જવાયું છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણથી આડફંટુંયે
-ચઢી કેવું જવાયું છે ! સમજ તેનીય પડી ના છે.

શી અંધાધૂંધી પ્રગટીને જીવનને ગૂંગળાવ્યું છે !
બધું એ ગૂંગળામણથી થયેલું બહેર મારી છે.

વળી શી મૂઢતા વ્યાપી ગયેલી છે બધી રીતે !
બધી બુદ્ધિતણી સૂઝ ગુમાવાઈ ગયેલી છે.

સ્મરણ પાછું શું ઓચિંતું ફૂટી કેવી રીતે નીકળ્યું ?
સમજવા ના ગયો છું તે, કૃપાથી માન્યું છે જાગ્યું.

હરિઃૐ

## રસ સ્મરણમાં જ્યાં ફૂટેલો છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણનું ભાન જાગ્યું છે,
સ્મરણનું ભાન જીવંતું શું અભ્યાસે જ ઊછળ્યું છે !

સ્મરણ પ્રત્યેનું દિલભાન સતત તેમાં પરોવીને,
મનાદિને ધીમે ધીમે મનાવીને રસાવ્યાં છે.

જીવનમાં એકધારો રસ સ્મરણમાં જ્યાં ફૂટેલો છે,
પછીથી તો ગમે તેવું થતાં, દિલ તે વિશે રહે છે.

નિરંતરના હૃદયભાને ટપકતો ભાવ સ્ફુર્યો છે,
ઊછળતા ભાવથી એવા રહસ્ય ગૂઢ ખીલતું છે.

હરિઃૐ

## સ્મરણ તો ચેતના શક્તિ

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં દિલ લાગ્યું છે,
સ્મરણમાં લાગતાં દિલ, સ્મરણ ફૉર્યાં કરેલું છે.

સ્મરણ ફૉરંતાં દિલમાં તે, સ્મરણની શી ઝલક ઝળકે !
સ્મરણની ખુશબો જીવને ઝળકતી ને ઝબકતી છે.

નિરંતર દિલ સ્મરણ ટકતાં, સ્મરણ બદલાયું પોતે તે,
જુદી જુદી ભૂમિકામાં જુદાં જુદાં કલેવર છે.

સ્મરણનાં જીવને રૂપો અનુભવથી પ્રમાણ્યાં છે,
સ્મરણ તો ચેતના શક્તિતણું તે દિવ્ય પ્રતીક જ છે.

હરિઃૐ

## સ્મરણ થયું ચેતનાત્મક તે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં મુગ્ધતા થઈ છે,
સ્મરણની મુગ્ધતાએ શું કરણ રસવંતાં ખીલ્યાં છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં તાલ ઊપજ્યો છે,
સ્મરણના તાલના ભાને સ્મરણમાં દિલ ભળિયું છે.

સ્મરણ ફાવટ થઈ દિલ જ્યાં, સ્મરણમાં રંગ ફાલ્યો છે,
સ્મરણમાં ઓતપ્રોતે દિલ થયા કર્યું છે જ રસ રંગે.

સ્મરણનું મહાત્મ્ય ને મહિમા, મહત્ત્વ દિલ પિછાણ્યું છે,
સ્મરણ તેથી જ પળપળનું થયેલું ચેતનાત્મક તે.

હરિઃૐ

# સ્મરણની મસ્તીનો ભાવ

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, ગયું લેવાયા કેવું તે !
સ્મરણ પછી આપમેળે તે ગતિ નિજનીથી ચાલ્યું છે.

સ્મરણમાં દિલ તદાકાર, જવાતાં જ્યાં ચઢી ધૂને,
તદાકારે થવાતાંમાં, બીજું સૌ ગૌણ વર્તે છે.

સ્મરણની ધૂનનો તાલ બરાબર જામતો જ્યાં તે,
હૃદયની મસ્તીનો **ભાવ** ખરેખર ખીલતો રહે છે.

ખીલંતા **ભાવ**ની ઉષ્મા બધે આધાર બહાલે છે,
સુવાસે ભાવ આનંદે બધું જે તે જ મહેકે છે.

હરિઃૐ

## છતાં શા યત્ન કીધા છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, મનાદિએ સતત મુજને
-નર્યો પજવી જ પજવીને બહુ હેરાન કીધો છે.

છતાંયે મેં લગન દિલની ન કેમે છોડી દીધી છે,
સતત પાછળ પડી તેની **हरि** પ્રાર્થ્યાં કરેલો છે.

**हरि**નો હાથ ગ્રહવાને હૃદય ભક્તિ લગાડીને,
**हरिसंग** દિલ જોડીને, **हरि** વીનવ્યા કરેલો છે.

નપાવટ સાવ **આ** છોરું, ન તુજ લાયક જરા પણ છે,
ચરણ આળોટવા તોય છતાં શા યત્ન કીધા છે !

હરિઃૐ

# બધાં પલટાય છે આપ

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં દિલ પલાળ્યું છે,
પલળવાથી હૃદયમાં તો પ્રસરવા ભાવ લાગ્યો છે.

પ્રસરતાં ભાવ દિલમાંહે શું અંતર્મુખ થવાતું છે !
થવાતાં તેમ વધુ ગાઢ હૃદય એકાગ્રતા થઈ છે.

મનાદિમાં પ્રસરતી તે જવા લાગી ધીમે ધીમે,
ઊંડે ઊંડે, બહુ ઊંડે, અંતર પ્રસરતી છે.

શી એકાકાર જીવનમાં થતાં એકાગ્રતા પૂર્ણ !
જીવનમાં રૂપ, રસ, રંગ બધાં પલટાય છે આપ.

હરિઃૐ

## ખૂબી એવી સ્મરણની છે

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં લીન થવાયું છે,
હૃદયની લીનતા મુગ્ધ કરે છે મૂળ આધારે.

જીવનની આળપંપાળ પછી કોઈ પ્રકારે તે
-જરા પણ ના કશી રહે છે, ખૂબ એવી સ્મરણની છે.

સ્મરણની દિલ ફાવટ જ્યાં ખરેખર જામતી થઈ છે,
નિરાંતે શી વળેલી છે ! થવાયું રાજી રાજી તે.

સ્મરણનો **ભાવ** સંપૂર્ણ હૃદય જીવંત જામ્યો છે,
જીવન જીવવાનું સદ્‌ભાગ્ય વળી સૌભાગ્ય ભવ્ય જ તે.

હરિઃૐ

## સ્મરણથી ભાવ જાગંતાં

સ્મરણથી **ભાવ** જાગંતાં, જીવનમાં ભાવથી તેવા
-ગુણો શા શા જ પ્રગટેલા, પ્રયોગે શા થયા જીવતા !

શું વપરાતાં ગુણો જીવન, જીવનનું નૂર બઢિયું છે,
ગુણોનુંયે પુનર્જીવન થવા માંડ્યું અનેરું તે.

ગુણોના તે પુનર્જીવન થકી, જીવન ખીલેલું શું !
અનુભવના પ્રયોગોથી થયું સાબિત ખરું તેવું.

ખબરદારી, ટટારી ને ખુમારી દિલ પ્રગટી છે,
પછીથી કૂદકે ભૂસકે જીવનપંથે વધાયું છે.

હરિ:ૐ

# સ્મરણની લત પડતામાં

જીવન અજ્ઞાનમાં કેવું સદા વીત્યા જતું'તું તે,
છતાં કંઈ ભાન સરખુંયે હૃદય જાગ્યું ન તે વિશે.

સ્મરણ લેતો થયો જ્યારે સ્મરણની લત પડતામાં,
-જીવનનું સાચું તો ભાન પ્રગટવા માંડિયું શું ત્યાં !

સ્મરણ લગનીતણી એવી કંઈક ખૂબી કળા શી શી !
-જીવન સાંપડવા લાગી જ્યાં સ્મરણ પછી ઑર ઝળક્યું છે.

સ્મરણથી તો જીવન મરતું પૂરેપૂરું બચેલું છે,
જીવન ઉગારવા ચાવી સ્મરણથી તો મળેલી છે.

હરિઃૐ

## સ્મરણની ખૂબી જીવનમાં

પ્રભુગમનું જીવન જીવવા મતિ એવી મને નહોતી,
કદી પણ ના સૂઝેલું તે, હતી શી સાવ મૂર્ખામી !

શરીરમાં ફેફરુંરોગ પ્રભુ પ્રગટાવીને મુજને,
-સ્મરણ તુજ નામનું કરવા ખરો પ્રેરાવિયો હૃદયે.

હવે જાણું શરીરરોગ હતી તારી કૃપાવર્ષા,
નહિતર મૂર્ખ શી રીતે શક્યો હત તે વળી પદમાં !

સ્મરણની ખૂબી જીવનમાં મને દર્શાવી પ્રત્યક્ષે
-ઊંડો તારા ગમી કેવો હૃદય આકર્ષી લીધો છે !

હરિઃૐ

## સ્મરણમાંથી જ જીવનમાં

હૃદય લત લાગતાં ઊંડી સ્મરણની, તો સ્મરણ હૃદયે
-શું લેવાયા કરાયું છે ! કૃપાની તે કરામત છે.

સ્મરણમાંથી જ જીવનમાં મળેલું પ્રાર્થનાસાધન,
અને એમાંથી સાધન તે મળ્યું છે આત્મનિવેદન.

વળી સત્સંગ, સત્‌સોબત અને પરમાર્થ, સત્કર્મ
-સ્મરણ આદિતણાં સાધન કરાવ્યાં તો થયાં સર્વ.

થતાં સાધનતણું સાચું મહત્ત્વ કૈં ન ઝાઝું છે,
પરંતુ ભાવ તેમાંથી ફળ્યો, સાચું મહત્ત્વ જ તે.

હરિઃૐ

## મનાદિમાં સ્મરણમાં દિલ

સ્મરણનો લાભ જીવનમાં શરૂશરૂમાં ન જાણ્યો છે,
શરીરના રોગને યોગ્ય થવા, સ્મરવું કરેલું તે.

શરીરનો રોગ તે મટતાં કંઈક જાદુ સ્મરણમાં છે,
હૃદયમાં ચોંટતાં તેવું સ્મરણમાં રાગ લાગ્યો છે.

મનાદિમાં સ્મરણમાં દિલ ખરો જ્યાં રાગ લાગ્યો છે,
થવાયું એકરાગે છે, પછીનો રંગ ન્યારો છે.

મથાવાનું જુદી જુદી રીતે કેવું થયેલું છે !
હૃદયની સભાનતા તેથી **हरि** પ્રત્યે સ્ફુરેલી છે.

હરિઃૐ

# સ્મરણ અખંડિત થતાં

હૃદયનો ભાવ કેળવવા સ્મરણનું મુખ્ય સાધન જે
-લઈ લઈને હૃદય પર મેં અતિશય ઝોક દીધો છે.

સ્મરણ એ ઝોકને લીધે શું લેવાયા કરાયું છે !
અખંડિત તે થતાં, હૈયાતણો શો ભાવ ફૂટ્યો છે !

હૃદયના ભાવના રસથી બધી દુનિયા નિરાળી છે,
જગત સંસાર વ્યવહાર **હરિ**ભાવે અનોખો છે.

હૃદયના ભાવના રસથી છલોછલ સૌ રસાયું છે,
જીવન શું તરબતર મસ્ત **હરિ**રસથી છવાયું છે !

હરિઃૐ

## સ્મરણના હાર્દમાં હેતુ

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણની ખુશબો શી જે
-જીવનમાં તે અનુભવતાં ! સ્મરણગાથા ગવાઈ છે.

સ્મરણના હાર્દમાં હેતુ જીવનનો ખૂબ દઢાવીને,
પરત્વે ધ્યેયમાં લક્ષ અમે રાખ્યા કરેલું છે.

સતત એવી રીતે હૃદયે જીવંતું લક્ષ બહાલ્યું છે,
ખુમારી ને ખબરદારી, ટટારી ઑર ફાલ્યાં છે !

જીવન જીવવાતણી લહેજત, જીવન જીવવાનો આનંદ
-હૃદય પડવા જ લાગ્યો છે, નિરંતર શો રસાસ્વાદ !

હરિઃૐ

# કશુંક દૈવત સ્મરણમાં છે

સ્મરણ અભ્યાસ પડતામાં મને દમ નાકે આવ્યો છે,
ગરજ લીધે સ્મરણ કેવું શું લેવાયા કરેલું છે !

ગરજ એવી જગાડી તેં મહત ઉપકાર કીધો છે,
નહિતર હું સ્મરણ શેનો જીવનમાં તો લઈ શકતે ?

સધાતાં સ્વાર્થ, દિલ મુજને 'કશુંક દૈવત સ્મરણમાં છે',
બરાબર બેસતું બંધ હૃદય લાગી ગયેલું તે.

સ્મરણને તેથી વળગીને રહેવાને, સતત મથવા
-તણું દિલ કેવું જાગીને સદા તત્પર થયેલું છે.

હરિ:ૐ

## સ્મરણ તો સર્વશ્રેષ્ઠ જ છે !

**હરિ**નું નામ લેવાને સતત અભ્યાસ પાડ્યો છે,
હૃદય અભ્યાસના જોરે સ્મરણ રસીલું ભજાયું છે.

સ્મરણ લેવા પરે ઝોક હૃદય દીધા કરેલો છે,
મહત્ત્વ દઈ સ્મરણને દિલ સ્મરણ લીધા કરેલું છે.

**હરિ**ની ભાળ **હરિ**કેરા સ્મરણથી જીવને લાધે,
સ્મરણ તેથી જીવન મારે કૃપાથી તો વસેલું છે.

બધાં સાધન વિશે કેવું સ્મરણ તો સર્વશ્રેષ્ઠ જ છે !
સ્મરણથી ભક્તિનો લહાવો અનુપમ ભવ્ય લાધ્યો છે.

હરિઃૐ

# સ્મરણસાધન મળ્યા કેડે

શરૂશરૂમાં જીવનમાં તો બહુ બાથોડિયાં કેવાં
-અનેક જાત ને રીતનાં ઘણાં માર્યાં કરેલાં છે !

ફર્યો રઘવાયેલો કેવો થઈ સૂમસામ શો હૃદયે !
કશું ના ઠામ ઠેકાણું રહેતું'તું જીવન વિશે.

સ્મરણસાધન મળ્યા કેડે પછી તો ઊંધું ઘાલીને
-સતત મંડ્યા કરી કરીને, કંઈક સમજણ ઊગેલી છે.

હૃદય ફૂટેલી સમજણની ખૂબી વર્તન કળાની જે,
ખરો મથનાર શ્રેયાર્થી હૃદય તે એકલો પ્રીછે.

હરિઃૐ

## સ્મરણ વધતાં, સ્મરણ ટકતાં

સ્મરણમાં સાવ ગુલતાન ઊલટભેર દિલ ઉમંગીને
–સ્મરણને હર્ષ ઉન્માદે લીધા કરવું જ રાખ્યું છે.

ઊછળતો  દિલ ઉછરંગ સ્મરણમાં ઑર ફૂટ્યો છે,
સ્મરણ વધતાં, સ્મરણ ટકતાં, સ્મરણ જીવતું થયેલું છે.

હૃદયમાં જે **જીવે**, તેનો રસાનંદ જ અનેરો છે,
હૃદય જે **જીવતું** તેમાં હૃદય શું મસ્ત મહાલે છે !

બહેલાવી હૃદય સ્મરણે, સ્મરણ આધાર ખીલ્યું છે,
સ્મરણમાંથી હૃદય ભાવ **હરિ** પ્રત્યે જ ઊગ્યો છે.

હરિઃૐ

## સ્મરણના ધૂનની તાને

જીવન સામર્થ્યનું ભાથું **હરિ**ચરણે લપાયું છે,
ચરણ પકડી, ચરણ પકડી, **હરિ** સ્મરવાનું રાખ્યું છે.

હૃદય પર સ્મરણની ઝડીઓ પરે ઝડીઓ જ વરસી છે,
સ્મરણના ધૂનની તાને શું અલમસ્ત થવાયું છે.

**હરિ**માં ચિત્ત ચોંટ્યાથી **હરિ**નો ભાવ પ્રગટ્યો છે,
**હરિ**ના ભાવમાં નાહતાં જગત વીસરી જવાયું છે.

પછીથી તો જગત જીવન વિશે **હરિ**ને નિહાળીને
-જગત સાથે રમત રમતાં કશો ના ભેદ ભાળ્યો છે.

હરિઃૐ

## સ્મરણ આધાર જીવનનો

સ્મરણનો ભાવ જાગંતાં મૂળે તે છેક ઊતર્યું છે,
બધું સચરાચરે પોતે સ્મરણ આધાર વ્યાપ્યું છે.

સ્મરણ આધાર જીવનનો, થયું છે એકરસ પોતે,
જુદી જુદી ભૂમિકાનું, જુદું જુદું સ્મરણ શું છે !

ગરજને કારણે મેં તો સ્મરણ લેવાનું રાખ્યું'તું,
સ્મરણ દૈવત પછી કેવું ખરેખરું તે બનેલું શું !

સ્મરણથી ચેતના શક્તિ જીવનમાં શી ખીલે છે તે !
અનુભવતાં જ પ્રત્યક્ષ, ચરણ વારી જવાયું છે.

હરિઃૐ

## સ્મરણ શરૂઆતમાં

પછાડી કેટલી વાર નીચે નાખી દીધેલો છે !
ફરીથી ઊઠવાકેરું કશું ના ભાન જાગ્યું છે.

સ્મરણ તોયે ધીમું ધીમું શું જેવું તેવું ટપકે તે,
જીવનધ્યેય પરત્વેની સમજ શી સળવળેલી છે !

સમજથી જાગૃતિ કંઈક કૃપાથી દિલ જાગીને
-નીચો ઊંચો કરાવીને મને બેઠો કરાવ્યો છે.

પછીથી તો ઉભય કરથી પકડી હિંમત ઊભો થઈને,
ટટારીથી, ખુમારીથી પથે ધપવાનું રાખ્યું છે.

હરિઃૐ

## સ્મરણ અભ્યાસમાંથી તો

સ્મરણ અભ્યાસમાંથી તો, નવું નૂતન સૂઝેલું છે,
હૃદય એકાગ્ર જેમાં છે મળે શું સત્ય તેથી તે !

સતત જેમાં હૃદય પૂર્ણ રમે છે એકધારું તે,
વિષયનું હાર્દ તેવાને મળે તેમાંથી તો નિશ્ચે.

મનન ચિંતવનનું સંપૂર્ણ હૃદય સામ્રાજ્ય જામે છે,
થતાં જ્યાં એકધારું તે શું તેનું જ્ઞાન ફૂટે છે !

સ્મરણથી કેટલા કેવા જીવનમાં **ગુણ** લાધ્યા છે,
સ્મરણ **ए** સદ્‌ગુરુ મૂળે જીવનનો તે થયેલો છે.

હરિઃૐ

# સ્મરણમાં પ્રાણ પ્રગટંતાં

સ્મરણને નિત્ય લેવાનો નિયમ પાકો થયેલો જે,
વિસારે તો કદી એને હૃદય પડવા ન દીધો છે.

'જીવનનું મુખ્ય કર્તવ્ય સતત બસ તે લીધા કરવું',
-જીવનના એ જ કર્તવ્યે ઊંજ્યાં તેલ કરેલું શું ?

હૃદય અભ્યાસ તે પડતાં થયો જે એમ જીવતો તે,
સ્મરણમાં શો અનેરો તો ખરેખર **જીવ** પ્રગટ્યો છે !

સ્મરણમાં **પ્રાણ** પ્રગટંતાં સ્મરણથી શક્તિ ઊગી છે,
જીવન ઉપયોગમાં લેતાં શી શક્તિ તે ફળેલી છે !

હરિઃૐ

## સ્મરણ સાતત્ય કરવાને

સ્મરણને નિત્ય જીવનમાં વણી લેવાનું ધારીને,
-સ્મરણ સાતત્ય કરવાને મથાયા શું કરાયું છે !

મથામણ એકની એક વિષયની જે થતી રહી છે,
હૃદય ચેતવણી પ્રેરીને પરોવાવે વિષયમાં તે.

મથવું એવું બન્યા કરતું, છતાંયે કોણ જાણે કે
-શું બેપરવા બનાયું ને સ્મરણ કેવું ભુલાયું છે !

થતાં બેહાલ જીવનના છતાં ત્યાં ના જગાયું છે,
પરંતુ શી રીતે પાછું સ્મરણ જીવતું થયેલું છે !

હરિઃૐ

## સ્મરણ ઊંચે જ પ્રગટાવે !

થવાતાં એકરાગે દિલ સ્મરણથી જ્યાં જીવન વિશે
-બધા સંકલ્પ વિકલ્પ શું ઘટતા લાગતા દીસે !

થતાં એકાગ્રતા ભાવે બધીયે પ્રાણની વૃત્તિ,
-ઉછાળા મારતી થોભે, ઘડીકભર જાય શી થંભી !

ઉછાળા ભાવના હૃદયે ઊછળતા હો સમગ્રે જ્યાં,
બધાયે તર્કવિતર્ક શમે શંકાય કુશંકા.

હૃદય ભરપૂર જ્યાં ભાવે ભર્યું ભર્યું તે ભરેલું છે,
વિના ભાવ અવર કોઈ ન સંસ્કાર પડે ચિત્તે.

સ્મરણથી આમ જોતાં ને વિચારાતાં ઊંડી રીતે,
જીવનને નિમ્ન કક્ષાથી સ્મરણ ઊંચે જ પ્રગટાવે !

હરિઃૐ

## સ્મરણમાંથી ફળેલો જે વિવેક

ઊંડું ઊંડું જ ઊતરાતાં જવાતાં જ્યમ ગયું અંદર,
ઊંડું અંદરનું દેખાતું શરૂ તે થઈ ગયું અંતર.

બધાં શાં અટપટાં દર્શન થતાં ત્યારે રહે છે જે !
ખરાં લોભામણાં કેવાં શું આકર્ષણ જમાવે છે !

પરંતુ સ્વસ્થતામાંથી વિવેક જે ફળેલો છે,
સુઝાડે યોગ્ય તે માર્ગ, ભલે ભૂલું પડાતું છે.

અનેકેવાર તે રીતે થતી શી ચઢઊતર પંથે !
સ્મરણમાંથી ફળેલો જે વિવેક ત્યાં તરાવે છે.

હરિઃૐ

# નિરંતરના સ્મરણ સ્પર્શે

સ્મરણના ભાવથી કેવું જીવન જીવવું બનેલું છે !
બધું આગળનું પાછળનું વિચારાતાં જણાયું તે.

નિરંતરના સ્મરણ સ્પર્શે સતત તે સ્પર્શ આંદોલન
-કરણની મૂળ પ્રક્રિયા શું બદલાવા મથે અંતર !

જતાં ફેલાઈ આંદોલન અસર શી શી જ ઉપજાવે !
અનુભવથી જ સમજાતાં મહાત્મ્ય તેનું લાગ્યું છે.

મહાત્મ્ય લાગતાં ઊંડું રહસ્ય દિલ અનુભવ્યું તે,
અનુભવતાં, અનુભવતાં, ઊંડું ઊતરાયું અંતર છે.

હરિઃૐ

## સ્મરણમાં ભાવ પ્રગટંતાં

હૃદયના ખંત ઉત્સાહ સ્મરણમાં જ્યાં ભળેલા છે,
હૃદય રંગાવવા લાગ્યું સ્મરણમાં ભાવ ભક્તિએ.

સ્મરણમાં ભાવ પ્રગટંતાં, શું બદલાયો જીવનરસ ને
-જીવનરસનું ખરું કેંદ્ર ગયું મળતું હૃદયમાં તે.

પછી એકાગ્ર કેંદ્રિત જીવનરસના જ મૂળે કેંદ્રે.
-ધીરે ધીરે ગતિથી શું થવાતું ત્યાં જવાયું છે !

જીવન મંજિલ વિશે શિખર અનુભવનાં જુદાં જુદાં
-મળ્યાં કેવાં કરેલાં છે ! મળ્યું શીખવાનું તેથી ત્યાં !

હરિઃૐ

## સ્મરણ લેતો ગયો જેમ

મહાબુડથલ પૂરેપૂરો જીવનમાં શો હતો હું તો !
ન ઝાઝી કંઈ જ અક્કલ દિલ હતી મુજમાં શી ત્યારે તો !

પરંતુ કોણ જાણે શી કરામત કો અકળથી તે !
સ્મરણને પથ ચઢાવીને હૃદય રંગત જમાવી છે !

સ્મરણ લેતો ગયો જેમ સ્મરણ લેવાવા લાગ્યું છે,
શું લેવાવા જ લાગ્યાથી હૃદય તેમાં ભળેલું છે !

હૃદય ભળતાં પૂરું સ્મરણે, સ્મરણ ત્યાં વેશ બદલે છે,
સ્મરણ એવાની શક્તિ શી ! અનુભવી એકલો પ્રીછે.

હરિઃૐ

## સ્મરણના તે પ્રયોગેથી

જીવનમાં ઊર્ધ્વ ધપવામાં ખરેખર **પ્રાણ** ગૂંચવે છે,
અનેકે કેટલાં ફેલાં પથે ઊભાં કરી દે છે !

નવા નૂતન ઊભા કિલ્લા પથે અધવચ કરી દે **તે**,
ખૂંપાવી નિજમાં રાખે જવાવા આગળે ના દે.

અભેદ્ય સૌ દીવાલોને પૂરી તે ભેદવા કાજે,
સ્મરણના તાનથી કેવું અનોખું બળ મળેલું છે !

સ્મરણના તે પ્રયોગેથી અજબ બળ જે મળ્યા કેરો
-થયા કરતો, અનુભવતાં જીવન નવલું ખરે શું તે !

હરિઃૐ

# સ્મરણથી બુદ્ધિમાં શક્તિ

સ્મરણથી બુદ્ધિમાં શક્તિ અનેરી તેજ શી થઈ છે !
વિષય પ્રત્યે અનુરાગી સમૂળી તે થઈ ગઈ છે.

હૃદય એકાગ્ર કેંદ્રિત થતી ચાલી મતિ ધીમે,
વિષયના હાર્દને છોડી હવે ના ક્યાંય ભટકે છે.

સ્ફુરંતા પ્રશ્ન પથ, તેના મતિ ઉકેલ દઈ દે છે,
ભલે છો ગૂંચવાતા, ત્યાં પૂરો સાથ મતિ દે છે.

શિથિલતા બુદ્ધિની હઠતી જતી લાગી સ્મરણથી તે,
પ્રકાશ બુદ્ધિમાં ઊગતાં સ્મરણની લહેરથી શોભે.

હરિઃૐ

# સ્મરણમાં દિલ જ્યાં ખૂંપતાં

ગરજને કારણે માત્ર સ્મરણમાં મેં ઝુકાવ્યું 'તું,
ઝુકાવ્યાથી હૃદય મુજને સ્મરણમાં દિલ ખૂંપ્યું 'તું.

સ્મરણમાં દિલ જ્યાં ખૂંપતાં, જીવનમાં નૂર પ્રગટ્યું છે,
હૃદય એ નૂરથી કેવું સ્મરણ ઝળકી ઊઠેલું છે !

સ્મરણથી ભાન જાગ્યું છે, સજીવન શું થવાયું છે !
–અનુપમ સ્ફૂર્તિ લાધી છે, નવીન જોમ મળેલું છે.

સજીવન દિલ થવાતામાં, જીવનધ્યેય પરત્વે તે
–શી જ્વાળામુખીની જ્વાળા હૃદય અગ્નિ શો ! પ્રગટ્યો છે !

હરિઃૐ

## સ્મરણના ફાયદા શા શા !

'સ્મરણના ફાયદા શા શા !' ઘણાયે લોક પૂછે છે,
ગણાવાથી ન કંઈ લાભ જીવનમાં તે થવાનો છે.

પરંતુ યજ્ઞ પ્રત્યક્ષે જીવન અજમાવવાથી તે,
-ખરા ખોટાતણું માપ પ્રિછાવાનું હૃદય નિશ્ચે.

થતું જે જે બધું, તેમાં જરૂર શ્રદ્ધા રહેલી છે,
વિના શ્રદ્ધા ન કોઈથી શું બનવાનું કશુંયે તે !

કરી યાહોમ સંપૂર્ણ પ્રયોગે ઝંપલાવીને,
સભર યત્ને ઝૂકી પૂર્ણ, પછી પરિણામ નીરખોને.

હરિઃૐ

## સ્મરણની તે પ્રસાદીથી

ગમે તેવો ભલે નાચીજ, છતાં એવો ચરણકમળે,
સ્મરણનો આશરો લઈને શરણ પોતે પડેલો છે.

જરૂર તે આજ કે કાલ જગત સંસાર વમળેથી
-છૂટીને મુક્ત બનવાનો, ન સંશય સહેજ તેમાં છે !

સ્મરણને દિલ લેવાતાં, હૃદય હળવાશ જન્મે છે,
સ્મરણ એ શાંતિમાં ભવ્ય લહેરો શી ઉછાળે છે !

સ્મરણની તે પ્રસાદીથી કંઈક પાપી તરેલા છે,
જગત ઇતિહાસમાં તેવા પ્રસિદ્ધિને શી પામ્યા છે !

હરિ:ૐ

# કંઈક કોઈ પુણ્ય ઉદયથી

સ્મરણ લેવાતણો સ્વાર્થ હૃદય ઉત્કટમાં ઉત્કટ શો
-કંઈક કોઈ પુણ્ય ઉદયથી ઊંડો ઊંડે જ લાગેલો !

ગરજ કે સ્વાર્થ જે વિશે હૃદય ગુલતાન એકાગ્ર,
-થતું રહે આપમેળે તે, શું લાગ્યો તે જીવનસ્વાર્થ !

અનંત હારમાળાઓ જીવનની જે બહુવિધ છે,
બધી તે તે વિશે કેવો સળંગે લગ્ન **हरि** તે છે !

ભૂમિકા સર્વ પ્રત્યેક વિશે શક્તિય જુદી તે,
જુદી જુદી જ શક્તિ તે, બધા દેવો ગણેલા છે.

હરિઃૐ

## સ્મરણ એ તો પતિતજનની

સ્મરણની ધૂન ને ધૂનમાં હૃદય અલમસ્ત શું રહે છે !
સ્મરણનો ભાવ આનંદ, સ્મરણ કરનાર પ્રીછે છે.

સ્મરણ એ તો પતિતજનની શું ઉદ્ધારક શી ગંગા છે !
સ્મરણજળ શું પતિતજનનું જીવન પાવન કરે છે તે !

મહિમા તે સ્મરણકેરો શકું ગાઈ હું શી રીતે !
અછકલામાં, અધૂરામાં સમાઈ શેં શકે દિલ તે !

કૃપા વહાલા **हरि**એ તો શી અપરંપાર કીધી છે !
મને **एणे** નવાજીને શિરે મુજ હાથ મૂક્યો છે.

હરિઃૐ

## સ્મરણના ભક્ત એવા તે

સ્મરણની ધૂન ને ધૂનમાં મતિ, મન, ચિત્ત ને પ્રાણ
-પરોવાઈ રહેવાતાં, બધાં શાં સાવ ગુલતાન !

હૃદય આધારમાં ઊંડો સ્મરણપડઘો પડે છે તે,
સ્મરણ છાયાતણી મુગ્ધ અસર શી પાંગરાવે છે !

સ્મરણનો ભાવ નિરંતર થતાં, રંગાયેલું દિલ જે,
કરણ ભીંજવી દઈ રસથી શું પ્રસરાવે **હરિ**રસ તે !

સ્મરણની સાધના ભાવે થતી જેને હૃદય રહે છે,
સ્મરણના ભક્ત એવાને સ્મરણનું મહાત્મ્ય પ્રગટે છે.

હરિઃૐ

## જીવન રોગતણું ઔષધ સ્મરણ

સ્મરણની ધૂનની ઝડીઓતણો વરસાદ વરસીને
-મને ભીંજવાવી નાખીને હૃદયરસ રેલવેલો છે.

સ્મરણની મસ્તીના ભાવે સ્વભાવ પ્રકૃતિનો જે
-હૃદય રંગાઈ જવાતાંમાં શું પલટાવા જ લાગ્યો છે !

સ્મરણવર્ષાથી ભીંજાઈ જવાતાં દિલ નીતરી તે
-હૃદયનું પારદર્શક તે મને દર્શન થયેલું છે.

પ્રકૃતિના જીવન રોગતણું ઔષધ સ્મરણ પોતે,
જીવનમાં ઉત્તમોત્તમ તે તરવનારું જીવનને છે.

હરિઃૐ

## સ્મરણ અદ્‌ભુત શો કીમિયો !

સ્મરણના ભાવના ટસિયા કંઈક વેળા ફૂટેલા છે,
હૃદય એકાગ્ર તે વેળા થતું મશગૂલ રહેલું છે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ અભ્યાસથી શું તે !
-જીવનમાં ભાત અણકલ્પી શી ચીતરાઈ ઊઠેલી છે !

સ્મરણથી એકના એક વિષયમાં જોતરાતાં તે
-વિષયમાં લીન રહેવાતાં, વિષયનું હાર્દ સ્ફુરે છે.

સ્મરણ અદ્‌ભુત શો કીમિયો ! કરે તૃણનો જ મેરુ તે,
જીવન પ્રત્યક્ષ **આ** તેનો ખરેખર દાખલો શો છે !

હરિઃૐ

## ચમત્કારિક જાદુ છે સ્મરણ !

ચમત્કારિક જાદુ છે સ્મરણ કેવું **હરિ**નું તે !
સ્વરૂપ જે હોય તેનાથી અવર પલટાવી નાખે છે.

સ્મરણ લેતાં, સ્મરણ માત્રા વધ્યા જીવન કરેલી છે,
ફુવારો જોશનો ઊંચો સ્મરણનો શો ઊડેલો છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણ અંકુર ફૂટેલા છે,
પછીથી ફૂટી ફૂટી તે બધે ચોપાસ ફાલ્યા છે.

ઘટા ઘનઘોર જીવનમાં સ્મરણની શી ખીલેલી છે !
નિરાંતે છાંયડે તૃપ્તિ તપેલાને મળેલી છે.

હરિઃૐ

## સ્મરણથી હૃદય સમજણ

સ્મરણમાં આળપંપાળ જીવનની સહુ ઊડી ગઈ છે,
ગરીબનું ચીંથરે બાંધ્યું ખરું નાણું સ્મરણનું તે.

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, જીવનનું ભાન સ્ફુર્યું છે,
જીવનનું ભાન ઊગવાથી જીવનરસ્તો સૂઝેલો છે.

અખંડિત ભાન જીવનનું થવા **એણે** સુઝાડ્યા તે
-પ્રયત્નો ભાનના ભાવે કૃપાથી તો થયેલા છે.

સહજમેળે જીવનમંથન થતાં ઊંડું ઊંડું હૃદયે,
'જીવનપથ ચાલવાનું ક્યાં' હૃદય સમજણ પડેલી છે.

હરિઃૐ

## સ્મરણથી ભક્તિ લાધ્યાથી

સ્મરણમાં ને સ્મરણથી તો સ્મરણની ધૂનની તાને
-સ્મરણનો મસ્ત જીવનમાં નશો કેવો ચઢેલો છે !

નશા એવાથી રગરગમાં, નસેનસમાં જીવનની તે
-લગાતાર બધું મસ્ત સ્મરણભાવે થયેલું છે.

શી એકાગ્રતા જ તે મસ્તપણાની તો નિશાની છે !
શું એકાકાર આધાર સ્મરણરસથી છવાયો છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, **હરિ**નાં તે ચરણકમળે
-સ્મરણથી ભક્તિ લાધ્યાથી શરણ મુજથી ઢળાયું છે.

હરિઃૐ

## સ્મરણ અભ્યાસથી નિષ્ઠા

શું ઊંડું ઊંડું કરવાની જીવન પૃથક્કરણની જે
-પડેલી ટેવ, સ્મરણના તે પૂરા અભ્યાસથી થઈ છે.

સ્મરણ અભ્યાસથી નિષ્ઠા જીવન પ્રગટી ગઈ તેથી
-તટસ્થ દિલ રહેવાતાં, શું પૃથક્કરણ થયેલું છે !

સ્મરણના ધૂનની તાને ભલે એકાગ્ર દિલ બનતું,
છતાં એકાગ્રતાથી તે શું ચંક્રમણ થયેલું છે !

થતાં દિલ ચંક્રમણથી તે જીવનતત્ત્વ વિશે ઊંડું
-રહસ્ય જે રહેલું છે, વિચારાયું જીવનમાં તે.

શું એકનું એક દિલમાંહે મનન ચિંતવન થયેલું જે,
હૃદય એણે બતાવ્યો છે જીવનરાહ ધીમે ડગલે.

હરિઃૐ

## સ્મરણથી ગુણ ને ભાવ

સ્મરણથી દિલ ઊગ્યું કે 'જીવન ભંગાર કેવું છે !'
મરામત તેથી કરવાને હું સજ્જ શો થયેલો જે !

દીવા જેવું બધું સ્પષ્ટ શું દેખાવા જ લાગ્યું છે !
ઊંડું ઊંડું ડોકિયું અંતર લગાવાનું સૂઝેલું છે.

સ્મરણથી આંતરિક બળ તો હૃદય ઊગતું થયેલું છે,
સ્મરણની ભક્તિથી બુદ્ધિ સચેતન શી થતી રહી છે !

સ્મરણથી ગુણ ને ભાવ જીવન બઢતા થયેલા છે,
જીવનમાં શાંતિ ને શાતા, પ્રસન્નતા છવાયાં છે.

હરિઃૐ

# સ્મરણ પંથે હૃદય વળતાં

નર્યા ભંગાર જેવા **આ** જીવનને નીતરાવીને,
ગલીકૂંચીથી વાળીને, પ્રભુ તુજ પંથ દોર્યું છે.

નર્યો સ્વચ્છંદ સહુ વાતે જીવન ચાલ્યા કરેલો જે,
સ્મરણ પંથે હૃદય વળતાં, નિરાંતે જંપ વળિયો છે.

સ્મરણ વહાલા **હરિ**કેરું પ્રતીક કેવું રસીલું છે !
હૃદયમાં ચાંપી ચાંપીને કર્યાં હેત કીધું તેને.

સ્મરણનો ભાવ વિસ્તાર જીવનમાં શો બહુ રીતથી
-થયા પોતે કરેલો છે, અનુભવમાં અનુભવથી.

હરિઃૐ

## સ્મરણ આદિ ભજનકીર્તન

સ્મરણ આદિ ભજનકીર્તન કર્યાં કરતાં, કર્યાં કરતાં,
બીજાં સાધન સ્ફુરેલાં જે ખરાં લાગ્યાં જ છે ખપમાં.

ધીરજ, ઉત્સાહ ને ખંત, પરાક્રમ, હામ, ઉદ્યમ જે
-જીવનમાં ગુણ એવાનો ઉદય કેવો થયેલો છે !


જીવનમાં એકના એક પ્રયત્ને વળગી રહેવાતાં,
શહૂર કેવું ખીલેલું કે શકાયું છે ટકી પથમાં !

અનેકેવાર જીવનમાં પથે હેઠું પડાયું છે,
પડાતાંમાં છતાં યત્ન કદી મૂકી દીધો ના છે.

હરિઃૐ

# ખંડ - ૨

# 'ચરણરજ'ની પ્રસાદીનો...



ચરણરજનીય રજ પોતે થયા વિના પૂરેપૂરાં -**હરિ**ના ભક્ત કોઈ જ ના કદી પણ થઈ જ શકવાનાં.

હરિઃૐ

# ચરણરજની પ્રસાદીનો પ્રતાપ

જીવનમાં મુજ સમા એવા ગરીબની બાંય પકડીને
-તણખલાને કૃપાથી તેં મને કેવો બનાવ્યો છે !

હતી જેની ગણતરી ના, કશો હિસાબ જેનો ના,
કશો વક્કર જગતમાં ના, શું આજે **તે** જ જીવનમાં !

જીવનમાં કંઈક બનવાનું હૃદય જે નેમ તે રીતે
-બધી અડચણની વચ્ચેથી મને **તેં** માર્ગ ચલવ્યો છે.

જીવનમાં ધ્યેય ક્ષિતિજો જુદી જુદી નિહાળી છે,
ક્ષિતિજો તે વિશે મુજને અગાડી શો ધપાવ્યો છે !

કૃપાથી ચરણનો આશ્રય જીવનમાં જે મળેલો છે,
ચરણરજની પ્રસાદીનો પ્રતાપ સર્વ **આ** જે તે.

હરિઃૐ

# ચરણને જ્યારથી જાણ્યા

ચરણને જ્યારથી જાણ્યા 'જીવનબળ પ્રેરનારા તે'
-ચરણની ભક્તિ કરવાનું હૃદયમાં તેથી લાગ્યું છે.

ચરણ એ તો જીવન મંજિલ ચલાવીને ચલાવીને
-પુગવવાને પૂરેપૂરા ખરેખર યોગ્ય સાધન છે.

ચરણને જીવતા કરવા હૃદયમાં ને હૃદયથી તે
-હૃદયના યત્ન કીધા છે, શું વારંવાર જાગીને !

ચરણ હોવા છતાં કેવો પથે ભૂલો પડેલો જે !
ચરણ લીધે પથે પાછો સીધો આવી શકાયું છે.

હરિઃૐ

# ચરણથી ચાલતાં શીખ્યાં

મહામોંઘામૂલી મૂડી ભિખારી આંધળાની જે
-વીંટાળેલી શી ચીંથરામાં ! અમારી તો ચરણ શાં છે !

ચરણથી ચાલતાં શીખ્યાં, ધીરે ધીમેથી ડગ ભરીને,
કદીક સમતુલા જાળવતાં અમોને આવડ્યું ના છે.

પડ્યા છીએ બહુ વેળા, કંઈક વેળાય વાગ્યું છે,
છતાં તે ચાલવા શીખવાતણી લત ના મૂકેલી છે.

સતત તે ચાલવું જારી રહેવાતાં જ, ડગ નિશ્ચળ
-ભરાવાનું હૃદય શિક્ષણ કૃપાથી તો મળેલું છે.

હરિઃૐ

## हरि તારે ભરોંસે છે

જીવન વ્યવહાર સંપૂર્ણ **हरि** તારે ભરોંસે છે,
અવળચંડું થતાં મુજથી **हरि** સંભાળી તું લે છે.

હ્દય નિસ્પૃહતાથી તો કદીક સંભળાવી હું દઉં છું,
છતાં તેવું ન દિલ તે લે, કૃપા એ તો **हरि**ની છે.

જીવનમાં તેં મને શા શા મદદગાર દીધેલા છે !
લીધેલાં કર્મ તો તેથી જીવનમાં સૌ ફળેલાં છે.

ચલાવેલું **हरि**નું સૌ બધું તે તે જ ચાલે છે,
શું ઉત્તમમાં જ ઉત્તમ તે **अहम्** ભળતાં જ બગડે છે.

હરિઃૐ

## મદદગાર ચરણ શાં છે !

ચરણથી તો ચલાયું છે, ચરણથી તો ટકાયું છે,
ચરણને તો લીધે કેવું બધું જે તે સધાયું છે !

ચરણ લીધે બધી જે તે જીવન માટેની મહેનત તે
-કૃપાથી શી થયેલી છે ! જીવન રળતર ચરણથી છે.

ચરણ એ તો જીવનની શી મહામોંઘી જ મૂડી છે !
મૂડી ઉપયોગમાં લઈને શું વ્યાપાર વધાર્યો છે !

ચરણને કારણે માત્ર રહેવાયું ઊભું શું તે !
જીવન ધ્યેયે પુગાવાને મદદગાર ચરણ શાં છે !

હરિઃૐ

## ચરણને પામવા કાજે

જીવનનાં કુરબાની જળ થકી ચરણો પલાળ્યાં છે,
ચરણને પામવા કાજે અમે શું શું કર્યું ના છે !

'હૃદય પ્રસ્થાપવા ચરણો ફના કેવા ઉમળકાએ
-થયા હર્ષે કરેલા તે,' અમારું દિલ જાણે છે.

હૃદય ઓવારી ઓવારી ચરણ તુજ ચૂમવાને જે
-અમારા સર્વ જીવનને અમે ચરણે સમર્પ્યું છે.

ચરણ તે ના ચરણ માત્ર, ચરણ શાં પ્રેમસાગર છે !
હૃદય વહાલા **हरि** કેરાં ચરણ, અમૃતસિંધુ છે.

હરિ:ૐ

## ચરણઆશ્રય ગ્રહેલો છે

હૃદયથી નામ લઈ લઈને ચરણઆશ્રય ગ્રહેલો છે,
ખરે મજબૂત ને સજ્જડ ચરણ પકડેલ કરથી છે.

ન છોડાયા છૂટે હાવાં, ન મુકાયા મુકાયે તે,
ખરેખર ડૂબતાને છે શું બચવાનું જ સાધન તે !

હવે તો તે ચરણ મારા જીવનની બાદશાહી છે !
હૃદય લટ્ટુ થયા પૂરા, ચરણની મસ્ત યારી છે.

ત્યજી પરિણામની આશા, સ્મરણદરિયે ઝુકાવ્યું છે,
હવે તો આર કે પાર નિવેડો આવવાનો છે.

હરિઃૐ

## ચરણમાં લાગતાં પ્રીત

ચરણમાં લાગતાં પ્રીત હૃદયમાં હાર્દ મહોબતનું
-અનુભવમાં શું પ્રગટીને લગાડ્યું દિલમાં કેવું !

હૃદયમાં લાગતાં પ્રીત પ્રિયજનને વિશે ઊંડી,
કંઈ કશી વક્રતા તેયે મધુરી ઑર લાગે છે.

કદીક વક્ર ભલે બોલે, નજર તીરછી ખરેખર તે,
ખરા દિલના પ્રણયકેરી ઈશારત સૂક્ષ્મ કેવી તે !

હૃદયના મસ્ત આશકને ઈશારો તીરછી દૃષ્ટિનો
-મળંતો, ન્યાલ થઈ થઈ શો મલપતો ને મલપતો તે !

હરિઃૐ

## ચૂમ્યા કરવાથી તુજ ચરણો

ગરીબને બાદશાહીની જીવનમાં સાહ્યબી બક્ષી,
જીવનને તરબતર રસથી નવાડ્યો છે ચહી, રક્ષી.

જીવન **આ** ખોખરાં હાંલ્લાં સમું કેવું હતું મુજ તે !
હૃદય તુજ સાચું નીરખાવી જીવન મદમસ્ત મહાલ્યું છે.

નર્યા કાદવ વિશે ઊંડું શું રગદોળાતું જીવન **આ** !
ચૂમ્યા કરવાથી તુજ ચરણો જીવન મહેકી રહ્યું શું ત્યાં !

કૃપા જ્યારે કરે છે તું, શી અઢળક ઢોળતો પ્રેમે !
નિયમ એના ન કોઈ છે, પૂરેપૂરા છતાંયે છે.

હરિ:ૐ

## ચરણ લીધે ટકાયું છે

ચરણને આશરે ધીમે ધીમે ડગ શાં ભરેલાં છે !
કદીક લથડી પડાયું છે, ચરણ લીધે ટકાયું છે !

પથે અડબડિયાં ખાધાં છે, ઝીલી ચરણે જ લીધો છે,
પથે ઠોકર શી ખાધી છે ! પદે પડતો બચાવ્યો છે.

પથે ઊંડી ઊંડી ખીણો, હિમાલય ટોચ સમ શિખર
-પથે આવી ચઢેલાં ત્યાં, ચરણ ત્યાં કામ લાગ્યાં છે.

જીવન અટવિ વિશે કેવાં ભયંકર વિઘ્ન આવ્યાં છે !
મહામુશ્કેલીથી જંગલ ચરણથી તો વટાવ્યાં છે.

હરિઃૐ

## ચરણના ભક્તિ આશ્રયથી

ચરણને દિલ ભક્તિથી જીવનમાં સ્થાપિયાં શાં છે !
**हरि**ના ભાવની દિવ્ય પવનની પાવડી તે છે.

કદીક ઊંચે ઉડાયું છે, કદીક નીચે પડાયું છે,
ગમે તેવી દશામાંયે ચરણને સાહી રાખ્યાં છે.

જીવાદોરી હવે મારા જીવનની તો ચરણ શાં છે !
કદીયે છોડવાનું તે ભૂલેચૂકે કર્યું ના છે.

શી અંધાધૂંધી જીવનમાં કદીક ઓચિંતી પ્રગટી છે !
અને અંધારપિછોડો જીવન ઓરાઢી દીધો છે.

ચરણના ભક્તિ આશ્રયથી ટકી રહેવાયું છે પંથે,
બધું અંધાર અજ્ઞાન કૃપાથી શું ટળેલું છે !

હરિઃૐ

# દીવાદાંડી ચરણ મુજને

જીવનમાં કેવું કેવું તે ગબડી ગબડી જવાતું છે !
ગબડવાથી જ બચવાને ચરણને સાહી રાખ્યાં છે !

બહુ પછડાટ જીવનમાં અનેકેવાર ખાધા છે,
છતાં દિલની ચરણભક્તિ થકી કેવું બચાયું છે !

જીવન સંસારના કર્દમ વિશે કેવું ખૂંપાતાંમાં
-ચરણનો આશરો મળતાં, ટકાયું છે જ ત્યાં બચતાં.

જીવન સંસારના દરિયે દીવાદાંડી ચરણ મુજને,
કદીક અથડાઈ, પછડાતાં ચરણ સામે જ શાં ત્યાં છે !

હરિઃૐ

## ચરણને તો હૃદય સમજ્યો

જીવનનાં ઊર્ધ્વ પગલાંની ઉપર ચઢવાની નિસરણી
-ચરણ વહાલા **હરિ**કેરાં મળી કૃપાપ્રસાદી શી !

ઊછળતા દિલ ભાવેથી ચરણ અભિષેક કીધો છે,
ચરણ પધરાવતાં દિલમાં તપશ્ચર્યા થયેલી છે.

ચરણને તો પ્રતીકરૂપે હૃદયમાં ધારી ધારીને
-જીવનહેતુ ફળવવાને ભજ્યા કેવા કરેલા છે !

ચરણને તો હૃદય સમજ્યો, જીવનનું કેંદ્ર બિંદુ તે,
શમાવાતાં જીવન તેમાં, વહેતું શું થયેલું છે !

હરિઃૐ

# ચરણ ચેતનનું લક્ષણ છે

ચરણને પકડી વળગીને જીવન જીવવા કરેલું છે,
ચરણ સ્તવતાં, ચરણ સ્તવતાં, ચરણનું મહાત્મ્ય લાધ્યું છે.

ચરણની ભક્તિથી સાવ નર્યું ભંગાર જેવું તે
-જીવન **આ**, શી સભરતાથી ભર્યું ભર્યું દિલ લાગે છે !

અમારે જીવવા વારો શું સુંદરમાં જ સુંદર તે
-ચરણસેવાથી જીવનમાં ખરેખર ભવ્ય આવ્યો છે !

ચરણ તે ના ચરણ માત્ર, ચરણ તો ચેતનાનું તે
-શું જીવતુંજાગતું વ્યક્ત છૂપું પ્રત્યક્ષ લક્ષણ છે !

હરિઃૐ

# ચરણ ભક્તિતણો મહિમા

ભિખારીની મૂડી જેવાં ચરણ મારે જીવનમાં છે,
રળી ખાવા બધું જે તે ચરણ વ્યાપાર મારો છે.

જીવનમાં લક્ષ્મી ને શક્તિ ચરણસેવાથી મળિયાં છે,
અશક્ય શક્ય જીવનમાં ચરણસેવાથી લાધ્યું છે.

જીવનમાં ચઢઊતર કેવી ! ઊથલપાથલ થઈ ગઈ છે,
છતાં પાછું શું નવસર્જન ખીલ્યાં, ફૉર્યાં કરેલું છે.

ચરણ ભક્તિતણો મહિમા શું અપરંપાર જબ્બર છે !
મહિમા મૂર્ત પ્રત્યક્ષ જીવન કેવો થયેલો છે !

હરિ:ૐ

# ચરણભક્તિથી જીવનમાં

ચરણ દિલ સાંપડેલા છે, ચરણ દિલ નાંગરેલા છે,
ચરણ દિલ પાંગરેલા છે, ચરણ પમરાયેલા દિલ છે.

ચરણભક્તિથી જીવનમાં હૃદય નિરાંત લાગી છે,
હૃદય અસ્તિત્વનો ભાવ ખરેખર મસ્ત ફોર્યો છે.

હૃદય હોવાતણું ભાન શું ચેતનવંતું જાગ્યું છે !
હૃદય જીવંતી એ ભાને શી તીવ્ર સભાનતાયે છે !

નસેનસ, રોમરોમેયે શું પોતે શો બિરાજ્યો છે !
બધે સામ્રાજ્ય વ્યાપેલું અનુભવતાં જ આનંદ છે.

હરિઃૐ

## ચરણ ત્યાં કામ લાગ્યાં છે

શી ચીંથરાથી વીંટાળેલી ભિખારીની મૂડી પદ છે !
અમારે એ જ મૂડી પર જીવન નિભાવવાનું છે.

ભલે નાની મૂડી તોયે કદી ખૂટી પડે ના તે,
કટોકટીના પ્રસંગેયે ખરી ખપની મૂડી તે છે.

કદી ભાંગી પડાતું જ્યાં, કદી તૂટી પડાતું છે,
પહોંચી ના શકાતું જ્યાં, ચરણ ત્યાં કામ લાગ્યાં છે.

ચરણની ભક્તિથી શક્તિ જીવન પાંગરતી ચાલી છે,
અમોઘ ને અતુલ, પાછી શી અવર્ણનીય પોતે છે !

હરિઃૐ

## ચરણની ભક્તિ લાગી છે

ચરણ વહાલા **हरि**કેરાં રમત રમવા મળેલાં છે,
હૃદય આનંદ ખેલેથી ચરણને મહાલવાનાં છે.

જવા તરી આરપાર જ તે સમર્થ શાં ચરણ પોતે !
ગગનની પાર ઊડવાને ચરણ તો પાંખરૂપે છે.

વિરોધો, અડચણો, વિઘ્નો શું મુશ્કેલી વિશે જે તે
-ટકી શકવા, જવા પારે મદદકર્તા ચરણ શાં છે !

ચરણમાં દિલ ચોંટ્યાથી ચરણ જીવતાં થયેલાં છે,
ચરણમાં **प्राण** પ્રોવાતાં ચરણની ભક્તિ લાગી છે.

હરિઃૐ

## ચરણસેવા જ તે લહાવો

ચરણ કેવા હૃદય મારે શું પ્રસ્થાપિત થયેલા છે !
ચરણની ભક્તિથી મસ્ત પ્રફુલ્લિત દિલ ચગેલું છે.

ચરણ ચાંપ્યા હૃદયમાં છે, ચરણને શિર લગાડ્યા છે,
પ્રણામો દંડવત્ ભાવે ચરણમાં તો કરેલા છે.

જીવનમાં તો ચરણ કેવા અમારે દિલ ફાલ્યા છે !
ચરણની ભક્તિથી મુક્તિ જીવનની ફૂલીફાલી છે.

ચરણસેવા જ તે લહાવો શું અલમસ્ત જીવનનો છે !
પમરતો પાંગરી કેવી ખુમારી દિલ સ્ફુરાવે છે !

હરિઃૐ

## ચરણની બાદશાહી છે

અમે ભિખારી તો જ્યાં ત્યાં બધે શા માગતા ફરીએ !
બધાં આગળ છતાં માથું નમે ના નીચું કો રીતે.

**હરિ**નાં ચરણમાં માથું અમે પ્રેમે ઝુકાવ્યું છે,
**હરિ**નાં ચરણ તો કેવાં ગગનની પાર પ્રસર્યાં છે !

ઝૂકે જ્યાં જ્યાં અમારું શિર **હરિ**નાં ત્યાં ચરણ પોતે,
ચરણ વિના બીજે ક્યાંયે અમારું શિર ન ઝૂકે છે.

જીવનનો આશરો મોટો અમારે તો ચરણમાં છે,
ચરણની બાદશાહી છે, ફકીરી મસ્ત, પદની છે.

હરિઃૐ

# ચરણભક્તિથી દિલ કેવું !

અમારે મગરૂબી કેવી ! મગરૂબી શેની ઉપર તે !
પ્રભુની ભક્તિના ઘેલા, બરકીએ મસ્તીથી કદીકે.

બરકવાનું જ મસ્તીથી અમારું જે થતું, તેને
-જગતજન મગરૂબી સમજે, મુબારક તેમને છો તે.

**હરિ**નાં ચરણ જે અંકિત અમારે દિલ થયેલાં છે,
ચરણભક્તિથી દિલ કેવું મદોન્મત્ત મસ્ત ફૉર્યું છે.

હૃદય સોડમથી શાં વાચ્યા, નયન પલટાયેલાં પણ છે,
કરણ પલટાયેલાંનું તે સ્વરૂપ નોધારું કેવું છે !

હરિઃૐ

# ચરણમાં ધ્યેય તેને છે

શું આડુંતેડું જીવનમાં નજરચૂકથી ચલાયું છે !
હૃદય ઊગી જતાં એની સમજ, ના વાર લાગી છે.

સમજ જ્યાં જાગતાં દિલમાં, તુરત ઝબકી જવાયું છે,
થયો છે દિલ પસ્તાવો ઊંડો ઊંડો હૃદય શો તે !

ફરી એણે વળાવ્યો છે પથે પાછો જગાડીને,
સતત મથવાની પ્રક્રિયાતણો તેનો પ્રતાપ જ છે.

થતું છોને ગમે તેવું, છતાં જે ના ડગે સહેજે,
શું અણનમ દિલ દૃઢ મક્કમ ! ચરણમાં ધ્યેય તેને છે.

હરિઃૐ

## ચરણની એ જ સેવા છે

ચરણની જે થતી સેવા જીવન બિરુદ અમારું તે,
જીવનમાં તે વિના ચેન પડે છે ના કશી રીતે.

ભજનકીર્તન થતાં ભાવે ચરણની એ જ સેવા છે,
સતત સેવા વિશે રત દિલ પરોવાયેલ ગમતું છે.

તને સંતોષ દેવાને અમારું દિલ રાજી છે,
બહુવિધ શી કરી સેવા ! શી તત્પરતા હૃદયની છે !

હૃદયને તોય સંતોષ પૂરો અમને થતો ના છે,
શું જીવવામાં હૃદય તેથી ઉમળકો શો ઊછળતો છે !

હરિઃૐ

## ચરણ શાં ચેતનાત્મક છે !

સ્મરણ લેતાં, સ્મરણ લેતાં, સ્મરણમાં દિલ પચેલું છે,
સ્મરણથી ભક્તિ લાગ્યાથી, ચરણને દિલ ઉગાડ્યા છે.

ચરણની ભક્તિથી શક્તિ જીવનમાં પાંગરેલી છે,
ચરણ પોતે પછી કેવાં બધે આધાર વ્યાપ્યાં છે !

ચરણને સ્થૂળ ના જાણો, ચરણ શાં ચેતનાત્મક છે !
ચરણ તો ચેતનાકેરાં પ્રતીક પોતે જીવનમાં છે.

ચરણ આધારથી જે તે જીવનનું સર્વ ચાલે છે,
ટટારી ને ખુમારીયે, ખબરદારી ચરણથી છે.

હરિઃૐ

# સતત અવિરત પ્રયત્ન

ચરણ હોવા છતાં, શરૂમાં ન મારાથી ચલાયું છે,
પછીથી ચાલવાનું શું શરૂ ધીરે થયેલું છે !

પડી ત્યારે ઘણી વેળા ખરે ! મુજથી જવાયું છે,
કશી દરકાર ના તેની જરા પણ દિલ ધરેલી છે.

શું છોલાયા ઢીંચણ પણ છે, કદીક પગમાં જ વાગ્યું છે,
છતાં શી ચાલવાની તે લતે ના લક્ષ છોડ્યું છે.

પડાતું પથ હતું, તોયે ફરી ફરી ઊઠી ઊઠીને
-શરૂ તે ચાલવાનું તો કર્યાં કેવું કરેલું છે !

હરિઃૐ

## લહાણી શી મળ્યાં કરતી !

પ્રભુ તારાં ચરણરજની પ્રસાદીની હૃદય મુજને
-લહાણી શી મળ્યાં કરતી જીવનમાં તે રહેલી છે !

ફૂલ્યું ફાલ્યું જીવન તેથી હૃદય **હરિ**ભાવની લહરે,
ભજનકીર્તન થવા દિલમાં મને શો ભાવ પ્રેર્યો છે !

હૃદયનો મસ્ત તે ભાવ જીવનઘડતરનું સાધન છે,
ભજનકીર્તનથી તે ભાવ શું તેજીલો બઢેલો છે !

સ્મરણ આદિતણાં સાધન થયાં જે જે કરેલાં છે,
હૃદય અભ્યાસથી ભાવ શું પાંગરવા જ માંડ્યો છે !

હરિઃૐ

# ચરણરજની શી બલિહારી

જીવનમાં કેટલો મોટો મને મોભો તું બક્ષે છે,
ન જેનો ભાવ કો પૂછે, તું તેને ક્યાં ચઢાવે છે ?

હરોળે બેસવા જેની કશી ના લાયકાત જ છે,
તું તેને ગાદી ત્યાં આપે, મહાઅચરજ હૃદયમાં છે.


'કરે તરણાતણો મેરુ' હકીકતમાં જીવન મુજ છે,
રવડતો ને રખડતો શો હતો ક્યાં ? હાલ શો આજે !

જગતજનને પીટી દાંડી કહું છું ધ્યાન લેજો કે,
ચરણરજની પ્રસાદીની બલિહારી શી ન્યારી છે !

હરિ:ૐ

## ખંડ - ૩

# 'હુકમ' પરમાત્મ શક્તિનો...



શરણની ભાવના યોગ્ય 'હુકમ' તો દિલ કેળવવા,
'હુકમ'માં ભાવ ભરપૂર હૃદય રાખ્યે, મળે મેવા.

હરિઃૐ

# હુકમ તેથી શ્રીસદ્‌ગુરુ છે

હુકમ દિલદારના દિલની ખુમારીની જ ખુશબો છે !
હુકમ એ તો દિલાવર દિલતણું દર્શન કરાવે છે.

હુકમ પરમાત્મ શક્તિનો થવા પરિચય મળેલો છે,
હુકમ પાલનમાં દિલભક્તિ ભલી ભરપૂર નીતરી છે.

હુકમ એ સદ્‌ગુરુ ભાવ હૃદય શક્તિનું બિંદુ છે,
હુકમ પાલનથી દિલશક્તિ છતી કેવી થતી રહે છે !

જીવનનું ઊર્ધ્વ સર્વોત્તમ ઊંચું પાસું, હુકમથી તે
-અનુભવવા મળે જીવન, હુકમ તેથી શ્રીસદ્‌ગુરુ છે.

હરિઃૐ

# હુકમને પૂર્ણ કરિયો છે

હુકમના વર્તને કેવા ગુણો પોતે ખીલેલા છે !
હુકમના પાલને કેવાં ખમીર, ખુમારી પ્રગટે છે !

હુકમને દિલથી સમજી, હુકમને બિરદાવ્યો છે,
હુકમથી શી ખબરદારી ઊગી ! શોભાવ્યું જીવન છે.

હુકમથી દિલ સમજણ ને મડાગાંઠો જીવનની તે
-બધી કેવી તૂટી ગઈ છે, ચમત્કાર હુકમનો તે !

હુકમ દિલથી મળેલો જે, હુકમને પાળવા કાજે,
ફના જીવન થતાં હર્ષે હુકમને પૂર્ણ કરિયો છે.

હરિઃૐ

# હુકમની રંગતે ચઢતાં

હુકમની રંગતે ચઢતાં જીવન ઑવારી નાખ્યું છે,
સમર્પણનો કળા રંગ હુકમ વર્તનથી લાધ્યો છે.

હુકમને દિલ પ્રત્યક્ષ શ્રીસદ્‌ગુરુને જ ધારીને,
હૃદયથી પાળતાં હુકમ, શ્રીસદ્‌ગુરુ ત્યાં મળેલા છે.

હુકમના વર્તને શક્તિ જીવનની કેટલીક તે છે
-જણાઈ આપમેળે તે ખરેખરી દિલ આવે છે.

હુકમ મળતાં હુકમ વિશે ન આડુંતેડું ધાર્યું છે,
પરિપૂર્ણ થવા હુકમ અમે સર્વસ્વ હોમ્યું છે.

હરિ:ૐ

## હુકમ સંપૂર્ણ ફળવાને

હુકમને દિલની મસ્તી ભરી મર્દાનગીથી તે,
-ફળવવાને મથ્યા કેવું ! બધો ઈતિહાસ શો ગૂઢ તે !

હુકમ મળતાં હૃદયભક્તિ ઉછાળો ઑર મારે છે,
હુકમને પાડવા પાર ન કંઈ ઓછું ગણેલું છે.

હુકમ સંપૂર્ણ ફળવાને જીવનની આહુતિ દઈને,
ભગીરથ યજ્ઞ સંપૂર્ણ સમર્પણનો ચલાવ્યો છે.

હુકમ એ તો ચરણરજની પ્રસાદીનું શું અમૃત છે !
હુકમ જીવનની નિષ્ઠાનું પ્રદર્શન ભવ્ય દિવ્ય જ છે.

હરિ:ૐ

## ‘હુકમ શો ચેતનાત્મક છે !’

રૂંવાડાં શાં ખડાં કરી દે, હુકમ એવો મળેલો છે,
હુકમને પાળતાં નાકે મને દમ આવિયો શો તે !

છતાં જીવનમાં હુકમને કદી મેં અવગણ્યો ના છે,
હુકમને પ્રેમભક્તિથી જીવનમાં આવકાર્યો છે.

હુકમ શો પ્રાણ પ્રેરક છે ! ‘હુકમ શો ચેતનાત્મક છે,’
હુકમ ઉત્સાહ પ્રેરક છે, હુકમ દિલભાવ પ્રેરક છે.

હુકમ શ્રીસદ્‌ગુરુ દિલનો શું અણસાર ખરે ગૂઢ છે !
હૃદય ઉકેલવા ચાવી હુકમ પાલનથી મળતી છે.

હરિઃૐ

# હુકમથી શીખવા કેવું

હુકમને હેતુપૂર્વકની શી તીવ્ર સભાનતાથી તે !
-બનવવાને જીવન **હરિ**મય જીવન પાળ્યા કરેલો છે.

હુકમ મર્દાનગી વીરની હૃદય પ્રગટાવવા માટે
-કૃપાથી તે મળેલો છે, મહદ સદ્ભાગ્ય સાચું તે.

હુકમથી શીખવા કેવું જીવનમાં તો મળેલું છે,
હુકમને પાળવાથી શા ગુણો જીવનમાં ખીલ્યા છે.

હુકમથી સદ્ગુરુ ભક્તિ હૃદયમાં શી બઢેલી છે !
હુકમ મળતાં, હૃદય પૉરસ વળી ઉત્સાહ ફૉર્યો છે.

હરિઃૐ

## હુકમથી પ્રાણ ચેતેલા

હુકમ મળતાં કદીક કેવો હૃદય થડકી ગયેલો છું !
છતાં તે પાળવા કાજે ખડો કેવો થયેલો છું !

શું તાણાવાણા જીવનના વણાયા છે હુકમથી તે !
હુકમનું હાર્દ **हरि** શક્તિતણા મૂળમાં વસેલું છે.

હુકમથી પ્રાણ ચેતેલા પ્રયોગાત્મક અનુભવમાં,
પ્રગટ, પ્રત્યક્ષ જીવનમાં, ખરેખર મહાલી જોયું છે.

હુકમથી જિંદગાનીનું રહસ્ય ગૂઢ મૂળનું જે,
હુકમને ભક્તિપૂર્વક દિલ પળાતાં, કેવું ખૂલતું છે !

હરિઃૐ

# હુકમ હુકમનો એક્કો છે

હુકમ બિરદાવતાં હૈયું શું થનગની મસ્ત નાચ્યું છે !
ખરીદવાને જીવનશક્તિ હુકમ તો ચલણી નાણું છે.

હુકમની મસ્ત દુનિયામાં હૃદય વસવાટ ન્યારો છે,
હુકમ કુરબાની કરવાનું હૃદય તે શિખવાડે છે.

હુકમ હુકમનો એક્કો છે, બધાંને તે જીતી લે છે,
વળી સર્વોપરી પોતે, બધાં એની જ હેઠળ છે.

જીવનથી કેવું પ્રત્યક્ષ જીવી બતાવવાનું તે !
‘હુકમથી બળ મળે જીવતું,’ અનુભવનું પ્રવર્તક તે.

હરિઃૐ

## હુકમ વર્તનથી જીવનમાં

હુકમને પાળતાં થડકો જરા સરખો થયો ના છે,
હુકમથી પ્રાણશક્તિની શી મસ્તી બળવતી ખીલે !

હુકમ બિરદાવતાં શૌર્ય, ખુમારી ને ખમીર પ્રગટે,
હુકમ જીવનના કૌવતને ઉતારે યુદ્ધમેદાને.

જીવનના દિલના દિલને હુકમ વર્તનથી જીવનમાં,
રહે પ્રગટંતું ચેતંતું, શી બલિહારી પછીથી છે !

હુકમને તેથી તો જીવન ખીલવવાનું જ ધાર્યું છે,
હુકમથી હાર્દ જીવનનું અનુભવવા મળેલું છે.

હરિઃૐ

# હુકમ બિરાદરી દિલની

શું શ્વાસોશ્વાસ જીવનનો હુકમ વર્તનથી જાણ્યો છે !
હુકમ વર્તનથી તાસીર શી બધી પલટાઈ ગયેલી છે !

હુકમ પાલન વિશે હેતુતણી સમજણ ધરેલી છે,
હુકમને દિલ જાણ્યો કે ઘડાવાને મળેલો છે.

હુકમ બિરાદરી દિલની શી વર્તનમાંથી પ્રગટાવે !
બધી બાજુનો સહકાર ઉમળકે પાલને પ્રગટે.

ચગવવાને જીવન ઊર્ધ્વ હુકમ પાલન શું સાધન તે !
જીવનમાં તેવું પ્રત્યક્ષ અનુભવથી પમાયું છે.

હરિઃૐ

## હુકમને તો સ્વીકાર્યો છે

હુકમ તે સદ્‌ગુરુ દિલનો હુકમ ના માત્ર જાણ્યો છે,
જીવનશક્તિ ખીલવવાને, હુકમને તો પ્રમાણ્યો છે.

થતાં, બનતાં હુકમ વર્તન શી શુદ્ધિ સૌ થતી ગઈ છે !
હૃદયને શુદ્ધિના યજ્ઞતણાં ફળનો અનુભવ છે.

હુકમ બિરદાવી બિરદાવી વળી સભાનતાથી તે,
હુકમ વર્તન થતાં કેવું જીવન ફળતું ગયેલું છે !

હુકમને તેથી દિલ ધારી હુકમનો હેતુ સમજીને,
જીવન મઠારવાને તે કૃપાથી તો મળેલો છે.

હરિઃૐ

# હુકમની ભવ્ય સરદારી

હુકમમાં જે સમજદારી, ખબરદારી ફળેલાં છે,
‘જીવંતી જાગૃતિ દિલની’ મહત્ત્વ તેનું મુખ્ય જ છે.

જીવનની જાગૃતિ પર શો બધો આધાર દિલથી છે,
હૃદય સભાનતા, વર્તન હુકમનું તો કરાવે છે.

બઢ્યે જીવન, જીવનનીયે હૃદયની જાગૃતિ બઢતી,
હૃદયને મહાલી જાણ્યું છે, અનુભવમાં અનુભવથી.

હુકમની ભવ્ય સરદારી અમે માથે લીધેલી છે,
જરા કાચા વળી પાછા પડેલા કંઈ ન તે વિશે.

હરિઃૐ

## હુકમ શો યોગ્ય લાગ્યો છે !

હુકમની બાદશાહીથી ઘડાતું શું રહેલું છે !
–'જીવન', તેનો અનુભવ છે, અનુભવ સત્ય લક્ષણ છે.

હુકમને હર્ષ ઉમળકે વધાવીને, વધાવીને,
હુકમથી હેતુની સિદ્ધિ થતી કેવી નિહાળી છે !

'હુકમ કરતાંય હેતુનું વધારે તો મહત્ત્વ જ છે,'
થતો રહેતો અનુભવ તે, હુકમ શો યોગ્ય લાગ્યો છે !

હુકમનાં કેટલાં પાસાં અનુભવથી જ જાણ્યાં છે,
હુકમને તેથી સદ્‌ગુરુનું ધબકતું દિલ ધાર્યું છે.

હરિઃૐ

## હુકમ પાલનમાં હરિપદ છે

હુકમનું હેતુપૂર્વકનું, હુકમનું ભક્તિપૂર્વકનું
-થતાં પાલન, મુલાયમતા હૃદય પાંગરતી આવે છે.

હુકમમાં શેઠ કે નોકર, હુકમમાં ઉપલો નીચલો,
હુકમમાં સદ્‌ગુરુ શિષ્યતણા ના ખ્યાલ કોઈ છે.

હુકમ જીવનને પ્રેરવવા ભૂમિકાએ અગમ્યે તે,
હુકમ તો તાણવા ખેંચી કળણ શા સૂક્ષ્મમાંથી તે !

પરાક્રમ, હામ, દિલ ભાવતણો હુકમ નિર્દેશક છે,
પ્રસાદી શી કૃપાની **તે** ! હુકમ પાલનમાં **હરિ**પદ છે.

હરિ:ૐ

# હુકમ શિરતાજ જીવનનો

હુકમને દિલચસ્પીથી હૃદય ભાવે સ્વીકાર્યો છે,
બઢવવાને જીવન મુજ તે હુકમપાલન કરેલું છે.

હુકમ શિરતાજ જીવનનો, જીવન ઉદ્ધારવા કાજે,
હુકમમાં હેતુનું જ્ઞાન દઢાવી, દિલ પાળ્યો તે,

હુકમ બિરદાવવા કેવો હતો ઉછરંગ તે હૃદયે !
અનેરો દિલ ઊછળતાં શું નાચ્યું દિલ ઉત્સાહે !

હુકમને દિલનો ભાવ બઢવવા, દિલ ધાર્યો છે,
હૃદયથી વારી વારી જઈ હુકમપાલન કરેલું છે.

હરિઃૐ

## હુકમથી શક્તિ કેળવતાં

હુકમ વર્તન કળા ન્યારી, હુકમના વર્તને જીવન
-જુદાં જુદાં સ્વરૂપે શું ખીલંતું ને વિકસતું છે !

કઢંગું હો ભલે સાધન છતાં, ઉપયોગ એનો જે
-જીવનહેતુની સમજણથી કરે, તે ન્યાલ થાયે છે.

ભલે અવળી પરિસ્થિતિ છતાં તેનેય ફેરવવા
-બધા સવળા જ સંજોગે, હૃદયશક્તિ રહેલી છે.

મહત્ત્વ ખાસ હુકમનું ખરેખર મુખ્ય એવું કે
-હુકમથી શક્તિ કેળવતાં શું શક્તિભાન જાગે છે !

જીવનવિકાસના માર્ગે મહત્ત્વ *'ભાનનું' ખૂબ છે,
હૃદય સભાનતાથી તો પથે રૂડું ધપાતું છે.

હરિઃૐ

# હુકમના પાલને ખમીર

હુકમની બાદશાહીને અનુભવી છે, અનુભવી છે,
હુકમ મળતાં, હુકમને દિલ અમે સદ્‌ગુરુ ધાર્યા છે.

હુકમ હો છો કઢંગો તે, છતાં તેવો ન લાગ્યો છે,
હુકમમાં દિલની ભક્તિને પરોવેલી ઉમળકે છે.


હુકમ મળતાં ચડસ કેવો હૃદયમાં તો ચઢેલો છે !
હુકમથી ભલભલાં કર્મ પૂરાં શાં પાર ઊતર્યાં છે !

હુકમના વર્તને કેવાં શહૂર, ખુમારી વર્તે છે !
હુકમના પાલને કેવું ખમીર સઘળુંય નીતરે છે !

હરિઃૐ

# ખંડ - ૪

## 'ખુમારી' તો હરિની છે.



ખીલેલાં પુષ્પથી વ્યક્ત થતી સુવાસ જે રીતે
–સમર્પાયેલ જીવનની 'ખુમારી' ખુશબો શી તે !

હરિઃૐ

## ખુમારી દિલ ચોંટી છે

અમારી તે ખુમારી શી ! ખુમારી તો **હરિ**ની છે,
**હરિ** સ્તવતાં, **હરિ** સ્તવતાં, ખુમારી દિલ ચોંટી છે.

જીવનની તે ખુમારીથી ભલી ભલી બાદશાહીને
-ગણીએ ના વિસાતે કંઈ, ખુમારી તેજવંતી તે.

ખુમારી દિલ મસ્તી શી 'ખરું અસ્તિત્વ નિજ માત્ર
-પ્રવર્તેલું જીવનમાં છે' અનુભવથી ઠરી પાત્ર.

હૃદય અસ્તિત્વની ખુશબો ખુમારીમાં ભળેલી છે,
**હરિ** મહોબતથી શી મુગ્ધ ખુમારી તો થયેલી છે !

હરિઃૐ

## ખુમારી મસ્ત પ્રગટાવે

સમજદારીથી સંપૂર્ણ ખુવારી પથ પડેલાની
-નર્યા સંસારી શું લોક ખુમારીને શકે જાણી !

**हरि** મેળવવા, અનુભવવા વરેલા તો ખુવારીને,
ખુવારી હેતુપૂર્વકની થતાં, જીવન ઉગાડે છે.

ખુવારી જ્ઞાનપૂર્વક જે, જીવન અર્થે થતી રહે છે,
ખુવારીમાંથી શું તેવું નૂતન જીવન ફૂટે છે તે !

ખુવારીનું ભર્યું જીવન ખરેખર જે વિશે દિલ છે,
શું જાગૃતિપૂર્ણ હેતુની, ખુમારી મસ્ત પ્રગટાવે.

હરિઃૐ

# ખુમારી પારાશીશી છે

ખુમારીની ભૂમિકાની શી પાર્શ્વભૂમિકાએ છે !
બધો ઈતિહાસ તે ગૂઢ, ન કોઈએ જણાવ્યો છે.

ખીલ્યા વિના જ સંપૂર્ણ જીવન, ખુમારી ના ઝળકે,
જીવનને દિવ્ય ખીલવવા અભીપ્સામાં ખુમારી છે.

હૃદયની ભવ્ય જિજ્ઞાસા શી ભડભડતી સળગતી છે !
ખુમારી તે મહીંયે છે, ખુમારી જ્યાં, જીવન ત્યાં છે.

જીવનમાં આત્મશ્રદ્ધા જે શી પ્રજ્વળતી ઊઠેલી છે !
ખુમારી તેનું લક્ષણ છે, ખુમારી પારાશીશી છે.

હરિઃૐ

# ખુમારી ભાવની સૌરભ

ખુમારી ભાવની સૌરભ, શી માર્દવતા જ પ્રેરે છે !
વળી શી તેજીલી ધાર ખુમારીની જીવનમાં છે !

જીવનફૂલની જ ખુમારી શી ટાઢીબોળ તે ના છે !
શી ઉષ્મા, તેજ પ્રત્યક્ષ શું વર્તન દાખવે છે તે !

ખુમારી ગૂઢ બોલે છે, વળી સંકેતરૂપે તે,
છતાં ત્યાં સ્પષ્ટતા પૂર્ણ, નિખાલસતા ભરેલી છે.

ખુમારી બોલીમાં વ્યક્ત શું જ્ઞાન ત્યાં થતું રહે છે !
ખુમારીનો ભર્યો બોલ ન સંદિગ્ધ કશોયે તે.

હરિઃૐ

# ખુમારીનો આધાર ભાવ

ખુમારીથી ખુમારીમાં કળા જીવનની પરખી છે,
ખુમારીનો જ આધાર બધો શો ભાવની પર છે !

સ્વભાવ શો ખુમારીનો બહુ દોલો, રસીલો છે,
તીખો ને તેજ, શો પાછો ન કડવો દિલ લાગે છે !

ખુમારીથી કશું ઝાઝું છુપાવી ના શકાયે છે,
ખુમારી એક ઘાના બે કરી કટકા જ નાખે છે.

ખુમારી જ્યાં ચઢેલી છે, ખુમારી જ્યાં ચગેલી છે,
ખુમારીની નયન રશ્મિ જીવન ઝળહળતી ન્યારી છે.

હરિઃૐ

# ખુમારી ભાવની મદિરા

ખુમારીમાં, ખુમારીમાં અમે બહેકી ગયેલા શા !
ખુમારી દિલની ન્યારી શી વ્યક્ત તે છતાં ગૂઢ ત્યાં !

ખુમારીનાં ભર્યાં નયનોતણી સુંદર છટા શી છે !
ખુમારી શું સીનો, ચહેરો બધું બદલાવી નાખે છે !

ખુમારી મસ્ત અંતરની ખમીર, શૌર્ય ચઢાવે છે,
થતાં તે વાણીમાં વ્યક્ત શું જુસ્સાદાર ત્યાં તે છે !

ખુમારી ભાવની મદિરા જીવન જેણે પીધેલી છે,
ખુમારીનો નશો મસ્ત જણાયા વિના ના રહે છે !

હરિઃૐ

# ખુમારી દિવ્ય રશ્મિ છે

ખુમારીથી ભર્યા જીવનતણી ખૂબી નિરાળી છે,
ખુમારી જાગતાં, હીર જતું પરખાઈ કેવું તે !

ખુમારીનો જ આનંદ હૃદય ઉન્માદ જુદા છે,
ખુમારીથી જીવન જીવતાં નશો મસ્તી ભર્યો દિલ છે.

ખુમારી તો કદીયે તે હૃદય ના ચડભડી ઊઠે,
ખુમારી ભાવ મસ્તીની જીવનની શી અનેરી છે !

જીવનનાં દિવ્ય નયનોની ખુમારી દિવ્ય રશ્મિ છે,
હૃદયની શી સભરતાનો શું અણસાર ખુમારી છે !

હરિ:ૐ

# ખુમારી અદકી એવી છે

જીવનની દિલની ખુમારી તપશ્ચર્યાથી ઊગી છે,
મળંતી બાદશાહીનો ખુમારીને ન ખપ કૈં છે.

ભલે ભપકો નયન આંજે, છતાં તે તો ન અંજાયે,
ન અંજાવાનું જાણે તે, ખુમારી અદકી એવી છે.

ચરણની દિલ ભક્તિ જ્યાં રગે રગ શી જીવન વ્યાપે,
પમરતી ભક્તિમાંથી તે ખુમારી મસ્ત વહેતી છે.

ચરણના ભક્તનું જીવન ખુમારીથી ભરેલું છે,
સ્વરૂપ શું વ્યક્ત ભક્તિનું ખુમારી લક્ષણે શી તે !

હરિઃૐ

# ખુમારીને નિરાશા ના

શી આત્મીયતા પ્રવર્તાવે ખુમારી વર્તને જીવને !
ખુમારી સ્પષ્ટ વક્તા છે, ગહનતા ને ગંભીરતા છે.

ખુમારી આપમતલબી ના, બધું સર્વસ્વ ત્યજી દેતાં
-ખુમારી ને ઉમળકો ત્યાં, શી ત્યાગી ભોગી ઉભયે છે !

મદોન્મત્ત જ ખુમારી છે, સમો આવ્યે શી નમ્ર જ તે !
ખુમારીને નિરાશા ના, શી મસ્તીના જ ઊભરા છે !

ખુમારી દિવ્ય જીવનની નશીલી વ્યક્તતા શી છે !
ખુમારીથી ભર્યું જીવન નજરમાં શું પ્રવેશે છે !

હરિઃૐ

# નશો ખુમારીનો કેવો !

ખુમારીથી ભર્યું જીવન, જીવન મદમસ્ત કેવું તે !
ખુમારીથી ભર્યું જીવન શું મઘમઘી રહેલું છે !

શી તેજસ્વિતા ખુમારીની ! શી માર્દવતા છતાંયે છે !
કદી ઢાંકી ન તે રહે છે, ખરાબોલી ખુમારી તે.

થતાં વ્યક્ત ખુમારી જ્યાં, શું જુસ્સો ઑર પ્રગટે છે !
નશો ખુમારીનો કેવો ! વિના અનુભવ ન પરખાયે.

ખીલેલા દિવ્ય જીવનની શી ઉષ્મા તો ખુમારી છે !
ભલીભલી બાદશાહી તે હિસાબે ના ખુમારીને.

હરિઃૐ

# ખુમારીની ગતિ શી તે !

ભર્યું ભર્યું જે ખીલેલું છે ઝલક તેજસ્વી ભવ્ય જ છે,
ઝલક સૌંદર્યથી યુક્ત, ખુમારી તે જીવનની છે.

જીવનમાં લક્ષ્મીનોયે મદ ઝરંતો વ્યક્ત નીરખ્યો છે,
પછીથી તો જીવનફૂલનું ખરેખર ખાસ તેવું છે.

શી સંસારી જીવનમાં ના ખુમારી, ત્યાં તુમાખી છે,
ખુમારી, દિવ્ય જીવનનો શિરોમણિ ભવ્ય મુકુટ છે.

ખુમારીથી ભર્યું જીવન, જીવન જીવવાની મસ્તી છે,
ઊછળતી ભરતીના જેવી ખુમારીની ગતિ શી તે !

હરિઃૐ

# ખુમારી દિવ્ય જીવનની

ખુમારીનું જ વિજ્ઞાન શું આકાશેથી નીતર્યું છે !
ખુમારી દિવ્ય જીવનની ઉષા જેવી સૂરજની તે.

ખીલેલા પુષ્પમાંયે તે સુવાસે શો ભર્યો રસ છે,
ખીલેલા દિવ્ય જીવનનો ઝરંતો રસ ખુમારી છે.

ખીલેલા દિવ્ય જીવનની જુદી જુદી શી શક્તિ છે !
ખુમારી, શક્તિનું એવું પ્રતિબિંબ ખરેખર તે.

ખીલેલા પૂર્ણ તે ભક્તતણી ભવ્ય છટા શી છે !
ખીલેલા દિવ્ય જીવનની છટા, તેવી ખુમારી તે,

હરિઃૐ

## ખુમારીનું અજ્ઞાન !

નર્યા સંસારી તે લોક ખુમારી પ્રીછવા કાજે
-જરા ના પાત્ર, તોયે તે ડહાપણ કેવું ડહોળે છે !

પૂરી હોયા વિના યોગ્ય સમજવાની ભૂમિકા તે,
કશું ના જ્ઞાન છે, તોયે જગત હાંક્યે શું રાખે છે ?

ન કોઈ માપવા યંત્ર અનુભવીને મૂલવવાને
-જગતજન પાસ તે ના છે, છતાં મૂલવ્યા કરે છે તે.

અમારે શું પછી કહેવું ? હૃદયમાં મૌન સેવ્યું છે,
કશી ના લાયકાત જ જ્યાં, પછી કથવું નકામું છે.

હરિઃૐ

## ખુમારી ભવ્ય પોતે છે

જીવન પૂર્ણ ખીલેલાની ખુમારી વ્યક્ત લક્ષણ છે,
અનુભવમાં શી શક્તિ છે ! ખુમારીથી મહેકે તે.

જીવનશક્તિનું જે તેજ, ખરેખર તે ખુમારી છે,
પ્રકાશ જેમ સૂરજનો, ખુમારી તો જીવનનું તે.

બરાબરીનો, ખરાખરીનો પ્રસંગ જ્યાં જીવનમાં છે,
થયા વિણ વ્યક્ત ખુમારી કદી પોતે રહે ના તે.

જીવન દરબારનું દર્શન ખુમારી ભવ્ય પોતે છે,
ખુમારી તો ખીલ્યા જીવનતણી શી બાદશાહી છે !

હરિઃૐ

## ખુમારીની શી ખુશબો છે !

ખુમારી એમની એમ કદીયે તે ન પ્રગટે છે,
થયેલા ઊર્ધ્વ જીવનનું ખુમારી માત્ર લક્ષણ છે.

વિકસિત જ્યાં થતાં ફૂલડાં સુવાસે મેળે ફેલાયે,
વિકસિત જ્યાં થતાં જીવન ખુમારીનુંય તેવું છે.

જીવનફૂલની ખીલેલાની ખુમારીની શી ખુશબો છે !
ખુમારીમાં જીવન શક્તિતણું તેજ પ્રકાશે છે.

ખરેખરી તેજ શી ધાર વિનાનું શસ્ત્ર ફોકટ છે !
અનુભવીમાં ખુમારી ના, અનુભવી તો ન સાચો તે.

હરિઃૐ

# ખુમારી સિંહના જેવી !

ચરણના ભક્ત જીવનની ખુમારીને જગતજન તે
-સમજી ના યોગ્યતાથી તે શકે કોઈ જ પણ રીતે.

અરે ! શું કેટલાંક કેવું ઊંધું એને જ સમજે છે ?
'અહંકારી પૂરા આ તો ખરેખર કેટલા શા છે !'

પરંતુ નમ્રતા કેવી ખુમારીના જીવનની છે !
નર્યા સંસારીને તેની ગતાગમ હોય ક્યાંથી તે !

શી ભક્તિમાંથી પાંગરતી હૃદયની નમ્રતા જે છે,
ન તે ઘેટાં સમી ક્યાંયે, શી તેજસ્વી ખરેખર તે !

શું નમ્રમાં નમ્ર થઈ જાણે ! પ્રસંગે સિંહ જેવી તે
-કરે છે ગર્જના કેવી રૂંવાડાં તે ઊભાં કરી દે !

હરિઃૐ

## વિના ખુમારી જીવનનું

પથે ધપતું જવા આગળ ખબરદારી જરૂરી છે,
વિના ખુમારી જીવનનું બને ના ખીલવાનું તે.

જીવંતી ગુણથી શક્તિ ખમીરને કેળવાવે છે,
ખમીરથી શી ટટારી તે જીવનમાં પ્રાપ્ત થાયે છે.

ટટારી ને ખમીર લીધે ખુમારી મસ્ત ફોરે છે,
ત્રિવેણી સંગમે તેવા જીવન ખીલતું જતું શું છે !

ખમીરની તે ટટારીથી જીવંતી તે ખુમારી છે,
બલિહારી જીવનમાં તો શી અલબેલી જ મહેકે છે !

હરિઃૐ

# ખમીર શાં ચેતતાં થઈને

ભયંકરમાં ભયંકર તે નિરાશાની પળે દિલને
-કૃપાથી રાખવા મક્કમ પ્રયત્નો શા થયેલા છે !

ટટારી ને ખુમારીને ખમીર શાં ચેતતાં થઈને
-ઊભો મુજને રખાવ્યો શો, **હરિ** મદદે ટકાયું છે !

**હરિ**ને એમ પ્રત્યક્ષ જીવંતો કર્મ વ્યવહારે
-અનુભવતો નિહાળીને, હૃદય ચેતેલ હિંમત છે.

**હરિ**ની ભક્તિ જીવંતી થતી રહી તેજદાર જ શી !
કરાયાથી ભજ્યાં **હરિ**ને ટકી છે દિલ ખબરદારી !

હરિઃૐ

## ખમીર પ્રગટ્યું જ અવરોધે

પથે અવરોધ મુશ્કેલી ગૂંચો વિઘ્નો મળેલાં જે,
હૃદય પુરુષાર્થ કરવાની મને હિંમત દીધેલી છે.

ખમીર, ખુમારી જીવનની પરાક્રમને બઢાવાને
-ખીલવવાને મળેલાં તે, હૃદય હેતુથી પ્રીછ્યાં તે.

હૃદય સમજણ જીવંતી તે મળેલી ચેતનાત્મક જે,
ભરાયાં ડગ બધાં તેથી હૃદય મર્દાનગીથી તે.


વિરોધો જેમ તે વધતાં ખમીર વધવા જ લાગ્યું છે,
અનુભવ આવતાં તેવું પ્રયોગે સિદ્ધ પાક્યું છે.

અનેકે વાર જીવનમાં પ્રયોગોએ જ તેવા તે,
હૃદય નક્કર બનાવીને જીવન તેજસ્વી બનવ્યું છે.

હરિઃૐ

# ખંડ - ૫

# 'ગરીબી' વહાલી પ્રભુને જે



જીવનનું પામવા સત્ય ગરીબીને સ્વીકારીને
-ગરીબ સદ્‌ગુણ કેળવવા મથ્યો શો જ્ઞાનપૂર્વક તે !

હરિઃૐ

## ગરીબોના હાલ

ગરીબાઈમહીં ગોથાં અમે ખાધાં કરેલાં છે,
વળી ગોદા કંઈકનાયે શું ખાવા તો મળેલા છે !

કંઈક ગંદી જ ગાળો તે શી સાંભળવા મળેલી છે !
છતાં સામે કશું વદવાતણું ના જોર ચાલ્યું છે.

જીવન સામે હતું ત્યારે જીવંતું ધ્યેય ધપવાને,
'શકે અન્યાય કરી કો ના' જીવનમાં તેમ બનવાને.

સહ્યાં લાચારી કીધી છે, જીવન તે ધ્યેય ફળવાને,
હતું લાચારી તે નીચે ધબકતું દિલ જીવંતું તે.

હરિઃૐ

## ગરીબીનાં અસહ્ય દુઃખ

ગરીબાઈ અમે સેવી, ગરીબનાં દુઃખ શાં શાં તે
-અમોને દિલ આજેયે ખરેખર જીવતાં સૌ છે.

સહાનુભૂતિથી કોઈ ખબર દિલ કાઢનારું તે
-હૃદય ફંફોસતાં અનુભવ જીવનમાં ના મળેલું છે.

ભયંકર ભીંસ આર્થિકનો ગરીબને ભરડો શો દે છે !
ગરીબનો બેવડો વાંસો વળી તેથી જતો શો છે !

દિલાવર દિલ મુશ્કેલ ગરીબ જીવનમાં મળવું તે,
છતાં એવાય દિલનાં તે મને દર્શન થયેલાં છે.

હરિઃૐ

# ગરીબી ભોગવેલી જે

ગરીબી ભોગવેલી જે જીવનમાં તે વિશે અમને
-વીત્યું શું શું ! કથની તેની હવે કથવી નકામી છે.

બધાંનો દિલ સહકાર ગરીબ હોવા છતાં શો તે
-મળ્યા જીવન કરેલો છે ! નવાઈની હકીકત તે.

ગરીબીમાં અમે કોની ન અવગણના કરેલી છે,
તિરસ્કાર ન કો પ્રત્યે જીવનમાં દાખવેલો છે.

કદી કોઈ પરત્વે દિલ કશો ના દ્વેષ ધાર્યો છે,
રહેવાયું જ ચેતેલું શું એવું ! તે કૃપા તુજ છે.

હરિઃૐ

# ગરીબનાં બાવડાં સાબૂત

ગરીબીમાં ઊંચું માથું ન તે રાખી શકાયું છે,
બધાંની સાથ સદ્‌ભાવે જીવન જીવ્યા કરેલું છે.

દયા ખાઈ ગરીબની પર મદદ કેવી કરેલી છે !
મને તેથી હૃદયમાં તો કશું સારું ન લાગ્યું છે.

દયા ખાનાર જો કો હો સમર્થ એકલો **हरि** છે,
દયા ખાનાર તો બીજાં નકામા સર્વ ફોગટ છે.

ગરીબનાં બાવડાં સાબૂત, રહી શક્તિ 'ચરણ', 'કર' તે,!
શું ચગવાનો ગરીબનોય સમય આવી પહોંચ્યો છે !

હરિ:ૐ

## ગરીબો બાપડા ના છે

ગરીબો બાપડા ના છે, ગરીબો ના બિચારા છે,
ગરીબોનેય પોતાને કશા હક્ક તો જીવનમાં છે.

ગરીબીમાં અમે કેવી કડી મહેનત કરેલી છે !
મજૂરીના છતાં પૈસા બરાબર ના મળેલા છે.

શું કરવા શક્તિ બળવાની કશી નહોતી જીવન ત્યારે ?
કંઈક અન્યાય એવા તો સહન કરવા પડેલા છે.

ગરીબીથી ઊગરવાનો હૃદય નિશ્ચય થયેલો જે
-મરણિયો ઉગ્ર નિર્ધાર મને એણે ચઢાવ્યો છે.

હરિઃૐ

## ગરીબાઈનો ગુણ

જીવનની ભવ્ય ગંભીરતા ગરીબાઈ જીવનની તે
-જતાં સંપૂર્ણ ફાલંતાં હૃદય પરખાઈ આવી છે.

ગરીબાઈતણો ગુણ જીવનવિકાસને અર્થે
-ખરેખરો સાર્થ કેવો તે ! ખરો શ્રેયાર્થી પ્રીછે છે.

ગરીબાઈ ફૂલીફાલી ગગનની પાર પહોંચીને
-જીવનને તો ફળવવામાં ખરી ઉપયોગ આવી છે.

ગરીબાઈતણો ગુણ શું હળવા ફૂલ બનાવીને
-ઊંચે ઊંચે ચગાવીને જીવન ક્યાંયે ઉરાડે છે.

હરિઃૐ

# ગરીબો જાગશે ત્યારે

સમગ્ર **આ** ગરીબ લોક જીવનમાં જાગવાના છે,
શું અંધાધૂંધી પ્રગટાવી બધે અંધેર ફેલાશે !

સૂકા ભેગું વળી લીલું બળી સૌ તે ખતમ થાશે,
અવ્યવસ્થિત શું બધું જે તે, ઊથલપાથલ થવાનું છે !

ગરીબોને દબાવ્યા છે, શું હડસેલ્યા ગરીબને છે !
ગરીબો જાગતાં *ધમરોળ કરી શું નાખશે ત્યારે !

બધો વિવેક ને ન્યાય ભૂંસાઈ ને ભુલાશે તે,
વળી શો ન્યાય અન્યાય કશું જોવા ન કો રહેશે.

* શોરબકોર

હરિઃૐ

## ગરીબી તે ગરીબ ના છે.

'ગરીબીના બધા પ્રશ્નો ઉકેલાઈ જવાના છે.'
-બધા છો બાંગ પોકારે, રહેવાની જીવનમાં તે.

ગરીબીનીય શી શી તે જુદી જુદી જાત ભાતો છે !
જીવન રળવા ગરીબાઈ હૃદયથી કેળવાયે છે.

જદુાં જુદાં બહુ પાસાં ગરીબીનાં વળી શાં છે !
ગરીબીનાં બધાં પાસાંતણો અનુભવ થયેલો છે.

ગરીબી એકથી બીજીતણું જે જ્ઞાન ફોર્યું છે,
ગરીબી તે ગરીબ ના છે, મહત ઐશ્વર્યવાળી તે.

હરિઃૐ

# ગરીબી મસ્ત દિલની તે

ગરીબીને જીરવવી તે જીવનમાં દોહ્યલી શી છે !
મહામુશ્કેલીએ એને મહાકષ્ટે વિતાવી છે.

અજંપો તે છતાં દિલમાં કદી ઊગવા ન દીધો છે,
અશાંતિ, ક્લેશ, સંઘર્ષણ પ્રયત્ને શાંત પાડ્યાં છે.

જીવનનાં કેટલાં પાસાં ગરીબી સ્પર્શતી રહે છે,
મનન ચિંતવન કદીક ઊંધું કરવવાને મથાવે તે.

છતાં સાવધ રહેવાયું, ગરીબી મસ્ત દિલની તે
-જીવનનું ઉત્તમોત્તમ તે અનેરું અદકું સાધન છે.

હરિઃૐ

## ગરીબી એ કૃપાપ્રસાદી

ગરીબાઈ વિશે શું શું સહ્યાં ભારે કરેલું છે !
સમય તે, ઓછું આવ્યું છે, હૃદયમાં લાગી આવ્યું છે.

દબાઈ ત્યારે ચંપાઈ જીવન કેવું વિતાવ્યું છે !
ગરીબાઈતણી કેવી ભયંકર કારમી ભીંસ તે !

સહેતાંયે સહેતાંયે હૃદય ભોંકાઈ શૂળો છે !
નકામી એમની એમ ગરીબાઈ મળી ના છે.

કશું માગ્યા વિના મળતું નથી ક્યાંયે જીવનમાં તે,
'ગરીબી જે મળી જીવન' **હરિ**ની મહેરબાની તે.

મહાકષ્ટે ગરીબીમાં દિવસ કેવા વિતાવ્યા છે !
છતાં તેમાંથી દિલ ઊંચે થવા પ્રગટ્યું, કૃપા શી તે !

હરિઃૐ

# ગરીબીમાંથી અનન્ય લાભ

ગરીબાઈ વિશે કેવું અમે ગાળેલું જીવન છે !
બધા ગેરલાભ ને લાભ ગરીબીના જ જાણ્યા છે.

શું ભારોભાર અન્યાય ગરીબાઈ જીવનમાં તે !
વિના વાંકે પડ્યા માર, નજર પ્રત્યક્ષ જોયા છે.

સમય તે ત્યારથી દિલમાં ઊંડો નિશ્ચય થયેલો છે,
થવું એવા કે જેથી સૌ નમસ્કાર કરે ચરણે.

જીવનનું ધ્યેય તે ફળવા ગરીબીના જીવન વિશે
-કડીતોડ મથેલો શો ! ન તેથી કંઈ જે સાલી છે.

હરિઃૐ

# ગરીબી છતાં ખમીર

ગયો શરમાઈ કદીયે ના ગરીબાઈ જીવનથી તે,
ગરીબ હોવા છતાં ત્યાંયે ખમીર કેવું બતાવ્યું છે !

બધી ભણતરની કક્ષામાં ક્રમાંક રાખીને ઊંચો
-શી સરસાઈ જીવનમાં તો અમે તે વેળ ધારી છે !

જીવનમાં જેમની સાથે રહેવાનું થયેલું છે,
બધાંનું વહાલ સંપાદન અમે પ્રેમે કરેલું છે.

અમે મોભાની દરકાર જીવનમાં ના કરેલી છે,
મળેલી સ્થિતિનો લાભ લીધો ઉપયોગમાં શો તે !

હરિઃૐ

# દિલની ગરીબાઈ જીવનમાં કેળવીને તે

ગરીબી કારમી અમને શી સાલેલી જીવનમાં છે !
છતાં ત્રાસી જવાનું કંઈ ન તેથી તો બનેલું છે.

ગરીબીથી ચઢી ઊંચે જીવનમાં એવું બનવું કે,
'ન તતડાવી શકે કોઈ, ઊંચી આંખ કરે ના કો.'

'ગરીબના હાલ બેહાલ જગતમાં શા થતા રહે છે !'
અનુભવી તેવું પ્રત્યક્ષે, ગરીબ રહીને ન જીવવું છે.

પરંતુ દિલની ગરીબાઈ જીવનમાં કેળવીને તે
-શું નમ્રમાં નમ્ર, પદ પ્રેમે અમે એને ચઢાવી છે.

હરિ:ૐ

# ગરીબીયુક્ત જીવન આ

ગરીબીમાં મહાદુ:ખે જીવન કેવું જીવેલું છે !
છતાં તેમાંથી નીકળવા સતત યત્નો કરેલા છે.

'કશી કોઈ સ્થિતિ વિશે શિરે બે હાથ જોડીને
-ન બેસી રહેવું જાણ્યું છે,' કૃપા એ તો **હરિ**ની છે.

ગરીબને તો સહુ કોઈ બહુ ગોદા જ મારે છે,
ગરીબને શું નીચી મૂડીએ સહન કરવું પડે તે તે.

ગરીબીયુક્ત જીવન **આ** કૃપાથી તો મળેલું છે,
ગરીબી શ્રેષ્ઠ જીવનની અનુભવવા ચહેલું છે.

હરિઃૐ

## સૂક્ષ્મ ગરીબાઈનું ઐશ્વર્ય !

ગરીબીમાં અમે કેવી પ્રખર મહેનત કરેલી છે !
મળ્યું ખડતલપણું તેથી જીવન ઉપયોગ આવ્યું છે.

ગરીબીના હવે ગુણો હૃદય મારે વસેલા છે,
ગરીબી ભાનને લીધે ગરીબી કેળવાઈ છે.

ગરીબીની ખુમારીથી જીવન **આ** મહેકી ઊઠ્યું છે.
ગરીબીના હૃદય સદ્‌ગુણ વિશે દિલ કેવું મોહ્યું છે !

ગરીબી સ્થૂળમાંથી જે હૃદય સૂઝ્યું નીકળવાને,
ગરીબી સૂક્ષ્મ તેથી તો જીવનમાં ફૂલી ફાલી છે.

ગરીબાઈ અમીરાઈ થકી ચઢિયાતી કેવી છે !
જીવનની સૂક્ષ્મ ગરીબાઈતણું ઐશ્વર્ય ન્યારું છે.

હરિઃૐ

# ગરીબી વહાલી પ્રભુને જે

ગરીબીમાંથી નીકળીને ઊંચે ચઢી આવવાનું જે
-હૃદય પાકું હતું, તેથી સહેવાઈ ગરીબી છે.

ગરીબોને જગત લૂંટે, ગરીબને સૌ સતાવે છે,
નીચી તે બોરડીનાં સૌ બધાં બોરો ઝૂડી લે છે.

ખરેખરી પ્રેમસંભાળ ગરીબની કોક રાખે છે,
ગરીબની હાડછેડ જ શી વિના વાંકે કરે જે તે !

છતાં ગરીબાઈથી જીવન ખરું રળવાનું ધારીને,
ગરીબી વહાલી પ્રભુને જે શી કેળવી જાણી છે જીવને !

હરિ:ૐ

# ગરીબ તુજ દાસનો બોજ

મને જ્યાં ત્યાં જ પ્રત્યક્ષ અનુભવ તો થતો રહે છે !
હજારો હાથવાળો શો ધણી ગર્જતો મારો છે !

હૃદયમાં લાગણી કેવી બધાંનામાં તું ઉપજાવે,
વળી ઉદ્યત કરાવે છે લીધેલાં કર્મ ફળવાને.


ન ઝાઝો કંઈ પરિચય છે, છતાં એવાંય કંઈ જનમાં,
અનેરા ખંત ઉત્સાહ કરવવા કર્મ પ્રેરે છે.

ગરીબ તુજ દાસનો બોજ બધાંને વહેંચી તું દે છે,
કંઈક કર કેટલા દ્વારા લીધેલું કર્મ ફળવે છે.

હરિઃૐ

# ખંડ - ૬

# 'જીવન પરમાર્થ'નો યજ્ઞ



સતત પરમાર્થનો યજ્ઞ પ્રભુપ્રીત્યર્થ જીવનમાં
-હૃદય ભક્તિથી આચરવા રહ્યો મંડ્યા **હરિ**પદમાં.

હરિઃૐ

# જીવનયજ્ઞ ચલાવ્યો છે

પુરુષાર્થ થકી હીન થતી પ્રવૃત્તિ મિથ્યા તે,
ખીલવવા **ગુણ ને ભાવ** પુરુષાર્થ થયેલો છે.

જીવન પરમાર્થનો યજ્ઞ **હરિ**પદની શી ભક્તિ છે !
હૃદયની પ્રેમભક્તિથી જીવનયજ્ઞ ચલાવ્યો છે.

પરિપક્વ થવા કાજે જીવનયજ્ઞ ભૂમિકાને,
-જીવનના ગુણ ને ભાવ હૃદય સિંચિત કરેલી છે.

હવે જીવવાતણો લહાવો કૃપાથી જે મળેલો છે,
હૃદય કૃતાર્થતા ભાવે થયેલા મુગ્ધ શા છીએ !

હરિઃૐ

# જીવન પરમાર્થનો યજ્ઞ

પ્રતિષ્ઠા, કીર્તિ ને લક્ષ્મીતણી આશા ન સેવી છે,
અમારે તો હૃદય ભક્તિતણી લગની શી લાગી છે !

**હરિસેવા** થવા અર્થે જીવનનો યજ્ઞ માંડ્યો છે,
જીવન પરમાર્થનો યજ્ઞ **હરિ** સંતોષવાને છે.

થતાં પરમાર્થનાં કર્મ, ચરણ ભાવાંજલિ ફૂલ તે,
**હરિ**ની ભક્તિનું વ્યક્ત થતું પરિણામ સાચું તે.

**હરિ**માં જીવવાકેરો જીવન પરમાર્થનો યજ્ઞ
-હૃદય મંડાયેલો જે છે, કૃપાની તે પ્રસાદી છે.

હરિઃૐ

## જીવન સમર્પણ યજ્ઞ

શું* વલ્લંખલ્લા સંપૂર્ણ કરી દઉં છું બધી રીતે
-સમર્પીને, સમર્પીને પ્રભુ તારે ચરણકમળે.

બધું જે જે થતું, તે તે, મનાદિ પ્રવૃત્તિ જે તે
-બધું અર્પી દઈ, સોંપ્યા કરું હું તો ચરણકમળે.

સમર્પણ યજ્ઞનો એવો પ્રવાહ શો જીવનનો તે
-સતત વહેતો રહેલો છે ! જીવનને **એણે** ધોયું છે.

ચરણમાં તે જીવન પાછું હૃદયની ભેટ તે તુજને
-ધરી દઈને પૂરા ખાલી અમે કેવા થયા છીએ !

* કોઈનું માગતું લહેણું રહ્યું નહિ એમ.

હરિઃૐ

# અનેકે રીતના યજ્ઞ

અનેકે રીતના યજ્ઞ જીવન મંડાવિયા તેં છે,
અનેકેવિધ આહુતિ અપાવ્યા તેં કરેલી છે.

સમર્પાવી જ આહુતિ, અપાયા તે જતાં યજ્ઞો,
કરાવી શુદ્ધિ જીવનની, સમર્પાવી જ પાછી તે.

સદા ખાલી, પૂરા ખાલી રખાવ્યાની રસમ જીવને,
સમર્પણ યજ્ઞના ભાવે કૃપાથી શિખવાડી છે.

સમર્પણ યજ્ઞ આહુતિ અપાયા શી થતી રહે છે,
જીવનની ધન્યતા ઉજ્જ્વળ શી તેમાંથી જ જન્મે છે !

હરિઃૐ

# થયેલા ત્યાગના યજ્ઞો

તપાવીને, તપાવીને, તપશ્ચર્યા કરાવી છે,
સમર્પાવી ચરણમાં તે જીવન તેજસ્વી બનવ્યું છે.

બલિદાન, સમર્પણ ને થયેલા ત્યાગના યજ્ઞો
-જીવન ન્યોછાવરી પ્રગટી, ચરણમાં તે ચઢાવી છે.

ખપે છે જેવું તેવું ના, શું સર્વોત્તમ ને શ્રેષ્ઠ જ જે,
**હરિ**ને તે સમર્પાવા ચરણમાં યોગ્ય પાત્ર જ છે.

સમર્પાતાં, સમર્પાતાં, રહેલી બાકીની શેષ,
પ્રસાદી યજ્ઞની એવી અમારે ભોગને પાત્ર.

હરિઃૐ

## સમર્પણનો જીવનયજ્ઞ

સમર્પણ યજ્ઞ વિના તો જીવનમાં ચાલતું ના છે,
પડેલો તે ચીલો કેવો જીવનનો તો અમારો છે !

સતત એવો સમર્પણનો શું પ્રજ્વળતો જીવનયજ્ઞ !
-બધે બ્રહ્માંડમાં ચાલુ પળેપળ શો થતો રહે છે !

પછીથી બાકી હું ક્યાંથી રહી તેથી શકું જીવને !
શી તીવ્ર સભાનતાથી તો જીવન ઝળક્યાં કરે છે તે !

જીવન અજવાળતો એવો સમર્પણ યજ્ઞ પળપળનો,
અમારી જિંદગાનીને કરે સાર્થક કૃપાથી તે.

હરિઃૐ

## જીવંતો યજ્ઞ રાખ્યો છે

બધા પ્રાણ જ નિચોવીને, જીવન પુરુષાર્થના યજ્ઞે
-સતત આહુતિ અર્પીને, જીવંતો યજ્ઞ રાખ્યો છે.

જીવનના યજ્ઞમાં તેવા બધું સારું અને નરસું,
-કૃપાથી હોમી હોમીને સમર્પણ યજ્ઞમાં કીધું.

કદીક શો યજ્ઞનો અગ્નિ ભભૂકતો ગૂંગળાયો છે !
અયોગ્ય આહુતિથી જ્યાં, બહુ મથવું થયેલું છે.

જીવનના યજ્ઞની જ્વાળા ફરી ભભુકાવવા ઊર્ધ્વે
-કૃપાથી આહુતિ ભાવ, શું અર્પી તે જલાવી છે !

હરિઃૐ

## અખંડ કર્મનો જીવનયજ્ઞ

જીવનના મર્મનું હાર્દ સ્મરણભાવે ઊગેલું છે,
સ્મરણભાને ઊગ્યાથી તે, પ્રિછાવા દિલ લાગ્યું છે.

પ્રિછાવાથી જીવનને તે શી તીવ્ર સભાનતા હૃદયે !
ખરેખર જાગી ઊઠીને મને બેઠો કરેલો છે.

જરા આરામ કરવાને, જરા પણ થાક ખાવાને,
જરા કંઈ હાશ વળવાને, ન વળવા જંપ દીધો છે.

જીવનની જાગૃતિએ તે સૂવા મુજને ન દીધો છે,
જીવનના યજ્ઞના કર્મે સતત શો જોતરાવ્યો છે !

હરિઃૐ

## સમર્પણ પ્રેમથી કરતાં

હૃદય કૃતાર્થતા, ગૌરવ ચરણકમળે જીવનને તે
-સમર્પણ પ્રેમથી કરતાં, જીવનમાં અનુભવેલું છે.

થઈ થઈ દિલથી ન્યોછાવર, ચરણ હૃદયે લગાડીને,
જીવનનું હાર્દ તો તુજને અમે ધરવા મથેલા તે.

અનુભવવા તને કેવાં જીવનસંકટ સહેલાં છે !
ઉમળકે ભોગવી તે તે, તને દિલ પકડી રાખ્યો છે.

તને દિલ પામવા કોઈ કશી કિંમત ન ભારે છે,
બધું પદ ચૂકવી ચૂકવી ખલાસ શા થયા છીએ !

હરિઃૐ

## જીવનના યજ્ઞની ખુશબો

જીવનધ્યેય પરત્વેની શી જવાબદારી તત્પર જે,
રહી પ્રજ્વળતી હૃદયે તે, સતત ચલવ્યા કરે શી તે !

જીવનના તે સમર્પણના સતત પ્રજ્વળતા રહેલાને
-બધી આહુતિ હોમાતાં ભભૂકતી જ્વાળ શી યજ્ઞે !

અસર તે યજ્ઞની સઘળે બધે ચોપાસ ફેલાયે,
શું વાતાવરણને શુદ્ધ પૂરેપૂરું બનાવે છે !

જીવનના યજ્ઞની ખુશબો શી પ્રસરાવી જીવનમાં તે !
સમૂળું સર્વ પલટાવી, જીવનચશ્માં જ બદલાવે.

હરિઃૐ

# જીવનસંગ્રામ જે જામ્યો

જીવન પડકાર વિનાનું કદીયે પણ રહ્યું ના છે,
કૃપાથી મેં જીવનમાં તો બધા પડકાર ઝીલ્યા છે.

જીવનમાં આવકારાતાં બધા પડકાર, ભીષણ તે
-જીવનસંગ્રામ જે જામ્યો, પરાક્રમથી જ ખેલ્યો છે.

અમારે મુખથી એવું વદવું ના યોગ્ય લાગે તે,
પરંતુ વાસ્તવિકતા તે અમારા તો જીવનની છે.

ઘવાયા ત્યાં મરણતોલ, છતાં ના પીઠ બતાવી છે,
કૃપા એ તો **હરિ**ની કે 'ટકી ઊભા લડેલા તે.'

હરિઃૐ

# ઉપયોગ સ્વરૂપે જ્ઞાન

જીવનના યજ્ઞનું કર્મ પળેપળ ચાલુ તે રહે છે,
હૃદય તે જાગૃતિભાને જીવનમાં શક્તિ ખીલે છે.

જીવન ઉપયોગમાં લેતાં શી પ્રજ્વળતી જ શક્તિ તે,
વધારે ઑર શક્તિમાં વધારો શો થતો રહે છે !

બધું ઉપયોગમાં લેવાતણી જે સૂઝ જાગી છે,
હૃદય ઉપયોગને તેથી સ્વરૂપે જ્ઞાન જાણ્યું છે.

બધા સર્જનતણો હેતુ રહ્યો ઉપયોગમાં જે છે,
જીવનસર્જન થવામાં તે કળા શી હાથ લાગી છે !

હરિઃૐ

## પ્રમાણિકતા, વફાદારીની જહેમત

જીવનવિકાસનો માર્ગ સીધી લીટીતણો ના છે,
ચલાવા માંડતાં, ઘેરી નિરાશા સાંપડેલી છે.

ઘૂમરીઓ તે નિરાશામાં કંઈક ખાધાં કરેલી છે,
વમળથી છૂટવા વારો થતાં યત્ને ન આવ્યો છે.

હૃદયથી પ્રાર્થના આશ્રય લીધા ત્યારે કરેલો છે,
ટકી શકવાનું બળ તેથી નિરાશામાં મળેલું છે !

શું બારે વાંસ ડૂબ્યો છું, છતાં તરફડિયાં માર્યાં છે,
વળી બાથોડિયાં જ્યાં ત્યાં બહુ માર્યાં કરેલાં છે.

પ્રમાણિકતા, વફાદારી થકી મથવાની જહેમત જે,
જીવનસંગ્રામની એવી મહેનત ઊગી નીકળે છે.

હરિઃૐ

# જીવનનું ધ્યેય જે દિનથી

જીવનનું ધ્યેય જે દિનથી હૃદય નિશ્ચિત થયેલું છે,
હું વાપરવા જ મંડ્યો છું, બધું બળ તે વિશે જે તે.

જીવનમાં એકધારું તે વિશે દિલને ટકાવાને
-ઉપાયો સૂઝતા એવા કર્યા નિશદિન કરેલા છે.

હૃદય મક્કમ મરણિયો દૃઢ ઊંડો નિશ્ચય થયેલો જે
-સતત ગોદાટી ગોદાટી મને કર્મે લગાડ્યો છે.

નિરંતર દિલમાં દિલથી મથ્યો જે એકધારું રહે,
હૃદય સાકાર તેવાને થવાનું ધ્યેય નિશ્ચિત તે.

હરિઃૐ

## પથે સાહસ, પૂરી હામે

ભલે આવ્યા વિરોધો છો, ઊલટ તેથી જીવન મુજને
-કસાવાની મળી તક તે, કૃપા એને શી માની છે !

શરૂશરૂમાં વિરોધોથી ગયો ખચકાઈ પંથે હું,
શું પથ ઓળંગવા હૃદયે ઊંડું ઘમસાણ જાગેલું !

મથામણની ભીંસામણમાં બન્યું કચડાઈ જવાનું તે,
ડરી તોયે ગયો છું ના, મથામણ ચાલુ રાખી છે.

સતત મથતું રહેવાની જીવનની પ્રક્રિયામાં તે
-હૃદય ખીલતા જવાકેરી જીવનદષ્ટિ ખીલેલી છે.

જીવનની એવી દષ્ટિથી હૃદય સાહસ પ્રવર્ત્યું છે,
પથે સાહસ, પૂરી હામે ભરાતાં ડગ ગયેલાં છે.

હરિઃૐ

## હૃદયમાં આગ ચાંપી છે

જીવનમાં ગડમથલ કૈંક બહુવિધની થયેલી છે,
કંઈકમાં આવી છે ફાવટ, કંઈકમાં હાર લાધી છે.

કંઈકમાં ખાધી છે છક્કડ, કંઈકમાં જય મળેલો છે,
શું પારાવારનું ઊંધું કંઈકમાં વેતરાયું છે !

બધી આ ગડમથલ વિશે જીવનના ધ્યેયનું હાર્દ
-ભૂલેચૂકે જવાયે ના ભૂલી, એનું રહ્યું ભાન.

મહત્ત્વ આ જીવનકેરું હૃદય લાગ્યું ઊંડું, તેણે
-નિરાંતે ના સૂવા દઈને હૃદયમાં **આગ** ચાંપી છે.

હરિ:ૐ

# ભરોંસે જે પ્રભુ પર છે

જીવનમાં ક્યાં વળી કેવાં બહુ બાથોડિયાં માર્યાં,
હવામાં બાચકા ખાલી ભર્યા મેં તો કરેલા શા !

હૃદય સમજ્યાં કરેલું કે 'બહુ યત્ન થયેલા છે,
ન છેડો કાં હજી આવે ?' હું ભ્રમણામાં રહેલો તે.


ભરોંસે જે પ્રભુ પર છે, પ્રભુ તેને જગાડે છે,
જગાડીને મથાવે છે, કૃપા એવી **હરિ**ની છે.

મને ધક્કેલી ધક્કેલી હૃદય શો દમ ભીડાવીને !
જીવનવિકાસના કર્મે સતત ખૂંપાવી દીધો છે.

હરિઃૐ

# ખંડ - ૭

# ‘અનંત હારમાળાઓ’



અનંત શાં જીવનપાસાં અને પ્રત્યેકનો ધર્મ
-જુદો જુદો નિરાળો શો ! પ્રમાણે આચર્યું કર્મ.

હરિઃૐ

## અનંત હારમાળાઓ !

જીવનમાં કેટલી વાર લપેટાયો પૂરેપૂરો,
ઊંડે ઊંડે છતાં તોયે રહેલું ભાન છે થોડું.

બહુ વેળા ચઢેલો છું, બહુ વેળા પડેલો છું,
બહુ વેળા હઠાયું છે, બહુ વેળા ચગાયું છે.

જિતાયું છે, હરાયું છે, કુટાવાયું જ છે પંથે,
છતાં પાછું ચઢાયું છે, કૃપાથી શી જીવનપંથે !

અનંત હારમાળાઓ જીવનમાં કેટલી રીતની
-હૃદય તે તે વિશે મુજને **हरियादी** રહેલી શી !

હરિ:ૐ

## તમન્નાની કૃપા શી તે !

જીવનમાં કેટલી વાર જવાયું આડફંટે છે,
વલણ, વૃત્તિ, હૃદયદૃષ્ટિ છતાં પથ પર રહેલાં છે.

જીવનમાં રહી શક્યો જીવતો ભલે પડતાં છતાંયે તે,
મનાદિમાં જીવનધ્યેય રમ્યા કરતું રહેલું છે.

ભલે ભૂલું પડાયું છે, ભલે રખડી જવાયું છે,
છતાં દૃષ્ટિ જીવનપથની ચૂકી ના તે જવાઈ છે.

તમન્ના આગના જેવી હૃદય લાગેલ જેથી તે
-સતત મથતું રહેવાયું તમન્નાની કૃપા શી તે !

હરિઃૐ

# હૃદય નિશ્ચય થયેલો છે

જીવનને આફતો વચ્ચે થકી સિફતથી પ્રેરવવા
-મતિ શી વાપરી ઊંડી લગાવી ડૂબકી છે ત્યાં !

મનાદિમાં થતાં ઘર્ષણ અશાંતિ ઉપજાવે છે,
હૃદયની ભાવસમૃદ્ધિ ઘટે શી ત્યાં ખરેખર તે !

જીવનમાં શાંતિ સંપૂર્ણ હૃદય અવતારવા કાજે,
'કશીયે જાતનું ઘર્ષણ ન હો,' એવું ચહેલું છે.

'જીવનના ધ્યેયઅભ્યાસે સતત તેથી હૃદય મચીને
-થવા તે ભાવની વૃદ્ધિ,' હૃદય નિશ્ચય થયેલો છે.

હરિઃૐ

# પુરુષાર્થે મથાવીને

જીવનમાં આંચકા લાગ્યા મને કેવા ભયંકર તે !
પૂરેપૂરો મને ત્યારે શું થથરાવી જ નાખ્યો છે !

ઘડીક તો ભાન ભૂલ્યો છું, જીવનની સાન ચૂક્યો છું,
જીવનની આંટીઘૂંટીમાં પડી પૂરો ગયેલો છું.

નીકળવા બહાર તેનાથી ન મુજમાં શક્તિ કોઈ તે,
સ્મરણ ને પ્રાર્થનાનુંયે ભૂલ્યો છું ભાન સઘળું જે.

પ્રતિષ્ઠા કિંતુ દિલ નિશ્ચિત થયેલી ધ્યેયની જીવને,
પુરુષાર્થે મથાવીને પથે પાછો ચઢાવ્યો છે.

હરિઃૐ

## મળ્યું બળ હૃદય તેથી

જીવનમાં સાધના જેવું શું યત્કિંચિત્ થયેલું જે !
મળ્યું બળ હૃદય તેથી અનુભવમાં જણાયું છે.

નૂતન નૂતન જીવનદર્શન થતું કેવું રહેલું છે !
પ્રકાશે શો જુદો જુદો તબક્કે તે જુદે જુદે !

સમગ્રે ને સળંગેયે જીવન તે તે વિશે હૃદયે
-**हरि** શો એકધારો તે વણાયેલો રહેલો છે !

**हरि**દર્શન જીવનપથમાં જુદી જુદી ભૂમિકામાં
-જુદાં જુદાં અનોખાં તો અનુભવમાં થયેલાં શાં !

હરિઃૐ

# હૃદયકૌવત બઢેલું છે

હૃદય ઉત્સાહથી કરતાં મળેલાં કર્મ જીવનનાં,
જીવનકૌવત શું બળવંતું હૃદયથી કેળવાતું છે !

જીવનકૌવતને નિજ દિલના શું ધ્યેયે જોતરાવીને
-પૂરું ઉપયોગમાં લેતાં, હૃદયકૌવત બઢેલું છે.

જીવનના ધ્યેયમાં કૌવત શું વપરાતાં જ વપરાતાં
-જીવનના પંથની સૂઝ મળ્યા કેવી કરેલી છે !

જીવન અંતરતણી એવી મળંતી સૂઝ વિકાસે
-ઊંડે ઊંડે ઊતરવામાં પથે ઉપયોગ આવી છે.

હરિઃૐ

# મરણિયો દિલ નિર્ધાર

જીવનઆદર્શની રીતે જીવનમાં જીવવું જો છે,
પછીથી વર્તવું એવું પડે, નિશ્ચય પ્રમાણે તે.

પથે વર્તાયું છે મુજથી, છતાં વાંકુંચૂકું શું તે !
પડેલા ચિત્ત સંસ્કારતણું બળ ત્યાં જણાયું છે.

રહેતો બેસી ના ઠાલો પરખવા તે છતાં તે તે,
શું સંસ્કારોથી નિશ્ચયનું અતુલ બળ તે સમર્થ જ છે.

મરણિયો દિલ નિર્ધાર પડ્યો કેમે કરી ના રહે,
ઊથલપાથલ બધું જે તે કરવવાને મથાવે તે.

હરિઃૐ

# તને દિલ રાહબર ધારી

જીવનમાં ગડમથલ ઝાઝી બહુ જ કરવી પડેલી છે,
કંઈક વેળા અવળચંડી શી ગડમથલ થયેલી છે !

કૃપા એવી પ્રભુની કે હૃદય **એણે** સુઝાડ્યું છે,
સીધે રાહે વળી પાછો શું **એણે** મૂકી દીધો છે !

પથે અથડાઈ, કુટાઈ રખડી રખડી ડૂચો મુજ તે
-પૂરો નીકળી ગયેલો છે, ન વળવા હાશ દીધી છે.

તને દિલ રાહબર ધારી પથે કેવું ઝુકાવ્યું છે !
પથે નાહકની અથડામણ મને શાને કરાવી છે !

હરિઃૐ

# શું પથદર્શક જીવનનું જે !

જીવનના ધ્યેયની તીવ્ર તમન્ના આગના જેવી
-હૃદય જલતી રહેલીએ શું ધક્કેલ્યા કરેલો છે !

જરીયે જંપ વળવાને કશો ક્યાંયે ન દીધો છે,
લબડધક્કે જીવનમાં તો મને શો લેવરાવ્યો છે !

તબક્કામાં જ પ્રત્યેક હૃદય બળતી તમન્નાએ
-નયન ખુલ્લાં રખાવીને મને ઊંઘવા ન દીધો છે.

છતાંયે સ્પષ્ટ દર્શન તે જીવનનું સર્વ જે તે-માં
-વીધંતું પારદર્શકનું પૂરેપૂરું થયેલું ના.

ભલેને ધૂંધળું તોયે શું પથદર્શક જીવનનું છે !
અજાણ્યે માર્ગ ધપવા તે મને યોગ્ય જ બનેલું છે.

હરિઃૐ

## જીવનદર્શન જુદાં જુદાં !

જીવનમાં ઝાંઝવા જળની નરી દુનિયા નિરાળી છે,
બહુ રીત નાણી જોઈને અનુભવથી પ્રમાણી છે.

હ્દય ઝોક બધા વર્તન વિશે ધારી હ્દય **हरि**ને,
-**हरि**ને જીવતો કરવા પરત્વે ખૂબ રાખ્યો છે.

હ્દય તે એકનું એક ઘૂંટાયા શું કરાયું છે !
અસર એની જીવન પર શી પડ્યા કરતી રહેલી છે !

અસર એવીથી જીવનનો નવો ફાલ જ ફળેલો છે,
જીવનદર્શન જુદાં જુદાં થતાં કેવાં રહેલાં તે !

હરિઃૐ

## શી સેવાની પ્રસાદી તે !

જીવનને આમથી તેમ બહુ ફગવ્યા કરેલું છે,
જીવનને સાવ ઉકરડો બનાવી શો દીધેલો છે !

છતાં દુર્ગંધ ન આવી છે, રમ્યા તેમાં કરેલું છે,
જીવન તેમાં ચગાવ્યું છે, જીવન ફંગોળી દીધું છે.

છતાં તેં દેશભક્તિની ધૂને મુજને ચઢાવીને
-પરોવ્યો ધર્મ સેવાએ, મહદ ઉપકાર કીધો છે.

થયું ફરી જીવવું નૂતન, શી સેવાની પ્રસાદી તે !
**हरि** ભજવાની લત પછી શી, કૃપાથી તેં જગાડી છે !

હરિઃૐ

## જીવનમાં બોલવા કરતાં

જીવનમાં બોલવા કરતાં જીવન આચરવું રાખ્યું છે,
કળા આચરવાની દિલમાં કૃપાથી તો મળેલી છે.

છતાંયે ભૂલથાપ જ શી જીવન ખાધા કરેલી છે !
મહામુશ્કેલીએ પાછું સીધું જોવું થયેલું છે.

ઊગેલું દિલ આચરવા તુરત પ્રેમે કરેલું છે,
હું આચરવા વિશે સહેજે ચૂક્યો છું ના ભૂલેચૂકે.

કદીક ઊંધું જ જાગ્યું છે, તહીં આચરતી વેળાએ
-રહી સાવધ પૂરેપૂરો, બધાં પાસાં તપાસ્યાં છે.

હરિઃૐ

# બધુંયે ચલ જરૂર નિશ્ચે

જીવનની રીતરસમ સઘળી જીવનવિકાસની રીતે,
જીવનની ભાવના બઢતાં બધી બદલાતી ચાલે છે.

કશું પણ સ્થાયી ના ક્યાંયે, બધું બદલાતું સૌ રહે છે,
જીવનનું જો થતું ના હો, સ્થગિત જે તે જ તેમ જ છે.

જીવન સઘળું, શરીર પણ **આ**, બધું બદલાતું પણ રહે છે,
ન છે સભાનતા તેની, ખબર તેથી પડે ના તે.

બધુંયે ચલ જરૂર નિશ્ચે, અચલ તે ચલ વિશે કંઈ છે,
નહિતર ફેરફાર જ તે શક્યો થઈ સૌ કઈ રીતે ?

હરિઃૐ

# સતત તે લક્ષમાં રાખી

જીવનમાં ડગલું પ્રત્યેક ભરાતાંમાં જીવનધ્યેય
-સતત તે લક્ષમાં રાખી, કર્યું છે વર્તવાનું પથ.

શી છેતરપિંડી તોયે પથ જીવન આવી પડેલી છે !
-સમજતાં, જાગીને તુરત સીધું આવી જવાયું છે.

જીવનમાં ભુલભુલવણીમાં કંઈક વેળા પડાયું છે,
કૃપા તો એવી કે મુજથી હૃદય ચેતી જવાયું છે.

જીવનમાં માર કંઈ વેળા બહુ ખાધા કરેલો છે,
છતાં તેમાંથી મૂળ સાર ગ્રહી લેવું બનેલું છે.

હરિઃૐ

## શું નિશ્ચળ તત્ત્વ છૂપું છે !

જીવનમાં ભૂલ ભૂલમાં મેં શું ગોટાળો જ વાળ્યો છે !
સમજતાં દિલ પસ્તાવો શું અપરંપાર જાગ્યો છે !

શું પશ્ચાત્તાપ અગ્નિથી બળ્યા કેવું કરેલું છે !
અને એમાંથી ઊગરવા હૃદયમાં બુદ્ધિ જાગી છે.

જીવનમાં કેટલી વાર ઊંચાનીચા થવાયું છે !
ટકાતાં ઉચ્ચ શિખર પર હૃદય સ્થિરતા શી વ્યાપી છે !

જીવન નિશ્ચળપણા કેરી અસર છાપ ઊગેલી છે,
અનિશ્ચળ છે બધું તેમાં શું નિશ્ચળ તત્ત્વ છૂપું છે !

હરિઃૐ

## સહારો શો મળેલો છે !

જીવન જીવતાં, જીવન જીવતાં, જીવન જીવવાતણું જ્ઞાન
-અનુભવથી મળ્યા કરતું, હૃદયમાં તે જણાયું છે.

પ્રગટ અનુભવતણો કેવો પ્રભાવ તો પડેલો છે !
ઘડાવાને જીવન તેથી સહારો શો મળેલો છે !

અનુભવ ઑર પ્રત્યક્ષ થતાં ઊભા થવાવાનો,
હૃદયમાં આત્મવિશ્વાસ શો નક્કર દિલ પ્રગટ્યો છે !

શું તેજસ્વી હૃદયના તે જીવનના આત્મવિશ્વાસે
-જીવનમાં ઠેકડા કેવા મરાયા ને ભરાયા છે !

હરિઃૐ

## અનંતાનંત આ માર્ગ

જીવનઅભ્યાસ જે વેળા થકી, દિલમાં થવા મંડ્યો
જુદું જુદું ગહન કેવું મળેલું જાણવાનું શું !

અનંતાનંત **આ** માર્ગ થતાં અનુભવ જીવન વિશે,
હૃદય સમજણ ઊગેલી કે હજી આગળ જવાનું છે !

ક્ષિતિજો એકથી એક શી ભવ્ય પરંપરાઓ છે !
કદી વટાવતાં છેડો પૂરો ના આવવાનો છે !

**હરિ**ના ભાવમાં પૂરી કદી ના પૂર્ણતા ક્યાંયે,
ભરી સંપૂર્ણતામાંયે નર્યો સંપૂર્ણ ભાવ જ છે.

હરિઃૐ

# હૃદય ચેતેલ રાખ્યો છે

‘જીવનને આડફંટે લઈ જવાતું,’ જાણ્યું જ્યાં દિલ તે,
સફાળો શો થવા જાગૃત, પ્રયત્નો તો કરેલા છે.

ફવાતાં ત્યાં ન સંપૂર્ણ, છતાં યત્નો મૂક્યા ના છે,
ગમે તેમ કરી જાગૃત મથેલો છું થવા હૃદયે.

હૃદય જાગેલ જિજ્ઞાસા પથે ખપ કેવી લાગી છે !
મને ઊંચકી પથે એણે સીધો લાવી જ મૂક્યો છે.

ગમે તેવું થતાં તોયે સતત મથતું જ રહેવાને,
કૃપાસૂઝ તેં ઉગાડીને હૃદય ચેતેલ રાખ્યો છે.

હરિઃૐ

# જીવનનું સાચું દિલભાન

જીવનકર્દમથી શો મુજને ખસેડાવી જ લીધો છે !
જીવનનું સાચું દિલભાન સ્ફુરાવી ન્યાલ કીધો છે.

જીવનને જીવતાં એણે કૃપાથી શિખવાડ્યું છે,
કદીક જો ભૂલ ખાધી છે, પથે પાછો ચઢાવ્યો છે.

અનેકે વાર અથડાતાં ઊંધે પાટે ચઢાયું છે,
છતાં પાછું હૃદય તેની વિશેનું ભાન પ્રેર્યું છે.

બહુ વેળા જીવનપાઠ હૃદય શીખવા મળેલો છે,
જતાં શીખતાં, જીવન ગૂઢ શું તારતમ્ય સ્ફુરેલું છે !

હરિઃૐ

# ગમે તેવી દશામાંયે

જીવનમાં કેટલી વાર ઊંડી ખીણમાં ઠરાયું છે !
જીવનની ભૂમિકા સ્થિર થવા કાજે થયેલું તે.

અનુભવથી હૃદય એવી ખરી સમજણ પડેલી છે,
નિરાંતે ત્યાં પડ્યો રહેતો, ન ઉધમાતો કર્યા કૈં છે.

'મળેલી સર્વ પરિસ્થિતિ જીવનવિકાસ અર્થે છે,'
હૃદય નિશ્ચયની ભૂમિકા થયેલી પાકી એવી તે.

કૃપા એ તો **हरि** તારી શી વર્ષતી રહેલી છે !
ગમે તેવી દશામાંયે ચુકાયે ના સ્મરણ તુજ તે.

હરિઃૐ

## ટકે જ્યાં એકધારી તે

ખરેખર નાકની દાંડીતણી સામે સીધે સીધું
-કદીયે પણ જરા સરખું જીવનનું શક્ય ના વહેવું,

ચીલો કેવો જીવનનો તે અગાઉથી ખબર ના છે,
પરંતુ વૃત્તિના વહને ખબર તેની પડે હૃદયે.

જીવનની ભાવના ઊર્ધ્વે વહનની પ્રક્રિયા વિશે
-ટકે જ્યાં એકધારી તે, પ્રતિષ્ઠા ધ્યેયની ત્યાં છે.

પ્રતિષ્ઠા ધ્યેયની નિશ્ચિત શી પ્રસ્થાપિત થતાં જીવને !
હૃદયનો ભાવનાધોધ ઊછળતો મસ્ત શો રહે છે !

હરિઃૐ

# હરિનું તો ગણેલું છે

પ્રતિષ્ઠા, કીર્તિ ને લક્ષ્મી જીવનમાં જે મળેલાં છે,
પરંતુ તે ન ભોગાર્થે, બધું પરમાર્થ અર્થે તે.

કહી ના માત્ર જાણ્યું છે, પૂરેપૂરું જીવનમાં તે
-ખરેખર આચરી પ્રેમે, અમે તે તે બતાવ્યું છે.

ગરીબાઈ વિશે કાંઈ ન ભોગવવું મળેલું છે,
હવે તો જે મળ્યું તેને **હરિ**નું તો ગણેલું છે.

**હરિ** કાજે, **હરિભાવે** જીવનમાં જીવવાનું છે,
જીવનના યજ્ઞનો ભાવ ફળંતાં, જીવવું ખરું તે.

હરિઃૐ

## કરે એકાગ્ર કેંદ્રિત તે

પરોવાયેલ રહેવાથી સતત દિલ એકને એકે,
હૃદયમાં એ જ ઘૂંટાયા કરાતું છે જીવન વિશે.

મથામણ પ્રક્રિયા એવી હૃદય ચાલી રહેલી જે,
અસર ઊંડી ઊંડી પોતે જીવનમાં ઉપસાવે છે.

નિરંતરની અસર એવી મનાદિને રખાવીને
-જીવનધ્યેય પરત્વે તે, કરે એકાગ્ર કેંદ્રિત તે.

નિરંતરની થતી એવી હૃદય એકાગ્રતાથી તે,
જીવનધ્યેય શું સંપૂર્ણ પૂરું આકાર તે લે છે !

હરિઃૐ

## જીવન ઉકેલવા અર્થે મથામણ

જીવન ઉકેલવા અર્થે મથામણ બહુ થયેલી છે,
પથે વેતરાઈ જતાં ઊંધું, સવેળા ના જગાયું છે.

‘બધાં પાસાં પડે અવળાં’ જહીં મેં દિલ નિહાળ્યું તે
-કંઈક કારણ હશે ઊંડું, સમજવા દિલ મથેલો તે.

તપાસ્યું ઊંડું ઊતરીને પૃથક્કરણ સર્વ કીધું છે,
કૃપા થાતાં બધું સુતરું સફળ ત્યાં યોગ્ય ઊતર્યું છે.

જીવનમાં ચઢઊતર એવી બહુ વેળા અનુભવીને
-હૃદય નિશ્ચિંતતા, શાંતિ હું જાળવવા મથેલો છું.

હરિઃૐ

# અનુભવની પ્રતીતિથી

જીવનમાં જીવવાકેરું મહત્ત્વ દિલ જાગ્યું છે,
જીવનમાં જીવવાનીયે જુદી જુદી ભૂમિકા છે.

જીવનમાં કેટલી વાર ઊંડી ખીણે પડાયું છે !
મળેલું સ્થિર થવાને ત્યાં ખરો હેતુ રહેલો છે.

પરંતુ તેવી સમજણ તે હૃદય ના એકદમ થઈ છે,
થતાં પછડાટ કેવાક હૃદય સમજણ ઊગેલી તે.

મળેલી સર્વ પરિસ્થિતિ વિકાસ અર્થ તે તે છે,
અનુભવની પ્રતીતિથી હૃદય નિશ્ચિંતતા થઈ છે.

હરિઃૐ

## હૃદયનું પ્રેમઆકર્ષણ

પ્રભુ મારા પરત્વેનું હૃદય તુજ લક્ષ ખેંચાવા
-રડી રડીને વિતાવ્યા છે, દિવસ મેં કારમા કેવા !

કદી માથાં પછાડ્યાં છે ! કદીક તો વાળ ખેંચ્યા છે,
કર્યા કૈં ધમપછાડા છે, છતાં તેં સાંભળ્યું ના છે.

શું અસંતોષ વ્યાપ્યો છે ! ન જેની કાંઈ સીમા છે,
તને સંભારી સંભારી કદીક ગાળોય દીધી છે.

નીરખવાને નજર સામે હૃદય શા કોડ જાગ્યા છે !
હૃદયનું પ્રેમઆકર્ષણ મને તુજ સાથ જોડે છે.

હરિઃૐ

## જીવન નવનીત પમાયું છે

બનવવા યોગ્ય ભૂમિકા પચવવાને ઊગેલું જે,
હૃદયથી હેતુપૂર્વકથી મથેલો છું, મચ્યો રહીને.

જીવનમાં જાગતું બનવા હૃદયનો ભાવ ચેતવવા,
ઊગેલાં સર્વ સાધનના હું અભ્યાસે રહ્યો રત ત્યાં.

કૃપાથી એકધારો શો હૃદય મથતો રહેવામાં
-ઉમળકો હર્ષ ઉન્માદ હૃદય પ્રગટ્યા કરેલા શા !

હૃદય જીવતો રહેવાયું સતત એવી મથામણથી,
મથામણ પ્રક્રિયામાંથી જીવન નવનીત પમાયું છે.

હરિઃૐ

# જીવનના ધ્યેયની લગની

હિમાલય જેવડી છોને નિરાશા તો જીવનમાં છે,
ખચીત હરાવી દેવાને મથે, નિજના બળે મુજને.

કદીક હારી ગયેલો છું, છતાંયે હારતો ત્યારે,
થતા યત્નો કર્યા કરવા કૃપાથી દિલ પરોવ્યું છે.

થતાં સાધનના અભ્યાસે તટસ્થ દિલ થવાયું છે,
હૃદય એને લીધે ડૂબી જવાયું મુજથી ના તે છે.

જીવનના ધ્યેયની લગની હૃદય લાગેલ જે ભારે,
મને એણે તે વેળાએ શું ડૂબતાં ત્યાં બચાવ્યો છે !

હરિઃૐ

# જીવનમાં જ્ઞાનનો છેડો

જીવનમાં કેવું અજ્ઞાન ! અબુધતા શી જીવન વિશે !
ઊંડું ઊતરતાં અંતરમાં, સમજ એની પડેલી છે.

કદી અજ્ઞાનને તો મેં ખરેખર ટાળવાને તે
-કશા યત્ન કર્યા ના છે, મથ્યો સાચું સમજવાને.

ગયું સમજાતું સાચું જ્યાં, પડી અંતરની સમજણ છે,
બધું અજ્ઞાન શું મેળે જવા ઊડી જ લાગ્યું છે !

ઊંડી અંતરની સમજણ શી અમર્યાદિત અનંત જ છે !
જીવનમાં જ્ઞાનનો છેડો ન ક્યાંયે આવવાનો છે.

હરિઃૐ

# હૃદય ભક્તિનું સાધન છે

જાગૃતિ જીવનકેરી હૃદય જે ફૂટી નીકળી છે,
મને એણે મથાવીને નવીન દૃષ્ટિ સુઝાડી છે.

ફરી ફરી મન મનાવીને, શું મનને ફોસલાવી જે,
જીવનના ધ્યેયની નિષ્ઠા શી મનની પર ઠઠારી છે !

મનાદિને મનવવાને હિમાલય પહાડ ઊંચક્યો છે,
મનાદિને પરોવાવા હૃદય ભક્તિનું સાધન છે.

અખંડિત ભાવ ભક્તિથી હૃદયની ભાવાવસ્થાથી
-સમાધિ કેટલી વાર જીવન લાગી ગયેલી છે !

હરિઃૐ

## સીધે રાહે ચલાવ્યો છે

કદીક વાંકું, કદીક સીધું, શું આડુંઅવળું પથમાં તે
-જીવનમાં ઊંધુંચત્તુંયે ખરે ! મુજથી ચલાયું છે !

ગમે તેવા ભ્રમણમાંહે પ્રતિષ્ઠા જે થયેલી તે,
જીવનના ધ્યેયની નિશ્ચિત, ન દિલ ડોલી ગયેલી છે.

જીવનમાં ગડમથલ ભારે મને એણે કરાવી છે,
હૃદયમાં પ્રેરણા શી શી નૂતન નૂતન જગાડી છે !

હતી ભુલવણી તેમાંયે, હૃદય જાગ્રત થયેલા તે
-વિવેકે ભાન પ્રેરાવી, સીધે રાહે ચલાવ્યો છે.

હરિઃૐ

# જીવંતું દિલ રખાવીને

અમારે ભાન વિનાનું હવે તો જીવવાનું ના,
કદીક ભુલાતું જો ભાન, હૃદયમાં ધ્રાસકો શો ત્યાં !

અને એ ધ્રાસકાએ તો પથે સાવધ રખાવ્યો છે,
સદા ચેતી જ ચેતીને ચલાવાનું કરાવ્યું છે.

રહેવાતાં છતાં સાવધ, પથે ભૂલું પડાયું છે,
કુટાયો છું, હું અથડાયો, વળી પથમાં વળેલો જે.

જીવનના ધ્યેયનું ભાન શી ધગધગતી તમન્નાએ
-જીવંતું દિલ રખાવીને ! ન ડોલાવા દીધેલો છે.

હરિઃૐ

## કૃપાથી શો મથેલો છું !

જીવનની દિલની મહોબતથી હૃદયમાં મૈત્રી બાંધી છે,
જીવન, કલ્યાણની ખાતર જવા હોમાઈ તત્પર છે.

**हरि**નો ભાવ મેળવવા હૃદય તત્પર શું ઉત્કટ છે !
શી તત્પરતા હૃદયકેરી ! શું તલપાપડ થવાતું છે !

સૂઝ્યાં તે કાજ જે સાધન કર્યાં કરવે ઝુકાવ્યું છે,
ઝુકાવી, ઝંપલાવીને કરી યાહોમ દીધું છે.

કદી શી હામ ચૂક્યો છું ! છતાં પાછો ન ઠેક્યો છું,
ટટારીથી ઊભો રહેવા કૃપાથી શો મથેલો છું !

હરિ:ૐ

## કૃપા કરીને મઠાર્યો છે

મતિ મુજ તેં મઠારીને કરી દેવા સીધી તેને
-કડી મહેનત પડી તુજને પ્રભુ **આ** દિલ જાણે છે !

ચલવવા જેમ ઇચ્છયું છે, કદીક તેવું ન વર્ત્યો છું,
કદીક લપડાક મારી છે, કદીક તેં હેત શું કીધું !

પૂરો ના પાંસરો હું તો, તને લાયક નહોતોયે,
છતાં એવાયને તેં શો કૃપા કરીને મઠાર્યો છે.’

હૃદય એવી મહેનતની કદર તારી હવે જાગે,
હૃદય તેથી હવે વારી જવાતું હર્ષ ઉન્માદે.

હરિઃૐ

# કૃપા એ તો વહાલાની

તળે ઉપર જીવનમાં તો ભયંકર શું થવાયું છે !
છતાં નિશાન જીવનનું ધરી સામે જ રાખ્યું છે.

જતાં ચૂકી, જતાં ચૂકી, કંઈનું કંઈ થયું દિલ છે,
હૃદયમાં શૂળની પેઠે ખૂંચ્યા કેવું કરેલું છે !

ખૂંચ્યાથી ડંખનાથી તે જીવનના લક્ષ્યને હૃદયે
-શું સામે ને જ સામે તે રખાવ્યા ત્યાં કરેલું છે.

નહોતું ડંખવું, ખૂંચવું ખરેખર સ્થૂળ છોને તે
-કૃપા એ તો વહાલાની મથેલી જગાડવા શું તે !

હરિઃૐ

# પ્રભુ તારી કૃપા એવી

જીવનનાં સર્વ પાસાંનું મને વર્તન થતાં મુજ તે
-બતાવી સ્પષ્ટ, હેતુ ત્યાં વળી દર્શન કરાવે છે.

જીવંતા હેતુનું ઊંડું હૃદય ભાન જગાડીને
-શી તીવ્ર સભાનતામાં તું હૃદય જીવન જીવાડે છે.

હૃદયની જાગૃતિ તેવી જીવનવિકાસ કાજે જે
-મને ઠેકાણું શું સામે ને સામે રખાવે છે !

કૃપા એવી પ્રભુ તારી થઈ મુજ પર રહેલી જે,
પ્રસન્નતામહીં મહાલી રહેવાયે જ તેથી તે.

હરિઃૐ

## પ્રસાદી શી કૃપાની ત્યાં !

અનંત હારમાળાઓ પરાજયની મળેલી છે,
ડૂબ્યો છું ત્યાં, ડૂબ્યો તોયે, ન દિલ ધ્યેય ભુલાયું છે.

શી ધગધગતી તમન્નાની બળતી ઊંડી હૃદયજ્વાળા !
મને એણે જિવાડ્યો છે, પ્રસાદી શી કૃપાની ત્યાં !

વિજયમાળા પહેરાવી જયશ્રીએ નવાજ્યો છે,
હરાવીને છતાં મુજને નીચું શું જોવરાવ્યું છે !

શરમનો તો ન છે પાર, છતાં તોયે તમન્ના જે
-હૃદય જલતી હતી, તેણે ઉઠાડી પંથ પ્રેર્યો છે.

હરિઃૐ

## ધરતીકંપો ભયંકર શા !

ધરતીકંપો ભયંકર શા જીવનમાં ફાટી નીકળીને,
ઊથલપાથલ કરી નાખી બધું વેરાન કીધું છે !

બધું જ મંડાણ, સંપૂર્ણ ઉખેડી સાવ નાખ્યું છે,
*શું અસ્તવ્યસ્ત જીવનનું બધું ઉરાડી દીધું છે !

નવેસરથી કૃપાથી તે ફરી રચવા મથેલો જે,
ફરીવાર ચણી પૂરું સુશોભિત તો બનાવ્યું છે.

વળી પાછો શું ગબડાવી ઊંધો કેવો પછાડ્યો છે !
કૃપાથી તોય મથી મથીને ઊંચે આવી શકાયું છે.

હરિયાળું ઊગ્યું ખેતર બધું ભેલાડી માર્યું છે,
નીરખતાં એવું જીવનનું બધું ભેંકાર લાગે છે.

* બધુંય ખેદાનમેદાન કરી જીવનનું નાખ્યું છે.

હરિ:ૐ

## તને પોકાર પાડ્યા છે

હૃદય આચરવા જીવનમાં બધું સમજેલું જે તે છે,
કૃપાથી વર્તવા તેવું થતા સૌ યત્ન કીધા છે.

ફસાઈ મૂઢ અધવચ શો ગયેલો સાવ અંધારે !
દિશા કોઈ ન સૂઝેલી ટક્યો **હરિ**ના જ સથવારે.

કદીક આંધી ચઢી આવી ભુલાવી સર્વ દીધું છે,
દિશા પણ ગુમ થઈ ગઈ છે, ન પથ ક્યાંયે જ સૂઝતો છે.

હૃદયમાં એકલા તુજને, સ્મરણ કરવાનું ચાહીને,
પથે આગળ ધપવવાને તને પોકાર પાડ્યા છે.

હરિઃૐ

# મને પાછો ઉગાર્યો છે

થયું અથડાતાં કુટાતાં, શું અફળાવાનું ભૂંડું તે !
થયાં છે હાડકાં ત્યારે પૂરાં શાં ખોખરાં જીવને !

નસેનસ અંગઅંગોના બધા બંધ તૂટેલા તે,
સમૂળુંયે ઢીલુંપોચું ખરે મુજથી થવાયું છે.

હૃદયમાં હામ દેવાને મને તું યાદ આવ્યો છે,
હૃદયપોકાર પાડીને તને શા સાદ પાડ્યા છે !

ખરા દિલની ઊંડી ઊંડી હૃદયના સાલતા દર્દે
-થયેલી પ્રાર્થનાએ તો મને પાછો ઉગાર્યો છે.

હરિઃૐ

# વિવિધતામાંય જીવન છે

ખબરદારી, ટટારી ને શી દિલની વજ્ર મક્કમતા
-હૃદયનો ભાવ જાળવવા પુરુષાર્થે શું ખપ લાગ્યો !

ખમીર, ખુમારી જીવનનાં ખીલ્યાં કરતાં જીવન વિશે
-કરંતાં કર્મ વપરાતાં, ગુણો તે, ભાન ઊગે છે.


ગુણો ને શક્તિ જીવનમાં બઢતી જતીનો અનુભવ જે,
હૃદય વિશ્વાસ જન્માવી 'જીવન જીવતું થયેલું છે.'

અનંતમાળ જીવનની અનેકેવિધ ફાલી છે,
અનુભવ તે બધા મળતાં, વિવિધતામાંય જીવન છે !

હરિઃૐ

# ખંડ - ૮

## ‘કરી યાહોમ કૂદી જે ઝુકાવે’



શહાદતનો, સમર્પણનો, ફનાગીરીનો હરિપંથ,
પડે હોમાવું પદ પદ દિલ શું ભક્તિ જ્ઞાનપૂર્વક પથ !
સતત જીવનનો આ યજ્ઞ ખરેખર, ભવ્ય હોમાત્મક,
જીવન ભભૂકિત થયેલું આ સમર્પણ યજ્ઞે સંલગ્ન.

હરિ:ૐ

## કરી યાહોમ ઝુકાવે

ફના સંપૂર્ણ છોને તે જીવનમાં થઈ જવાનું છે,
છતાં થડકાર કૈં જેને હૃદય ના સહેજ લાગે છે.

મરણિયા, મરજીવા એવા **हरि** વરવા જ લાયક છે,
ન જેવા તેવાનો આમાં કશો ગજ કંઈ ન વાગે છે.

અડૂકદડૂકિયા જેવાં શું નીરખીને જ ભાગે છે !
કરી યાહોમ કૂદી જે ઝુકાવે, તે જ પામે છે.

પૂરેપૂરું ડૂબેલાને સમજ અમૂંઝણની દિલમાં છે,
ઊંડે ઊંડે જ મારે જે ડૂબકી અંતર મળે તેને.

હરિઃૐ

## મને ડૂબતાને તરણું દઈ

અટપટા પ્રશ્ન, મુશ્કેલી મને ગભરાવી મૂકે છે,
અજંપો ને અશાંતિયે શી પારાવાર દિલમાં છે !

ઊંડે ઊંડે વિચારોના વમળ ડુબાડી તે દે છે,
કંઈ તેમાંથી નીકળવા કરામત કામ ના’વે છે.

મથામણ, યત્ન જે બનતા કર્યા કરું એક બાજુથી,
બીજી બાજુથી રિબામણ પ્રગટતી દિલમાં કેવી !

કદીક સંતોષું કોઈને, બીજાં ત્યાં રા’ડ પાડે છે,
મને શો ભાંડી ભાંડીને શું અધમૂઓ કરી દે છે !

છતાં તેં તો કૃપા મુજ પર મને ડૂબતાને તરણું દઈ
-બચવવા દઈ શું આશ્વાસન હૃદય ઠંડો જ પાડ્યો છે.

હરિઃૐ

## કૃપા માત્ર ટકાવે છે

મથી મથી કેટલું મથવું ? ન છેડો ક્યાંય આવે છે,
શું ઊલટા ગૂંચવાડાથી રવાડે તો ચઢાયે છે !

દશા એવી થતાં હૃદયે અમૂંઝણ, ગૂંગળામણ શી !
અપરંપાર પ્રગટીને બને દિલ બાવરું ત્યાં તો !

કશો પુરુષાર્થ કરવાની હૃદય સમજણ પડે ના છે,
છતાં ખાલી જ બેસી ત્યાં રહેવાનું ન ફાવે છે.

હૃદયની ગડમથલ એવી ભયંકર કારમી શી તે !
ન જિરવાયે, ન સહેવાયે, કૃપા માત્ર ટકાવે છે.

હરિઃૐ

# બધું સંલગ્ન જે તે છે

સમગ્રતા જીવનમાં છે, સતત અખંડતાયે છે,
જીવનમાં **આ**, જીવંતી તે હજી સળંગતાયે છે.

જીવન **આ** તેથી વિખૂટું અગાઉના જીવનથી તે
-કદી તે એકલું છૂટું થઈ શકવાનું કંઈ ના તે.

બધુંયે એકમાંથી છે, વળી તે શૂન્યમાંથી છે,
બધા સર્જન વિશે **एक** હૃદયથી સંકળાયું છે.

છતાં છૂપો વળી ગૂઢ ન દેખાયે જ ક્યાંયે તે,
અનુભવમાં જ પ્રત્યક્ષ છતાં પોતે છતો શો છે !

અખંડે તેથી જે તે સૌ કશું ના છિન્નભિન્ન જ છે,
પરસ્પરથી પરસ્પરમાં બધું સંલગ્ન જે તે છે.

હરિ:ૐ

## સતત મથતા રહેવાથી

સકંચે હું પૂરેપૂરો ફસાયેલો બધી રીતે,
પ્રયત્નો છૂટવાના શા કર્યા મેં તો કરેલા છે !

પરંતુ મારી તો કારી પૂરેપૂરી ન ફાવી છે,
પ્રયત્નો તે છતાં કરવા કદી છોડી ન દીધા છે.

સતત મથતા રહેવાથી, ટકી શકવાની શક્તિ તે
-રહી શકી જીવતી હૃદયે, ખરેખરી શી કમાણી તે !

જીવનમાં કેટલી વાર નિરાશા કંઈક આવી છે !
કૃપાથી તે વિશે કિંતુ સતત ટકવાનું રાખ્યું છે.

હરિઃૐ

# હૃદય સ્તવતાં રહેવાથી

મથામણનીય મર્યાદા જીવનમાં આવી ઝબકી છે,
પ્રયત્નોયે થવા ત્યારે હૃદય હિંમત ટકી ના છે.

હૃદયથી પ્રાર્થના કરવાતણી દિલ જાગૃતિ રહી જે
-કૃપાની સહાય **एनाथी** મને મળતી રહેલી છે.

પૂરેપૂરો જતાં હારી, ન પગમાં બળ ટકેલું છે,
લથડિયાં ત્યાં ખવાતાં શાં ! કૃપાને પકડી રાખી છે.

કૃપાબળથી જીવનમાં તો ટકાયું પડતાં પડતાંયે,
હૃદય સ્તવતાં રહેવાથી મળેલું બળ જીવનમાં છે.

હરિઃૐ

## શી જાગૃતિ દિલ સેવી છે !

મુસીબતથી, મુસીબતથી મહામુશ્કેલીથી પંથે
-મથામણથી, મથામણથી ધીમે હળવે ચઢાયું છે.

ચઢાયું છે, પડાયું છે, પથે ઊતરાઈ જવાયું છે,
વળી પાછું હૃદય જાગૃત થતાં પંથે અવાયું છે.

જીવન પુરુષાર્થની ઉગ્ર મથામણ પ્રક્રિયા વિશે
-હૃદય એકાગ્ર રહેવાને શી જાગૃતિ દિલ સેવી છે !

'શી તીવ્ર સભાનતા ઉત્કટ થતાં સાધનના અભ્યાસે
-હૃદય પ્રજ્વળતી રહે' એ જ જીવન રળવાનું કારણ છે.

હરિઃૐ

# મનાદિનો ભયંકર તરખાટ

ભયંકર કેવો તરખાટ મનાદિએ મચાવ્યો છે !
બધું ઉથલાવીને ઊંધું કરી દેવા, ફસાવ્યો છે.

પરંતુ આંખ ઉઘાડી સૌ, સતત નીરખ્યા જ કરવા ને,
પૃથક્કરણ દિલ કરવાના જીવનઅભ્યાસે બચવ્યો છે.

ઊણપ ક્યાં ક્યાં ? વળી વૃત્તિ કઈ કઈ પેરની શી છે !
બધી સમજણ હૃદય પડતાં ઊઠ્યો છું એકદમ શો તે !

ઊઠી, જાગી, કસી કમ્મર, પ્રયત્નો યોગ્ય કીધા છે,
ગૂંચો, પ્રશ્નો જ, મુશ્કેલી બધું ઓસરતું ચાલ્યું છે.

હરિઃૐ

## તને દિલથી નિવેદી તે

ભયંકર કેવી મુશ્કેલી જીવનમાં તો નડેલી છે !
નિરાંતે હું સૂતેલો છું તને દિલથી નિવેદી તે.

ગૂંચો, પ્રશ્નો, શી ગડભાંજ જીવનમાં આવતી સહુને,
પ્રભુનો ભક્ત કૈં બાકી ખરેખર રહે ન તે વિશે.

પ્રભુના ભક્તને છોને સતાવે એવું આવે તે,
છતાં પણ તે ન ગણકારે, **હરિ**માં મસ્ત શો રહે તે !

થતું જે જે બધું રહે છે, **હરિ**ચરણે નિવેદીને
-હૃદય નિશ્ચિંત રહેવાનો **હરિ**નો ભક્ત એવો જે.

હરિઃૐ

# છતાં પાછો ઊઠી ઊઠીને

બહુ મથતાં, બહુ મથતાં ન પથ જ્યારે સૂઝેલો છે,
કદીક તો માથું કૂટ્યું છે, તવાવાયું બહુ દિલ જે.

જીવનમાં કેટલી વાર ઉપરથી છેક લપસ્યો છું !
છતાં પાછો ઊઠી ઊઠીને ઉપર ચઢવા મથેલો છું.

ભલેને છો પડ્યો હોઉં, છતાંયે દૃષ્ટિ ને મુખ તે
-જીવનના ધ્યેયને પૂર્ણ થવા સાકાર, નિશ્ચિત છે.

મનાદિમાંથી તો ધ્યેય કદી છટકી ગયેલું ના,
મને દિલ આત્મવિશ્વાસ હૃદય તેથી જીવંતો ત્યાં.

હરિઃૐ

## કરામત કામ લીધી છે

ઉગ્રમાં ઉગ્ર કમબખ્તી જીવનમાં સાંપડેલી છે,
છતાં ડોલી જવાયું ના, કૃપા એ તો **હરિ**ની છે.

મને મેલા વિશે પ્રેરી, પવિત્ર તે બનવવાને,
કરામત શિખવાડેલી કૃપાથી કામ લીધી છે.

પવિત્ર યજ્ઞનાં કર્મતણી તે ભાવના કિંતુ,
અવર દિલ જાગતી ના કંઈ, મહદ આશ્ચર્ય તે કેવું !

જીવનને સ્વચ્છ કરવાનું મળ્યું કર્મ કૃપાથી તે,
અમે બહુ ભાવથી એને કર્યાં કીધું જીવન વિશે.

હરિઃૐ

## તપશ્ચર્યા કરાવી છે

હૃદયથી આગના જેવી બળતી જલતી તમન્નાએ
-અનુભવવા જીવનતત્ત્વ, તપશ્ચર્યા કરાવી છે.

મનાદિ માત્ર એક જ તે સતત અભ્યાસમાં શાં તે
-પરોવાઈ રહી, પોતે હવે ડાહ્યાં થયેલાં છે !

મનાદિને પડ્યો રસ જ્યાં પછીથી શાં ધપ્યાં છે તે !
અદીઠો ને અકલ્પ્યો જે પથે શો વેગ પ્રગટ્યો છે !

જબરજસ્ત ગતિ અદ્‌ભુત શી પૂરની જેમ તે વહી છે !
અચંબો દિલ પમાડે કે મનાદિને પલાળે તે.

હરિઃૐ

## શું ચગડોળે ચઢાવે છે !

પ્રકૃતિનાં વલણવૃત્તિ ઊઠી ઊઠીને મનાદિને
-જવાને આડફંટે તે શું ચગડોળે ચઢાવે છે !

પળેપળની જ ઉત્કટ શી હૃદયની જાગૃતિ પક્વ
-જરૂર રાહે રખાવીને, મને દે પ્રેરણા દિલ.

થતાંમાં આડુંઅવળું જ્યાં હૃદયપોકાર પાડીને
-હૃદયની કાકલૂદીથી તને ત્યાં સાદ પાડ્યો છે.

બધે જેમાં અને તેમાં મહત્ત્વ જીવતું **हरि**ને
-દઈ દઈને, હૃદય ભાવ મચેલો શો જીરવવાને !

હરિઃૐ

# નજર, મુખ જય પરત્વે છે

અચાનક એકદમ ઉગ્ર ફૂટી ઓચિંતું નીકળ્યું છે
-ભયંકર તીવ્ર ઘમસાણ, જીવનમાં સામટું સામે.

ખરેખર **જીવ** સટોસટનો, શું સંગ્રામ કટોકટીનો
-જીવનમાં સાંપડેલાને હું લડવાને મચેલો શો !

હૃદયથી સામનો કરવા, હૃદય તત્પરતા ધારીને,
કટીબદ્ધ જ થઈ સજ્જ, ચઢાવી બાંય ઊભો જે.

જરાયે સહેજ ડગભરની પીછેહઠ કોઈ પણ રીતે
-કદાપિ થઈ શકેલી ના, ભલે પાછું પડાયું છે.

થતામાં જીત સંપૂર્ણ, ભલે પાછું જવાયું છે,
પરંતુ હારમાં તેવી નજર, મુખ **જય** પરત્વે છે.

હરિઃૐ

## ક્ષણો એવી મળેલી છે

'કચડી ઉત્સાહને નાખે, શી પ્રગતિને રૂંધી નાખે !'
જીવનમાં મૂંઝવણો એવી અનેકે વાર જાગી છે.

'પ્રચંડ ઉગ્ર ગૂંચવણ શી જીવનમાં પ્રગટી પ્રગટીને
-હૃદય ગભરાવી તે મૂકે !' ક્ષણો એવી મળેલી છે.

કૃપા એ તો પ્રભુની કે સ્મરણ ને પ્રાર્થનાદિમાં
-પરોવાઈ રહેવાનું બન્યું એ તો કૃપા તુજ ત્યાં.

મથામણ કારમી કેવી ભગીરથમાં ભગીરથ તે
-જીવન કરવી પડેલી છે, સતત મથવું થયેલું છે.

પરત્વે ધ્યેયની ઉગ્ર હૃદયની જાગૃતિએ તે
-જીવન ઘડવા લીધેલો શો ખરેખર ભાગ અદ્‌ભુત છે !

હરિઃૐ

# મથ્યાથી સૂઝ ઊગેલી છે

વલણ, વૃત્તિ ઊઠે છે જો, થવા સાકાર, ગતિ ત્યાં છે,
પછીથી ભાવ તો ઠાલી પડ્યો રહે કેવી રીતે તે ?

બધાં હો અદ્યતન શસ્ત્રો ભલે ભાથા વિશે તે છે,
છતાં જો જાણકારી ના, કશા ઉપયોગમાં ના છે.

ઊગેલાં સાધનો વિશે પૂરી ના જાણકારી છે,
મથ્યા તોયે રહેલો છું, મથ્યાથી સૂઝ ઊગેલી છે.

હૃદય સમજણ ઊગી તેવી રીતે જીવનમાં વર્ત્યો છું,
છતાં ભૂલું પડાતાંમાં, હૃદય પ્રાર્થ્યાં કરેલો છું.

હરિઃૐ

# મથે છે એકધારું જે

મથામણ ને મથામણની અનેકે રીતની ઝડીઓ
-જીવનમાં કેટલી વાર શી વરસાવી કૃપાથી સૌ !

ખવાતાં હાર, શો ત્યારે કદી હિંમત ન હાર્યો છું !
પરત્વે ધ્યેયની સામે નજર, મુખ નિત્ય રાખ્યાં છે.

ગમે તેવી પરિસ્થિતિમહીં જીવતું જીવનધ્યેય
-સતત ચેતાવવાનો તે, હૃદયઅભ્યાસ રાખ્યો છે.

હૃદયમાં ને હૃદયથી જે મથે છે એકધારું જે,
વિજયને તે વરી નિશ્ચે અમૂલખ સુખ પામે છે.

હરિઃૐ

## મને કેવો ઘડેલો છે !

અઘટિત સાવ અન્યાય જીવનમાં તો મળેલા છે,
ઊંડાં કારણ હૃદય તેનાં મથેલો શો નીરખવાને !

ખરેખર કર્મપરિણામ બધું જે તે બને છે તે,
પછી જો દોષ કંઈ હોય બધો મારો જ તેમાં છે.

વ્યવસ્થિત સર્વ સંપૂર્ણ જીવનમાં ગોઠવી દેવા,
-સહજ ને કુદરતી દિલનું વલણ તેં તો જગાડ્યું છે.

સમર્થતા કૃપાકેરી અનંત રીતની શી છે !
બહુ રીત મારીને ટપલા મને કેવો ઘડેલો છે !

હરિઃૐ

## હૃદયમાં બોધ છે લીધો

પ્રપંચપટુ જે મળેલા છે જીવનમાં સાથીઓ તેણે
-કરામતથી લૂંટી કેવો અજાણી રીત લીધો છે !

અનેકે વાર રઘવાયો જીવનમાં શો બનેલો છું !
છતાંયે ધ્યેયથી વંચિત ન સંપૂર્ણ થયેલો હું.


કરેલી ભૂલ પણ ભારે, સદા તેથી શીખેલો છું,
કંઈ પણ જે થતું તેથી હૃદયમાં બોધ છે લીધો.

હૃદય શીખવા જ તત્પરતા જીવનમાં તીવ્ર લાગી જે,
જીવનનો સદ્‌ગુરુ સાચો ખરેખર તે બનેલી છે.

હરિઃૐ

# ખંડ - ૯

# અમે જીવન જીવ્યા કેવું...



હિમાલયની ગુફામાંથી ન આવી કંઈ હું બોલું છું,
અહીં સંસારમાં રહીને પ્રયોગો તો કરેલા શું !

હરિઃૐ

# જીવનમાં સાક્ષી તેના છે

શી બેદરકારીથી જીવન જીવેલા શા અમે, તેને
-હવે પદ લગનીથી તારી હૃદયમાં આગ લાગી છે.

તને વરવાનું ચાહીને, સમર્પી દિલ દીધેલું છે,
અમે ના વાણીથી ગાયું, હૃદયથી આચરેલું તે.

અમે જીવન જીવ્યા કેવું ! જીવનમાં સાક્ષી તેના છે,
સતત એકાંત સેવી દિલ, અમે તો મૌન પાળ્યું છે.

સર્વશ્રેષ્ઠ ભૂમિકાનાં અભય ને નમ્રતા પાળી
-સમર્પણની ભૂમિકાને કીધી પરિપક્વ ભાવેથી.

હરિઃૐ

## ઉમળકાથી જ આચરી છે

ઉદાત્ત ધ્યેય જીવનનું હૃદય સન્મુખ નિશ્ચિત છે,
શું ધગધગતું રહેવાથી પુરુષાર્થો લગાડ્યો છે !

જીવનની સર્વ શક્તિથી, ટીપેટીપું જીવનનું તે
-સમર્પી પદ બલિદાન, અમે આગળ ધપેલા તે.

બલિદાન, સમર્પણની જીવનની કંઈક ગાથાઓ
-અમે ના માત્ર ગાઈ છે, ઉમળકાથી જ આચરી છે.

જીવનના બિંદુ બિંદુએ, જીવનના રોમરોમેયે
-બલિદાન સમર્પણનું તહીં અમૃત સિંચાયું છે.

હરિ:ૐ

# हरि જીવતો થયેલો છે

**हरि**ને માનવાનું ના, **हरि**ને જાણવાનું ના,
અનુભવવાનું **हरि**ને છે, **हरि**ને મહાલવાનો છે.

જીવનની સર્વ પ્રવૃત્તિતણી જે પ્રક્રિયા દિલ છે,
બધી તે પ્રક્રિયા વિશે **हरि** સામેલ ધાર્યો છે.

છટકી છટકી જતો દિલથી કદીક તો શો **हरि** તોયે,
પકડવા દિલથી સજ્જડ **हरि**ને શું મથાયું છે !

નિરંતરની જ તેવી તે મથામણમાં સ્તવ્યો **हरि**ને,
સ્તવનમાં ને સ્તવનમાંથી **हरि** જીવતો થયેલો છે.

હરિઃૐ

# हरि પોતે ચલાવે છે

**हरि**નું કેવું ઐશ્વર્ય ! વિપુલતાથી અતુલ તે છે,
**हरि** સર્જનનો વૈભવ શો ! ન બુદ્ધિથી કળાયે તે.

**हरि** મૌલિક બધી રીતે, બધી વાતે અનેરો છે,
ન તુલના કોઈ સંગાથે કરી એની શકાયે છે.

**हरि** જેવો ધણી જેને શિરે ગર્જંત ઊભો છે,
બધી વાતે ખરે તેને શી નિશ્ચિંતતા જીવનમાં છે !

**हरि**ને એકધારો જે પળેપળ દિલ જીવંતો
-ધરે, તેનું **हरि** પોતે ચલાવે છે પૂરેપૂરું.

હરિઃૐ

# हरिनी धारणा विना

અમારે તુજ પ્રીત્યર્થે બધું કરવાનું જે તે છે,
બધાંમાંયે હૃદય **हरि**ને સ્મરી સ્મરી યાદ ધાર્યો છે.

**हरि**ની ધારણા વિના ભરાયે એક પણ ડગ ના,
બધે જેમાં અને તેમાં પૂરો આધાર **हरि** પર છે.

**हरि** તુજ ખ્યાલ જીવંતો ધરી ધરીને હૃદય ભાવે,
બધો વ્યવહાર જીવનનો ભરોંસાથી જ ચાલે છે.

**हरि**નો ને અમારો તો હૃદયસંબંધ મોટો છે,
જગત દેખાતી ભૂલો અમ બહુ ના લક્ષ **हरि** લે છે.

હરિઃૐ

# હરિની યારી લાગી છે

શું વારંવાર દિલ યાદ **હરિ** તારી જ ઝબકે છે !
તને સંભારી, સંભારી, સ્મરી સ્મરી જીવવાનું છે.

નિરંતર દિલ ભજવાથી **હરિ**ની યારી લાગી છે,
હૃદય તુજ યારીને લીધે હૃદય કેવો વસેલો છે !

છૂપો, છાનો રહી કેવાં ગતકડાં તું કર્યા કરતો !
શરૂમાં તેની સમજણ કૈં હૃદયમાં ના પડેલી છે.

સમય વહેતાં જ સમજાવા હૃદય લાગ્યું બધું તે તે,
હૃદય અસ્તિત્વ તે તારું મીઠું મીઠું જ લાગ્યું છે.

હરિઃૐ

# हरि સંપૂર્ણ જાણ્યો ના

**हरि** તારો, **हरि** તારો થવા સંપૂર્ણ જીવનમાં,
હૃદય શા કોડ જાગેલા ! મથાયું તેથી તો પથમાં.

**हरि** સંપૂર્ણ જાણ્યો ના, **हरि**ને દિલ ન નીરખ્યો છે,
છતાં **हरि**માં સતત રમવા શું થનગની દિલ રહેલું છે !

હૃદયની તે અભિલાષા, ભલે સંજોગ વિપરીત હો,
મથાવ્યા તે કરાવીને ન ઠરવા ક્યાંય તે દીધો.

મહત્ત્વાકાંક્ષા અગ્નિની સમી જાગી ઊઠેલી જે,
જીવન પહોંચાડવા ધ્યેયે, સમર્થ યોગ્ય પોતે છે.

હરિઃૐ

# हरि વહાલાની કૃપાબક્ષિસ

'થવાને પ્રજ્વલિત જીવન' સ્ફુરી સભાનતા દિલ જે,
'નકામું વેડફી દેવા જીવનને ના,' થયું દિલ છે.

જીવનનો હેતુ જાગ્યાથી કળા ઉપયોગની હૃદયે
-કૃપાથી લાધી, તેનોયે વળી ઉપયોગ લીધો છે.

બધો જેનો અને તેનો હૃદય ઉપયોગ લઈ લઈને
-શીખેલો જ્ઞાન, તેનેયે ઘણું ઉપયોગ લીધું છે.

જીવન **आ** એ રીતે કેવું ઘડાયા તે ગયેલું છે !
કૃપાબક્ષિસ **हरि** વહાલાતણી કેવી મળેલી છે !

હરિઃૐ

## જીવનમાં મસ્તી તેથી છે

કૃપાનો સૂર્ય શો તપતો જીવન ચેતેલ સંપૂર્ણ,
સદા તેના પરે કેવો ! હૃદય છે તેથી સામર્થ્ય.

હૃદયમાં ચેતનાશક્તિ પ્રવર્તી જે રહેલી છે
-અનુભવ આવતાં, તેને હૃદય આનંદ શો રહે છે !

ભજનકીર્તન કરાવીને, હૃદય સંતોષ બક્ષીને,
ચરણના દાસ તારાને નસીબવંતો બનાવ્યો છે.

હૃદયમાં ભાન જાગ્યું કે હવે તો તું ધણી માથે,
સદા ગર્જિત કેવો છે ! જીવનમાં મસ્તી તેથી છે.

હરિઃૐ

# તું પ્રેરાવે જ અણસારે

હવે તો જીવવાનું છે, ઈશારે સૂક્ષ્મ શું તારે !
કદીક ચૂકી જવાતાં ત્યાં, તું પ્રેરાવે જ અણસારે.

હૃદય અભ્યાસ જીવંતો અનેકે વાર એ રીતનો
-પડંતાં જીવને મુજને, પછી તો સર્વ સુતરું સૌ.

જીવનની નિમ્ન ભૂમિકા વિશેની ભુલભુલવણી જે,
ખરો ચેતેલ જે હૃદયે ન તેને તે જ તેવી છે !

જીવંતા હેતુનું ભાન સદા જેને હૃદય રહે છે,
કૃપા વર્ષંતી તેના પર પ્રભુ તારી પૂરી રહે છે.

હરિ:ૐ

## કૃપાલીલાતણાં દર્શન

બધી સંભાળ લેનારાં મને તું કેટલાં બક્ષે !
છતાંયે ખેંચ કંઈ વેળા તું કારમી શી પડાવે છે ?

'કૃપાલીલાતણાં દર્શન અનુભવ તું કરાવીને
-અનુકૂળતા પ્રતિકૂળતા બધાંમાં તું જ' સમજાવે !

છતાં કોઈક વેળાએ બનાતું છેક નાદાન
-શી મૂર્ખામી કરી બેસું ! શી નાદાનિયત એવી છે !

હવે સંસાર રીતિનું ગણાતું સારું ને ખોટું
-તણું તે યોગ્ય કંઈ ભાન હૃદયમાં પૂર્ણ ના રહેતું.

હરિઃૐ

## જીવનનું સર્વ સાફલ્ય

પથે તો ચાલતાં કેવું કદીક અથડાઈ પડાયું છે,
હૃદયમાં ધ્રાસકો ત્યારે ઊંડો શો તીવ્ર લાગ્યો છે !

જીવનમાં શાંતિ સંપૂર્ણ સ્થપાતાં, કર્મ વિકાસક
-થયા કરવાનું તે નિશ્ચે, હૃદય ઊગી શી તે ધરપત !

જીવનમાં કેટલી વાર પડાયું છે, ચઢાયું છે,
શી વારાફેરી એવી પથ અનેકે વાર જાગી છે !

**हरि**ની ધારણામાં જ્યાં અખંડાકાર વૃત્તિ છે,
જીવનનું સર્વ સાફલ્ય પૂરું ત્યારે થયેલું છે !

હરિઃૐ

## શી તીવ્ર સભાનતા એ જ

સમજદારી જીવનધ્યેય પરત્વેની સ્ફુરેલી જે,
હૃદયમાં જાગૃતિ તેથી ખબરદારીથી જાગી છે.

શી તીવ્ર સભાનતા હૃદયે રહે ચેતેલી વર્તંતી !
પ્રમાણિકતા, વફાદારી ટકી સક્રિય તેથી શી !

જીવનધ્યેય પરત્વેની જલતી સભાનતા હૃદયે,
શું ઓળંગાવતી પર્વત સમી મુશ્કેલીઓને તે !

જીવનધ્યેય પરત્વેની શી તીવ્ર સભાનતા એ જ
-પથે ઊડવાની પાંખો છે, પછી સૌ વાતે નિશ્ચિંત.

હરિઃૐ

# છતાં ટકવાનું ધાર્યું છે

નિરાશા કારમી ઉગ્ર ભયંકર હો ભલેને તે,
છતાં ત્યાં જીવતું રહેવા અમારો પાકો નિશ્ચય છે.

નિરાશામાં ટકી રહેતાં બઢ્યાં હિંમત કરે છે તે,
જીવનનું આત્મબળ ગૂઢ છતું કેવું થતું રહે છે !

હરાવાને મથે છોને નિરાશા તો જીવનને તે,
જવાતાં હારી હારી ત્યાં, છતાં ટકવાનું ધાર્યું છે.

કદીક ઢીલો પડેલો છું, કદીક ઢગલો થયેલો શો !
છતાંયે કોણ જાણે શી રીતે તરતું ટકાયું છે !

હરિઃૐ

# કૃપાબળનું જ પરિણામ

નિરાશા કેટલી વાર જીવનમાં તો મળેલી છે,
જીવનનાં પાણી ને હીર પરખવા શી મળેલી છે !

નિરાશામાં જવાતું શું ડૂબી ! તોયે હૃદયથી તે
-ખમીરને તેજ કરવાને મથ્યા ભારે કરેલું છે.

ખૂંપાઈ ત્યાં જવાયું છે, નિરાશાના વમળથી તે
-ઉપર તરી આવવા કાજે, જહેમત શી ઉઠાવી છે !

હૃદયના આત્મવિશ્વાસે હૃદય હિંમત ટકી રહી છે,
કૃપાબળનું જ પરિણામ જીવનમાં તે જણાયું છે.

હરિઃૐ

# વિજયના માર્ગની ચાવી

વલણ, વૃત્તિ અને દૃષ્ટિ જીવનનાં ધ્યેય પ્રત્યેનાં
-સતત શાં એકધારાં તે ટકવવાને મથ્યો દિલમાં !

જીવનનું ધ્યેય ખૂંપેલું હૃદય નિશ્ચિત થતાં પાકું,
વહેતાં ભાવના કેંદ્રે થવાયું દિલ ઊંડું ઊંડું !

જવાને આરપાર જ શી નજર સોંસરવી સાંપડવા !
ઊગ્યાં સાધન કૃપાથી તે થયાં તે તે કરેલાં શાં !

પ્રમાણિકતા, વફાદારી, હૃદયનિષ્ઠાથી મથતો જે,
વિજયના માર્ગની ચાવી જરૂર તેને મળી રહે છે.

હરિઃૐ

## જીવન સાધનતણો ઈતિહાસ

શરીરનાં દર્દની પીડા સતાવ્યાં જે કરે, તેને
-કરાવીને કરાવીને ભજનકીર્તન, શમાવે તે.

ભજનકીર્તન થયાં કરતાં હૃદયના ભાવને શો તે
-સદાયે તેજ ને તેજ વળી તું તો રખાવે છે.

હૃદય આનંદ જીવંતાં ક્રિયાશીલ જે પ્રવર્તે છે,
બધાયે રોગનું શૂળ પડ્યાં મોળું કરે છે તે.

'થયાં સાધન જીવનમાં જે, વળી અભ્યાસ તેથી તે
-જીવન મારે પડેલો છે,' તું ઈતિહાસ લખાવે છે.

હરિઃૐ

# કૃપાથી તે પ્રભુ તારી

શરીર સંભાળ લેનારાં પ્રભુ તું કેટલાં દે છે !
કરે છે વહાલ એ રીતે ખરે ! પ્રત્યક્ષ શું મુજ તું !

બધે તુજ હાથ જોવાનો, હૃદયઅભ્યાસ જીવતો જે,
કૃપાથી તે પ્રભુ તારી નીરખવાનું બને જે તે.

કદીક પીડા ભયંકર શી શરીરનાં દર્દથી પ્રગટે !
કરામત તેય તારી જો, શરીર કાં સાથ ના દે છે !

**हरि**નો ભાવ ઝીલવાને શરીર પાત્ર થયું ના છે,
શરીરને યોગ્ય તે પાત્ર કરે જે તે બનવવાને.

હરિઃૐ

# શરીર તે એકલું જાણે

શરીર તે એકલું જાણે, શી બેહાલત શરીરની તે,
સબળ અંતરનો **पुरुष** છે, છતાં નબળું શરીર **આ** છે.

**हरि**ના યજ્ઞનું કર્મ શું કરવા દિલ તત્પર છે !
પરંતુ શરીર *બેજાર, ગજા ઉપરનું ના સહે છે.

શરીરમાં દર્દ જે જે છે, વળી તે દર્દ બહેકે ને,
કંઈકની વેદના સતતે, હવે સહેવાતું ના દિલ તે.

ભજ્યાં કરવાનું તેથી દિલ કૃપાથી તો રખાયું છે,
ભજન તેથી લખ્યાં કરતાં, હૃદય હળવાશ લાગે છે.

* કંટાળેલું

હરિઃૐ

# શરીરને હરિ ટકાવે છે

શરીરની જે કંઈ શક્તિ બધી પરવારી બેઠી છે,
શરીરમાં સાવ નબળાઈ પૂરી પેસી ગયેલી છે.

શરીર **આ** ખોખરું કેવું ! ખરેખર ખાલી ખોખું છે,
શરીરમાં દમ કશા ના છે, છતાં દમ શો ભરેલો છે !

શરીરમાં પ્રાણ કંઈ ના છે, છતાંયે **પ્રાણ** જબરા છે,
શરીર લબડી પડેલું છે, ટટારી દાખવે તોયે.

શરીર મડદાલ જેવું છે, શરીર ગળતું થયેલું છે,
શરીરનો ના ભરોંસો છે, કૃપાથી તોય નભતું તે,

શરીરની નાડીની ચાલ, શી અણધારી વધેલી છે !
છતાં ધક્કો હૃદયને કંઈ જરા સરખો ન લાગ્યો છે.

શરીરમાં કેટલા રોગ ! હણાઈ તન ગયેલું છે,
શરીરને **હરિ** ટકાવે છે, શરીર ત્યારે ટકેલું છે.

હરિઃૐ

# हरि નામનો ચમત્કાર !

કશા દમ ના શરીરમાં છે, તદ્દન લૂલું થયેલું છે,
ખરેખર જાણે કે તે હો શું ખાલી કોથળી સમ તે.

શરીરમાં વેદના ભારે અસહ્ય અપરંપાર જ છે,
શરીર તોડાય આખુંયે, શરીરને તાવ પણ તે છે.

ન કરવાને કંઈ વાત શરીરની લાયકાત જ છે,
બધાંયે દર્દનો હુમલો શું તેજસ્વી થયેલો છે !

શું એક સામટો હલ્લો ! શી મર્યાદા વટાવીને,
શરીર તાકાતની બહાર, છતાં દિલ તો રમે ભાવે.

**हरि**ના ભાવને લીધે થતું જે જે, બધાંનો તે
-જીવંતો સાક્ષી રહેવાયે, પ્રસાદી તે કૃપાની છે.


---

તા. ૩-૧-૧૯૭૨ના રોજ ખંભાત જતાં આવતાં ત્રણસો માઈલની મુસાફરી થઈ, સવારે નાડીના ધબકારા ૧૩૨ અને ખંભાતમાં ૧૨૦. ત્યારે કારમાં લખાયેલું ભજન

હરિઃૐ

## ખંડ - ૧૦

# જણાયો 'સદ્‌ગુરુ મહિમા'



'હૃદયનો સદ્‌ગુરુ કેવો પૂરો સાકાર ! -કિંતુ તે -નિરાકાર છતાં પાછો,' અનુભવમાં પ્રમાણ્યું છે.

હરિ:ૐ

## જણાયો સદ્‌ગુરુ મહિમા

શરૂ શરૂમાં શ્રીસદ્‌ગુરુની કશી કિંમત ન જાણી છે,
સ્મરણ આદિ જ સાધનમાં પરોવાતાં જણાઈ છે !

કંઈક વધવા પથે આગળ જગત વ્યવહારમાંયે તે
-કશાનો દિલ આધાર જરૂર પડતો જ લાગે છે.

શ્રીસદ્‌ગુરુનો સહારો મેં થવા ઉપયોગ સાધનમાં
-હૃદયભાવે લીધેલો, ત્યાં જણાયો સદ્‌ગુરુ મહિમા.

હૃદય જ્યાં મૂલ્ય સમજ્યો હું, શ્રીસદ્‌ગુરુનું જીવન વિશે,
પછીથી તો શ્રીસદ્‌ગુરુને હૃદયથી જકડી રાખ્યા છે.

હરિઃૐ

## શ્રીસદ્ગુરુ જાગતા જીવતા

જીવન આ જ્યારથી રળવા શ્રીસદ્ગુરુમાં જ લાગ્યું છે.
શ્રીસદ્ગુરુને હૃદય ત્યારે કદી સ્થૂળ ના ધરાયા છે.

શ્રીસદ્ગુરુ જાગતાને શા જીવંતા દિલ થયેલા છે !
રમત દિલની જ દિલમાં તે શી મંડાયેલ દિલથી છે !

હૃદયની પ્રેમમસ્તીમાં ઉછાળા પર ઉછાળાએ
-હૃદયમાં ઊભરાયા છે, હૃદય ત્યાં રંગ લાગ્યો છે.

જીવનમાં રંગ ને રસનાં અનેકે રૂપ ભાળ્યાં છે,
વળી પ્રત્યેકનાં જુદાં જુદાં રૂપો નિહાળ્યાં છે.

હરિ:ૐ

## શ્રીસદ્‌ગુરુના વિના દિલમાં

શ્રીસદ્‌ગુરુનું ખરું મહાત્મ્ય અનુભવતાં, અનુભવતાં,
હૃદય જામ્યું જ આકર્ષણ, શ્રીસદ્‌ગુરુનું, શ્રીસદ્‌ગુરુમાં.

વધારે જેમ ખપમાં તે થયા જ્યાં લાગતા જીવને,
શ્રીસદ્‌ગુરુમાં વધારે ને વધારે દિલ થયેલું છે !

પછીથી તો ગરજ દિલની ગજબની શી વધેલી છે !
શ્રીસદ્‌ગુરુના વિના દિલમાં જરા ના જંપ વળતો છે.

શ્રીસદ્‌ગુરુને હૃદય ચાંપી, હૃદયથી વહાલ છૂટ્યું છે,
હૃદયના વહાલમાં જીવતા શ્રીસદ્‌ગુરુ શા થયેલા છે !

હરિઃૐ

# શ્રીસદ્‌ગુરુનું મનન ચિંતવન

શ્રીસદ્‌ગુરુની પ્રતિમાને અખંડાકાર આધારે
-હૃદયમાં જીવતી બનવા, કૃપાથી તો મથાયું છે.

શ્રીસદ્‌ગુરુને બધું જે તે નિવેદન પદ કર્યાં કર્યું છે,
શ્રીસદ્‌ગુરુને બધી ગૂંચો વળી મુશ્કેલી કીધી છે.

શ્રીસદ્‌ગુરુમાં મનાદિને સ્મરણ ને પ્રાર્થનાભાવે
-પરોવી રાખવા હૃદયે મથામણ દિલ કરેલી છે.

શ્રીસદ્‌ગુરુની પ્રતિમાને પછીથી ભાવના સ્વરૂપે
-જીવનમાં ફેરવી દેવા હૃદયમાં સૂઝ પડેલી છે.

હરિઃૐ

## શ્રીસદ્‌ગુરુ એટલે શું ?

શ્રીસદ્‌ગુરુ ના શરીરમાત્ર, શ્રીસદ્‌ગુરુ ના પ્રતિમા છે,
શ્રીસદ્‌ગુરુભાવ જીવનને બઢવવા ઊર્ધ્વ માર્ગે છે.

શ્રીસદ્‌ગુરુ છે ન આકાર, શ્રીસદ્‌ગુરુને હૃદયમાં મેં
-ઉપર ચઢવાની નિસરણી, ખરેખરી દિલ પિછાણી છે.

શ્રીસદ્‌ગુરુના હૃદય સાથે હૃદયને એક કરવાને
-હૃદયનો ભાવ સદ્‌ગુરુમાં પરોવી, ધારવા ચહ્યું છે.

શ્રીસદ્‌ગુરુને જીવનવર્તન વિશે જીવતો ધરી ધરીને
-અખંડાકાર વૃત્તિને કરી કેંદ્રિત ચરણે છે.

હરિઃૐ

## હૃદયનો ભાવ સદ્‌ગુરુ તે

જીવન નિજનું મળેલું છે, જીવન તેનાથી ઊર્ધ્વે જે
-રહેલું ચેતનાત્મક, તે પ્રતીકરૂપ સદ્‌ગુરુ શો છે !

જીવન આધારથી જેના થતું રહે ઊર્ધ્વ નિરંતર
-ખરેખર એ જ સદ્‌ગુરુ છે, શ્રીસદ્‌ગુરુ ભાવ પ્રત્યક્ષ.

'જીવન પલટાવવા યોગ્ય ખરી શક્તિ ખરેખર જે,
હૃદય પ્રગટેલ જે ભાવ,' જીવનનો સદ્‌ગુરુ તે છે.

વલણ, વૃત્તિ અને દૃષ્ટિ જીવનના ધ્યેયમાં ગળવા
-ખરેખરું યોગ્ય સાધન જે, હૃદયનો ભાવ સદ્‌ગુરુ તે.

હરિઃૐ

## શ્રીસદ્‌ગુરુ ના પ્રતિમારૂપ

શ્રીસદ્‌ગુરુને હૃદયમાં મેં પ્રતિમારૂપ ધારીને
-જીવંતો ભાવઆકાર હૃદયથી કેળવેલો છે.

કશુંક કંઈ આડુંઅવળું તો થતાં, તે વેળ સદ્‌ગુરુને
-હૃદયથી પ્રાર્થના કરીને બધું ઠેકાણે પાડ્યું છે.

ખરેખરો જે હૃદયભાવ શ્રીસદ્‌ગુરુના હૃદય સાથે,
સતત જીવતો જ જોડીને, મથેલો જીવવા જીવને.

શ્રીસદ્‌ગુરુને જીવનમાં મેં કદી ના મૂર્તિ માન્યા છે,
શું હોવા છતાંય મૂર્તિ તે, હૃદય ધાર્યા ન તે રીતે.

હરિઃૐ

# શ્રીસદ્‌ગુરુ ચેતનસ્વરૂપે છે

જીવનના તાણાવાણામાં શ્રીસદ્‌ગુરુને વણી લેવા
-હૃદયની જાગૃતિથી શા પ્રયત્નો મેં કરેલા છે !

જીવન ઉદ્ધારવા હૃદયે શ્રીસદ્‌ગુરુમાં દઢાવીને,
શ્રીસદ્‌ગુરુથી હૃદયભાવ હું કેળવવા મથેલો તે.

પ્રકૃતિની પ્રવૃત્તિમાં, મનાદિમાં, શ્રીસદ્‌ગુરુમાં
-જીવંતાં એકધારાં શાં મથ્યો ઉગ્ર, પરોવાવા.

મનાદિ એકસૂત્રે જ્યાં શ્રીસદ્‌ગુરુમાં થયેલાં છે,
મટીને મૂર્તિ સદ્‌ગુરુ શા બન્યા ચેતનસ્વરૂપે તે.

હરિઃૐ

## શ્રીસદ્‌ગુરુની જ મૂર્તિમાં શ્રીભગવાન વસેલા છે

શ્રીસદ્‌ગુરુને હૃદય જીવતા થવા, મેં તો શ્રીસદ્‌ગુરુને
-સ્મર્યા દિલમાં કર્યાં કરીને, હૃદય પ્રાર્થ્યા કરેલા છે.

શ્રીસદ્‌ગુરુ છો ભલે મૂર્તિ, છતાં તોયે ન તેવા છે,
શ્રીસદ્‌ગુરુની જ મૂર્તિમાં શ્રીભગવાન વસેલા છે.

શ્રીસદ્‌ગુરુને ભૂલેચૂકે શરીરરૂપે ન ધાર્યા છે,
શ્રીસદ્‌ગુરુ ના શરીર સ્થૂળ, પરંતુ દિવ્યરૂપે છે.

શ્રીસદ્‌ગુરુને હૃદય જીવતા ગ્રહી મુજ આંગળી જીવને,
ચલવવાને જીવનમાર્ગે સ્તવી સ્તવીને કરેલા છે.

હરિઃૐ

## શ્રીસદ્‌ગુરુને સંતોષવા માટે

શ્રીસદ્‌ગુરુના હુકમને મેં હુકમરૂપે ન જાણ્યો છે,
'શિખવવાને, દઢવવાને મળેલો' એમ સમજ્યો છું.

શ્રીસદ્‌ગુરુને હૃદય પૂરતો ઊંડો સંતોષ દેવાને
-હૃદય મુજ કોડ જાગેલા, હૃદય વર્ત્યો છું તે રીતે.

શ્રીસદ્‌ગુરુને જીવનવર્તન થકી રાજી કરી કરીને,
હું આશીર્વાદ મેળવવા મથેલો છું કૃપાથી તે.

શ્રીસદ્‌ગુરુની કૃપાદષ્ટિ, અમીદષ્ટિ થવા મુજ પર,
શ્રીસદ્‌ગુરુ દિલ સંતોષ હું દેવા વર્ત્યો તે રીત.

હરિઃૐ

# જીવનનું સર્વસ્વ શ્રીસદ્‌ગુરુ પોતે

શ્રીસદ્‌ગુરુભાવ હૈયાનો જીવન સથવાર કેવો છે !
કળણ ભારે ભલે છો હો, છતાં ત્યાંથી ઉગારે તે.

મનાદિ સૌ ઢળે ભક્તિ થકી ચરણે શ્રીસદ્‌ગુરુને
-શ્રીસદ્‌ગુરુ આપ તે વેળા બધી સંભાળ લે પોતે.

'અનંતાનંત શક્તિનો પૂરો ભંડાર પોતે છે,
ગમે તે કરવા શક્તિ છે,' હૃદય વિશ્વાસ જીવતો તે.

શ્રીસદ્‌ગુરુનું હૃદય શરણું સ્વીકારાયું પ્રભુભાવે,
જીવનનું સર્વ જે તે કંઈ હવે શ્રીસદ્‌ગુરુ પોતે.

હરિઃૐ

# શ્રીસદ્‌ગુરુનું શરણ લેતાં

શ્રીસદ્‌ગુરુનું શરણ લેતાં, શ્રીસદ્‌ગુરુમાં થયું મન છે,
શ્રીસદ્‌ગુરુનું મનન ચિંતવન થયા દિલમાં કરેલું છે.

સમગ્ર ને સમસ્ત સૌ ખરો આધાર મૂળનો જે,
શ્રીસદ્‌ગુરુની વિશેનો તે ઊતરવા દિલ લાગ્યો છે.

શ્રીસદ્‌ગુરુની પરત્વેની હૃદય પ્રગટેલ ભક્તિ જે
-શ્રીસદ્‌ગુરુમાં જ એકાગ્ર કરે કેંદ્રિત દિલને તે.

પરસ્પરનું જ સંપૂર્ણ, થતું સંધાણ જ્યાં રહે છે,
પરસ્પર દિલ વ્યવહાર થતો ચેતનનો શો રહે છે !

હરિઃૐ

## શ્રીસદ્ગુરુની થતાં ભક્તિ

શ્રીસદ્ગુરુની થતાં ભક્તિ મનાદિ કંઈક પલળ્યાં છે,
શ્રીસદ્ગુરુના હૃદય સાથે હૃદયદોસ્તી થયેલી છે.

હૃદય દિલની પરસ્પરની પછીથી આપલે થતી છે,
શ્રીસદ્ગુરુએ પછી સમજણ હૃદય દેવા જ માંડી છે.

થતાં દિલનું જ ત્યાં સગપણ પરસ્પરથી પરસ્પરનું
-હૃદયનું ઐક્ય અદ્ભુત શું સધાતું ત્યાં ગયેલું છે !

પ્રભુશક્તિની જે વિદ્યા ખરેખરી આગવી જે છે,
હૃદયમાં ઊગવા લાગી, અનુભવમાં પ્રગટતી છે.

હરિઃૐ

## શ્રીસદ્‌ગુરુના જીવન સાથે

શ્રીસદ્‌ગુરુના જીવન સાથે હૃદયમાંનો હૃદયથી જે
-પૂરેપૂરો ખરો મેળ મથેલો છું સધાવાને.

શ્રીસદ્‌ગુરુથી બધું જે તે ગમે તેવું ભલે બનતાં,
સમન્વય તે વિશે દિલમાં થવા, કૃતનિશ્ચયી હું ત્યાં.

જગત વ્યવહાર દષ્ટિથી કદીક હો, છો અયોગ્ય જ તે
-છતાં ત્યાંયે રહસ્ય જ છે, મથેલો છું સમજવા તે.

થતાં જ્યાં પૂર્ણ દ્વંદ્વાતીત, થતાં સંપૂર્ણ ગુણાતીત,
ન સારું કે ન નરસું ત્યાં, બધું ઈશયોગ્ય તે વર્તન.

હરિ:ૐ

# શ્રીસદ્‌ગુરુનું કહેલું સૌ

શ્રીસદ્‌ગુરુના હૃદય સાથે હૃદય મિલાવવાને જે
-અનેકવિધ જીવનમાં પ્રયત્નો શા કરેલા છે !

શ્રીસદ્‌ગુરુની પરત્વેની હૃદય ભક્તિ જ સંપૂર્ણ
-પ્રગટતાં, આપમેળે ત્યાં હૃદય મળવા જ લાગ્યું છે.

શ્રીસદ્‌ગુરુનું કહેલું સૌ હૃદયથી પ્રેમપૂર્વક તે
-પૂરું શું આચરેલું છે, કઠિનમાં છો કઠિન હો તે.

અશક્ય લાગતા, બનવા હુકમ એવા મળેલા છે,
કૃપાથી તોય હુકમ તે કરી પાલન બતાવ્યા છે.

હરિ:ૐ

# અખંડ શક્તિ સદ્‌ગુરુ છે

હૃદયકેરા શ્રીસદ્‌ગુરુમાં હૃદયમાં ને હૃદયથીયે
-પૂરેપૂરો મથેલો છું હું રંગાઈ જવાને તે.

પડેલા પ્રકૃતિપટથી અનુભવીને રુકાવટ છે,
વધુ વધુ દિલ રંગાતાં થતી ગઈ તેમ મોળી તે.

શ્રીસદ્‌ગુરુનો હૃદયભાવ હૃદયના અંતરે ઊંડે,
રમણ કરવા જહીં લાગ્યો તહીં શી મસ્તી પ્રગટી છે !

શ્રીસદ્‌ગુરુ ના શરીરમાત્ર, અખંડ શક્તિ સદ્‌ગુરુ છે,
શ્રીસદ્‌ગુરુ તે હૃદય જીવતો થતાં, તેવું અનુભવ્યું છે.

હરિ:ૐ

## હૃદય પરચો બતાવ્યો છે

જીવનમાં ચાલવાનું ના હવે તારા વિના અમને,
બધો આધાર તુજ પર છે, જીવનમાં તો જીવન માટે.

છતાં ના પાંગળા છીએ, સ્વતંત્રતા જ જીવનમાં
-શી પ્રગટાવી, વળી હૃદયે શી પમરાવી સુવાસે છે !


જીવનમાં તો **હરિ** પોતે શું પ્રત્યક્ષ પ્રવર્તે છે !
**હરિ** દિલમાં છતો થઈને જીવન વ્યવહાર ચલવે છે.

ઘણાં મોટાં બધાં કર્મો જીવનમાં લેવરાવ્યાં છે
-પૂરાં તેં તે કરાવીને હૃદય પરચો બતાવ્યો છે.

હરિ:ૐ

## ખંડ - ૧૧

# હૃદયનો ભાવ શ્રેષ્ઠ ઔષધ છે.



પ્રભુના માર્ગમાં 'ભાવ' શું સાધન ઉત્તમોત્તમ છે !
'હૃદય તે ભાવ કેળવવા,' હૃદય તે ભાન રાખ્યું છે.

હરિઃૐ

# હૃદયનો ભાવ તે મુખ્ય

હૃદયનો ભાવ તે મુખ્ય મહત્ત્વનું યોગ્ય સાધન છે,
સ્ફુરેલાં સાધનાભ્યાસે મચેલો, ભાવ ખીલવાને.

ઉમળકાથી થતાં સાધન, થવાતાં મગ્ન સાધનમાં,
હૃદય એકાગ્રતા ઊગતાં, હૃદયથી ભાવ સ્ફુરે છે.

મળેલા ભાવને પાછો લીધા ઉપયોગ કીધો છે,
પથે એમ વ્યાજનું વ્યાજ વધાર્યાં મેં કરેલું છે.

સતત ઉપયોગનું જ્ઞાન જીવનમાં તો વણેલું છે,
વિના ઉપયોગનું ક્યાંયે ન કૈં કર્તવ્ય કીધું છે.

હરિઃૐ

## હૃદયનો ભાવ સહુથી શ્રેષ્ઠ ઔષધ છે

મતિ, બળ, વીર્ય ને મેધા શું તેજ, કાંતિ સઘળાં તે
-જીવન પ્રગટાવવા ઔષધ લીધા મેં તો કરેલું છે.

હૃદયનો ભાવ જીવનમાં સહુથી શ્રેષ્ઠ ઔષધ છે,
હૃદયનો ભાવ કેળવવા મથ્યો કેવો સતત યત્ને !

ભજનભાવ ઉમળકાથી બઢ્યા જાય જીવનમાં તે
-સતત એવા હું અભ્યાસે રહેલો મગ્ન, રત નિત્યે.

પુરુષાર્થ કરી કરીને જીવનમાં ઊર્ધ્વ ગતિ કરવા
-કૃપાથી અડગતાથી શું મથાયું ખૂબ જીવનમાં !

હરિઃૐ

## હૃદયનો ભાવ જાગ્યો જ્યાં

હૃદયનો ભાવ જાગ્યો જ્યાં, હવે તે ભાવને મદદે
-ભજનમાં જોતરાવીને, મને કીર્તન કરાવે છે.

ભજનકીર્તનથી આનંદ થતો કેવો રહે છે તે
-ભજનનો મસ્ત અભ્યાસી અનુભવમાં જ સમજે છે.

દીધી બક્ષિસ શી મોટી ગરીબ પર વહાલ કરીને તેં,
હવે ના ખોટ એને છે, કશી વાતે જીવન વિશે.

હતો કેવો ! હવે કેવો ! જીવન ઈતિહાસ સામે છે,
તને ભજતાં, તને સ્મરતાં, તું તેને શો બનાવે છે !

હરિઃૐ

## હૃદયના ભાવને મેં તો

હૃદયના ભાવને મેં તો જીવનનો ધર્મ માન્યો છે,
હૃદયનો ભાવ જાળવવા હૃદય જાગૃત રહેલો જે.

પડંતાં ભાવ મોળો જ્યાં ગતિમાં મંદતા થઈ છે,
અનુભવ આવતાં દિલ તે, હૃદયમાં પ્રાર્થના થઈ છે.

હૃદયની પ્રાર્થનાએ શો શું ઉત્સાહિત કરેલો છે !
પથે પછી બેવડા યત્ને ઝૂકેલો છું ઝુકાવીને.

ફરી ફરી કેટલી વાર ઝુકાવાનું બનેલું છે,
પ્રયત્ને ઝંપલાવાની જીવન ફાવટ મળેલી છે.

હરિઃૐ

## પ્રયત્ને દૃઢ રહેવાતાં

બધી સમજણની શી ઉત્કટ મડાગાંઠો પડેલી છે !
બધાએ પૂર્વગ્રહ કેવા મને પથમાં નડેલા છે !

થવાવા મુક્ત તેનાથી કશા ના યત્ન કીધા છે,
પરંતુ ભાવ હૈયાનો મથેલો છું ખીલવવાને.

હૃદયના ભાવને મુખ્ય જીવનમાં યોગ્ય સાધન તે
-મહત્ત્વ આપી આપીને હૃદય ત્યાં લક્ષ સેવ્યું છે.

હૃદયના એકના એક પ્રયત્ને દૃઢ રહેવાતાં,
હૃદયમાં ભાવ સ્ફુરંતો ઊગેલો છે અનુભવતાં.

હરિઃૐ

# પ્રભુનો ભાવ જીવંતો

કદી સંસારમાંથી મન જરા પણ ખેંચી લેવાને
-પ્રયત્નો ના કરેલા છે, પ્રભુમાં દિલ ધાર્યું છે.

સ્મરણ, કીર્તન, ભજનભાવ, નિવેદન આદિ સાધનમાં
-પરોવાઈ રહેવાને મથાયું છે સદા દિલમાં.

પ્રભુનો ભાવ જીવંતો બઢવવાને, ખીલવવાને
-ઊગેલા સાધનાભ્યાસે મચેલો એકરત ભાવે.

બઢંતાં દિલ ઊંડો ભાવ મહત્ત્વે, મોખરે જીવને
-રહેવા લાગિયો જ્યાં તે, થયો સંસાર ગૌણત્વે.

હરિઃૐ

## હરિભાવનો ઉપયોગ

**હરિ** તુજ ભાવથી નયને કદીક ઝળઝળિયાં પ્રગટે છે,
**હરિ** તુજ ઝંખનાથી શા નયનમાં નીર ટપકે છે !

હૃદય આતુરતાથી શાં નયન તુજ રાહ નીરખે છે !
**હરિ** આવનના ધબકારે હૃદય ઉન્માદતું હર્ષે.

થતાં જ્યાં ભાવાવસ્થા તે નયન આંસુડાં નીતરે છે !
જીવન જ્યાં એવું બનતું છે, જીવન રળતર થતું રહે છે.

વહેતાં અશ્રુ રોકીને સ્ફુરેલી ભાવનાનો તે
-જીવનવિકાસને અર્થે સતત ઉપયોગ કીધો છે.

હરિઃૐ

# હૃદયના ભાવની મૈત્રી

જીવનમાંનો બધો કચરો ન એની મેળ નીકળ્યો છે,
હૃદયના ભાવથી સ્વચ્છ થવાતું તો ગયેલું છે.

ભજનકીર્તન ને સત્કર્મ, હૃદયસત્સંગના ભાવે,
હૃદયની તેવી મૈત્રીને જીવંતી દિલ કરેલી છે.

હૃદય પ્રત્યક્ષ જીવંતી હૃદયના ભાવની મૈત્રી
-તણી સોબત થયા કરતાં, હૃદય આનંદ વ્યાપ્યો છે.

હૃદયઆનંદને એવા જીવનવિકાસના ધ્યેયે
-સતત ઉપયોગમાં લેવા, હૃદય લક્ષ જ રખાયું છે.

હરિઃૐ

# ગુણોની જનની છે ભાવ

ગુણોનું કેવું સામર્થ્ય જીવન જીવતાં જણાયું છે !
ગુણોના શક્તિબળથી તો ધપાયા ત્યાં જવાતું છે.

થતાં સાધનના અભ્યાસે હૃદય એકાગ્રતા લાધે,
અને એમાંથી શો ભાવ મળંતાં ગુણ તહીં જાગે.

પડે ના ગુણ કેળવવા, ગુણોની જનની છે ભાવ,
સ્ફુરેલા ભાવમાંથી શા મળ્યા અનુપમ બધા ગુણ.

જીવનવિકાસનું ભાથું બધા ઉત્તમ ગુણો તે છે,
જીવનમાં ભાવ કેળવવા હૃદય તેથી મથેલો તે.

હરિઃૐ

# જીવનની જાગૃતિ પ્રગટે

હૃદય જીવંત તે ભાવે જીવનની જાગૃતિ પ્રગટે,
હૃદય તે જાગૃતિથી શો જીવનહેતુ ઝબૂક્યો છે !

જીવનહેતુ જીવંતો જ્યાં જીવન વિશે થયેલો છે,
ફળવવા હેતુને તેવા હૃદયમાં જોશ લાગ્યું છે.

સતત ને એકના એક જીવન કર્મે પરોવાતાં,
હૃદય લગની શી લાગે છે, પછી ધપવું થયેલું ત્યાં.

શી લગનીની જ ઉત્કટતા સતત ધપવા કરે પ્રેર્યાં,
જીવન ફળવા જ લાગ્યું છે, જીવન સાતત્યથી એવા.

હરિઃૐ

## હૃદયમાં ભાવ ફાલ્યો છે

નવું ઘડતર થવા કાજે જીવનનું, પ્રેમભક્તિને
-મહત્ત્વ પ્રેરી જીવનમાં અનુપાલન કરેલું છે.

ભજનકીર્તન, સ્મરણભાવ, હૃદયના પ્રાર્થનાભાવે,
મનન ચિંતવન થયા કરતાં, હૃદયમાં ભાવ ફાલ્યો છે.

હૃદયના ભાવથી તેવા હૃદયમાં પ્રેમભક્તિની
-ફૂટી સેરો જીવનમાં શી ! હૃદય મુગ્ધ થયેલું છે.

શહાદતની, ફનાગીરીતણી શી લહેર ફોરી છે !
સમર્પાતાં, સમર્પાતાં, જીવનમૂલ્ય ઊગેલું છે.

હરિઃૐ

## હૃદયના ભાવને લીધે

જીવન એકસૂત્રતા વ્યાપી હૃદયના ભાવને લીધે,
***हरि** સંકળાવવા જીવન ખરી ખપમાં જ લાગી છે.

જીવનનું ધ્યેય જીવંતું હૃદયમાં ધારી ધારીને,
થતા પુરુષાર્થમાં ભાવ કૃપાથી તો ધરાયો છે.

થતું જે જે બધું તે તે પ્રભુપ્રીત્યર્થ કીધું છે,
કૃપાથી તેવી સમજણને જીવન આચરવા પ્રેરી છે.

જીવન **આ** આપણું ના છે, **આ** તો **हरि**નું છે,
'**हरि**નું છે જીવન' સમજી જીવન જીવવાનું રાખ્યું છે.

* કરણમાં સાધવા મેળ ખરી તે કામ આવી છે.

હરિઃૐ

## હૃદયના ભાવની નિષ્ઠા

હૃદયના ભાવની નિષ્ઠા મનાદિના કરણ વિશે
-ઊંડી એકાગ્રતા વ્યાપ્ત શી પ્રસ્થાપિત કરાવે છે !

વિચારો ત્યાં ન સ્ફુરે છે, ન સંકલ્પો, વિકલ્પો છે,
સ્વયં એકમાત્ર પોતાની જીવંતી ધારણા રહે છે.

સતત શી ચેતનાત્મક તે સ્વયં સત્તા પ્રકાશે છે !
અમર્યાદિતપણે ઊંડે પ્રકાશી વિસ્તરે છે તે.

મૂળે જે **एक**, તે હાવાં અનેકે રૂપ પામે છે,
નિમિત્તે સ્પર્શ, તેમાં તે ગળી, નિજરૂપ મહાલે છે.

હરિ:ૐ

# હૃદયનો ભાવઆનંદ

**हरि**દર્શનના અનુભવની પ્રચંડ જ ઝંખના ઉત્કટ
-હૃદય બળતી રહેલીએ મને મથવ્યા કરેલો છે.

સતત મથતા રહેવાથી મનાદિ સર્વ કરણોનો
-કૃપાથી મેળ જામેલા થકી લાભ જ થયેલો શો !

હૃદયનો ભાવઆનંદ જીવન બઢતો નિહાળીને
-કરણનો પ્રાકૃતિક ધર્મ જતો ઓસરતો લાગ્યો છે.

જીવનમાં ભાવની ભરતી ચઢી, ના ઓટ તેની છે,
જીવનમાં ભાવની મસ્તી હૃદય મહાલી જ નાચે છે.

હરિઃૐ

## ઝઝૂમવાને જ બક્ષ્યાં છે

હૃદયના ભાવની મૈત્રી પરિપક્વ બનવવાને
-હૃદયથી જીવતું લક્ષ કૃપાથી તો રખાયું છે.

ખસ્યું છે લક્ષ જો સહેજે, હૃદય ચેતી જવાયું છે,
બને અડબોથથી તે ના, કૃપાની શી પ્રસાદી તે !

જીવનમાં એકલે હાથે અમારાથી બને શું તે !
છતાં હોડ બકેલી છે, કૃપાબળથી જીવનમાં તે.

**हरि**એ હાથ, પગ, બુદ્ધિ ઝઝૂમવાને જ બક્ષ્યાં છે,
સૂઝ્યું તેવું દીધે રાખ્યું, પૂરું દિલ ઝંપલાવીને.

હરિ:ૐ

# પ્રચંડ જ ભાવ જાગે ત્યાં

પ્રચંડ જ ભાવ જાગે જ્યાં બધું ગૌણત્વ પામે છે,
શરીરના રોગ, અનુભવથી હૃદયમાં તે પ્રમાણ્યું છે.

વલણ, વૃત્તિનો સ્વચ્છંદ શું પુરબહાર ખીલ્યો છે !
મહત્ત્વ ભાવને દઈને મચેલો શો રહ્યો હૃદયે !

ખીલવવા ભાવ સંપૂર્ણ મળેલાં સાધનો વિશે
-થવા એકાગ્ર દિલ કેંદ્રિત, પ્રયત્ને હું રહેલો તે.

સતત મથતાં, સતત મથતાં, જીવનના ધ્યેયની પ્રત્યે,
કૃપાથી ભાન જાગ્યાથી, પ્રકૃતિ મોળી શી થઈ છે !

હરિઃૐ

# બધું તે કર્મ, મિથ્યા છે

હૃદયમાં ભાવનાકેરો ઊછળતો ધોધ વહેતો જે
-પથે એણે મને ધપવા ઉમળકો દિલ પ્રેર્યો છે.

કશાયે ભાવ વિનાનું, કશા આનંદ વિનાનું
-ભલેને ઉત્તમોત્તમ હો બધું તે કર્મ, મિથ્યા છે.

જીવનદર્શન થવા કાજે ન તેવું કર્મ ખપનું છે,
પ્રભુપ્રીત્યર્થ ભાવેથી થતું જે કર્મ, યજ્ઞ જ છે.

થતા પ્રત્યેક કર્મે તે જીવંતું જ્ઞાનપૂર્વકનું
-હૃદયમાં જાગૃતિયુક્ત પૂરું જે ભાન, યજ્ઞ જ છે.

હરિઃૐ

## ભજનભાવ તરાવે છે

અમૂંઝણ, ગૂંગળામણ તો શી અપરંપાર જાગી છે !
સ્મરી, સ્મરી પ્રાર્થના દિલમાં હૃદયભાવે કર્યા કરી છે.

ભજન લખતાં, ભજન લખતાં, ભજનમાં ચિત્ત પ્રોઈને
-સમય વહેતો જતો લાગે, છતાંયે કષ્ટ ઊભું છે.

ભજન લલકારતી વેળા શું કષ્ટ હોવા છતાંયે તે
-ન કષ્ટ દિલ સતાવે છે, ભજનભાવ તરાવે છે.

ભજનની તેં કળા બક્ષી, નહિતર જીવવું મુશ્કેલ
-થયું હોત મુજથી, કિંતુ ભજન લખતાં કરાવ્યો તેં.

હરિઃૐ

# શી તાલાવેલી જગવી છે !

'બધાંનાંયે જીવનમાં તે રહેલું છૂપું દૈવત છે,'
અનુભવવા જ દિલ ઉત્કટ શી બળતી ઝંખના થઈ છે !

હૃદયની ઝંખનાએ તે બહુવિધ શો મથાવ્યો છે !
જરી આરામમાં પડવા દીધો ના ક્યાંય મુજને તે.


સતત મંડ્યો, મચેલો ને, જીવનપથમાં જ ચલવ્યો છે,
પ્રમાદ સહેજેય સરખો ન દીધો સેવવા હૃદયે.

હૃદય તત્પરતા ઊંડી ને શી તાલાવેલી જગવી છે !
જીવનની ભાવના પ્રત્યે મને એણે પરોવ્યો છે.

હરિઃૐ

# ખંડ - ૧૨

# સ્વજનોને સંબોધન



સ્વજનને લાભ લેવાની ગરજ પૂરી ન લાગી છે,
જીવી સંસારમાં જોઈ, પછી બોલું વચન આ તે.

હરિઃૐ

# મને કેટલાંક પૂછે છે

મને કેટલાંક પૂછે છે, 'તમારી સાથ જીવનને
-બહુ લાંબો સમય ગાળ્યું છતાં ના કંઈ વળેલું છે !'

કૃપા કરીને વિચારીને તમે તો બોલજો, બાપુ !
નહિતર સાવ બોથડ **આ** વદી દે કંઈક અવળચંડું.

'જીવનપ્રવૃત્તિથી અંતર વણી દઈને જ 'મોટા'ને,
તમે શો કેટલો ઊંડો હૃદય જીવંત રાખ્યો છે ?'

'મળી, ભળી અને ગળી હૃદયે ગયાં છો કેટલે ઊંડે,'
પહેલાં તો વિચારી તે જુઓ, વદજો પછી જે તે.

હરિઃૐ

## સમર્પી દેવું સૌ પડશે

તમે તે આપી આપીને કશું શું એવું આપ્યું છે !
તમારી પાસ છે તેનો પૂરો કણ પણ ન દીધો છે.

વળી જે આપ્યું છે તેની ગણતરી દિલ તમારે છે,
બધું આપ્યું તમારું તે નિરર્થક સૌ જવાનું છે.

હૃદયથી આપવું ઈચ્છો, પ્રભુપ્રીત્યર્થ ભાવે તે
-થવા વિકાસ નિજ અર્થે ઉમળકાથી ભલે દેજો.

ચહો વરવા **हरि** દિલ જો મનાદિ, તન, બધું ધનયે
-હૃદયથી વારી વારી જઈ સમર્પી દેવું સૌ પડશે.

હરિઃૐ

# પડે દેવું ઉમળકાથી

કશી આશા, અપેક્ષા કંઈ અમારી પર ન કો ધરશો,
અમારાથી કશું કોઈનું ન વળવાનું જરી પણ છે.

અમારામાં જ સંપૂર્ણ મનાદિ ને હૃદય પણ તે
-મળી, ભળી ને જતાં ગળી સૌ, અનુભવજો થતું શું તે !

મનાદિમાં જીવંતો તો કરી જુઓ જ 'મોટાને'
-હૃદયથી ચાહી ચાહીને કરી દો એક દિલ તમ તે.

તમારે દિલ મેળવવું કશુંક જો હોય 'મોટાથી'
-તમારેયે તમારું તો પડે દેવું ઉમળકાથી.

હરિઃૐ

## ખરેખર ક્યાં બને છે તે ?

**हरि**ને **आ** જ જીવનમાં અનુભવવા જ પ્રત્યક્ષે,
પ્રચંડ જલતી ધગધગતી કહીં દિલમાં તમન્ના છે ?

'બધું જે તે કરીએ તે બધાંમાંયે **हरि**નું જે
-મનન ચિંતવન થતું જીવતું,' ખરેખર ક્યાં બને છે તે ?

કંઈક ને કેટકેટલુંયે શું વળગાડ્યું જીવનમાં છે !
**हरि** વળગાડવા હૈયે ન મોકો દિલ મળેલો છે.

**हरि** પ્રત્યક્ષ જીવંતો હૃદય જો રાખતાં હઈએ,
છતો સંસારમાં પોતે રહેવાનેય સંમત છે.

હરિઃૐ

# **હરિ**ને ભાવનો ખપ છે

ભર્યો દિલ મોહકાદવ છે, નર્યો સંસાર દિલમાં છે,
નર્યા કામાદિ દિલમાં છે, તહીં **સૌ જ્ઞાન** ખોટું છે.

જીવન સંસારી રમવું છે, હૃદય સંસાર જીવવો છે,
હૃદય સંસાર ચાહવો છે, પછી **હરિ**ની જગા કહીં છે ?

બધી જ માથાકૂટો દિલમાં ભરી, સંસાર અર્થે છે,
**હરિ**ને દિલ ચિંતવવા કહીં સ્થળ ખાલી અમથું છે ?

**હરિ, હરિ** બૂમ છો પાડો, ન દિલ તે બૂમ પાછળ છે,
વિના દિલનું ચરણકમળે દીધેલું કંઈ ન ખપનું છે.

બધે જેમાં અને તેમાં **હરિ**ને ભાવનો ખપ છે,
હૃદય જે ભાવથી ઘેલા થતાં, તે ભક્ત દિલ બનશે.

હરિ:ૐ

# શું કરે हरि તો ?

નરી સંસારની પૂરી તમારે તો પડેલી છે,
બિચારો શી રીતે પછીથી ગળે ઊતરી શકે **हरि** તે ?

પ્રહર આઠે પડેલાં છો તમે સંસાર પાછળ તો,
વિસારે સાવ મૂક્યો છે **हरि**ને, શું કરે **हरि** તો ?

'કૃતઘ્ની સાવ મોટા તો, તમારું કેટલું કામ
-કર્યાં કીધું, ગણતરી તે કરી શકતા ન દિલ કેમ ?'

'કરંતાં કર્મમાં જીવતો થતાં દિલભાવ પ્રત્યક્ષ,'
ખરેખર તે ફળે પોતે, થઈ નિશ્ચિત સાકાર.

હરિઃૐ

## કહીં દિલ તાલાવેલી છે ?

તમારામાં જો જુસ્સો ના, તમોમાં જો ન પાણી છે,
પછી ભક્તિમાં ભલીવાર પ્રગટવાનો કઈ રીતે ?

જીવનના ધ્યેયની પ્રત્યે હૃદયમાં ખેલતો કૂદતો
-ઊંડે ઊંડો જ તરવરતો હૃદયભાવ ભલા ક્યાં છે ?

હૃદયની ભક્તિપૂર્વકનો, હૃદયમાં જ્ઞાનહેતુએ
-હૃદય સેવંતો ઝળહળતો, જીવંતો ભાવ તે ક્યાં છે ?

**हरि**ને કાજ જીવવાના હૃદય ક્યાં કોડ જાગ્યા છે ?
ફના થાવા **हरि** કાજે કહીં દિલ તાલાવેલી છે ?

હરિઃૐ

# પ્રભુને શી રીતે સમજે ?

સતત કુટુંબ કબીલામાં નર્યા મશગૂલ સ્વાર્થે જે,
નર્યા સંસારી વ્યવહારી, પ્રભુની વાત શું જાણે ?

ફના સંસારને માટે થતા હર્ષે રહે છે જે,
જીવે સંસારના સ્વાર્થે, પ્રભુને શી રીતે સમજે ?

વહેંચાયેલ હજારોમાં, પ્રભુની વાત કરવાને
-કશીયે લાયકાત જ ના જરા સરખી ધરાવે છે.

હૃદય એવાની સંગાથે પનારો શો પડાવ્યો છે !
હૃદયમાં પ્રાર્થનાભાવ બઢાવી, જીવું સૌ સાથે.

હરિ:ૐ

# નર્યો સંસાર પ્રિય જેને

હજારો વાતમાં જેનું ભટકતું મન સદા રહે છે,
ન છે એકાગ્ર ક્યાંયે જે, પ્રભુ શી રીત પિછાને તે ?

નર્યા સંસારી સ્વચ્છંદે જીવન મહાલી રહ્યો છે જે,
નર્યો સંસારી છે તોર, પ્રભુ શી રીત પિછાને તે ?

નર્યા સંસારના વિષયે રમ્યા જેનું કરે મન તે,
નર્યો સંસાર પ્રિય જેને, ટકે શી રીત **हरि**માં તે ?

જીવન સર્વસ્વ દઈ દેવા ઊછળતો દિલ ઉમળકો છે
-**हरि** કાજે, શું મરજીવા વરી **हरि**ને શકે છે તે.

હરિઃૐ

## મથ્યા કેવા અમે પંથે !

પૂરો સૌ ફોડ પાડીને બધું સમજાવવા જે તે
-હૃદયથી શાં મળેલાંને પ્રયત્નો તો કીધેલા છે !

પરંતુ એક છે વાત પ્રગટવી દિલમાં સમજણ,
વળી શી બીજી છે વાત પ્રગટવું આચરણ તે દિલ.

જીવન પ્રગટેલી સમજણને હૃદય અવતારવા અર્થે
-થવાને આચરણ તેનું ફરી ફરી યત્ન કીધા છે.

અનેકે વાર ગબડાયું, ફરી પાછો ઊભો થઈને,
કસી કમર, ટટારીથી મથ્યા કેવા અમે પંથે !

હરિઃૐ

# પ્રભુમય જો જીવન જીવવા

નકારાત્મક વિચારીને શું કાંદા કાઢવાના છો ?
ઉપરથી ઊલટું ઊંધું શું ભાથું બાંધવાના છો !

પ્રભુમય જો જીવન જીવવા હૃદય સાચી તમન્ના છે,
પરત્વે સર્વ સદ્ભાવ જીવંતો ધારવો ઘટશે.

ભલે જેવો હોઉં તેવો રહેવા તેમ દો મુજને,
થવું જેવું જ હો યોગ્ય તમે તેવાં થજો જીવને.

જીવનમાં કોઈનું ખૂન રખે મનથી કરો, જોજો,
ગળીને એક બનવું છે, તમારામાં અમારે તો.

હરિઃૐ

## મથ્યો છું કેવું કેવું તે !

થતું ના માનવીથી કૈં, રહ્યું અંતરનું દૈવત જે
-થતું રહેતું બધું તેથી, **अहं** મિથ્યા બધાંનું છે.

પ્રભુની શક્તિ કદી પોતે છતી મેળે થતી ના છે,
છતી પ્રગટાવવા **एने** ઘટે હોવી ભૂમિકા તે.

ભૂમિકા પ્રાપ્ત કરવાને મથ્યો છું કેવું કેવું તે !
બધો ઈતિહાસ ચીતરું હું કઈ રીતે જ, લાંબો તે !

ભલે 'હું' 'હું' વદું છોને, છતાં તે 'હું' ન 'હું' પોતે,
બધું 'હું' માંની તે શક્તિ બિરાજેલી **हरि**ની છે.

હરિઃૐ

# અનુભવી લ્યો પછીથી તે

'હૃદય મનથી જ મોટાનાં' પૂરેપૂરાં થઈ જઈને,
અનુભવી લ્યો પછીથી તે સ્વયં કેવો ખરેખર છે !

મનાદિમાં, હૃદયમાંયે જીવંતો ચેતનાત્મક તે
-રમ્યા કરતો રહે, 'મોટા', ભળેલાં જાણજો ત્યારે.

કશી ભ્રમણા વિશે દિલમાં ન રહેશો કોઈ પણ સહેજે
-ચકાસી દિલ જો લેવો હો કૃપાથી દિલ **આ** તત્પર છે.

અમે વિસાતમાં કંઈ ના, અમારું કંઈ ગજું ના છે,
**હરિ**ની એકલાની તો બધીયે બોલબાલા છે.

હરિઃૐ

# શી મળવા શાંતિ લાગી છે !

મળેલાં સહુ પરત્વે દિલ પૂરો સદ્ભાવ ધારીને
-હૃદયથી વર્તવાકેરો ઊંડો અભ્યાસ પાડ્યો છે.

હૃદય વર્તનથી એ રીતે શી મળવા શાંતિ લાગી છે !
થતાં તેવો અનુભવ દિલ, હૃદય વિશ્વાસ પ્રગટ્યો છે.

હૃદય સદ્ભાવની માત્રા બઢી બળવંત પછી શી તે !
હૃદયનો ભાવ ભળતાં ત્યાં, નવું બળ દિલ જાગ્યું છે.

બઢવવાને પ્રભુભાવ શી મનની શાંતિએ ઊંડો
-જીવનમાં ભાગ ભજવ્યો છે, અનુપમ ને અનેરો શો !

હરિઃૐ

# મનાદિ સાધનાભ્યાસે

અમારે વાદવિવાદ કશાનાયે ન કરવા છે,
વળી ચર્ચાય સંવાદ કશા વિશે ન કરવાં છે.

બઢાવ્યે ભક્તિનો ભાવ દલિલ ને તર્ક શંકાઓ
-ગળે બુદ્ધિતણાં સઘળાં, મથ્યો ભાવ બઢવવા તો.

મનાદિ સાધનાભ્યાસે પરોવી ખૂબ દેવાને,
પુરુષાર્થે મચી ઊંડો મથ્યા કેવો રહેલો જે !

હૃદયમાં ભાવ બઢતાંમાં શું એકાકાર એકાગ્રે
-થતાંમાં, **જીવદશા**કેરું વહન મોળું પડેલું છે.

હરિઃૐ

# ફરજ તો એટલી માત્ર

કૃપાથી શાં ગણેલાં છે, તમોને તો સ્વજન દિલનાં !
પરંતુ સાબિતી તેની અમારાથી અપાતી ના.

પ્રમાણિક ને વફાદાર અમે કણકણના શા છીએ !
બહુ બહુ તો અમે દિલમાં પ્રભુને પ્રાર્થના કરીએ.

બધાં સત્કર્મ કરવાને મદદ તમથી મળેલી છે,
મદદ મળવાની પછવાડે અમારું દિલ રહેલું છે.

ફરજ તો એટલી માત્ર શી નાનકડી અમારી છે !
પરંતુ જવાબદારી સૌ **हरि**ની એકલાની છે.

હરિ:ૐ

## કંઈક સ્તર લાવવા ઊંચું અમારે માગવાનું છે

તમે પરિણામની આશા થકી જો કંઈક આપ્યું છે,
નિરાશા તો નરાતાર શી સાંપડવાની તમને છે !

જતાં નિષ્ફળ અપેક્ષા તે પછી જો બૂમ પાડો છો ?
પછીથી તો મને શું શું તમે કંઈ સંભળાવો છો !

મદદ માગ્યા વિના મુજથી ન રહેવાવાનું નિશ્ચે તે,
કંઈક સ્તર લાવવા ઊંચું અમારે માગવાનું છે.

અમે ના હાથ કો પાસે **हरि** વિના ન ધરીએ તે,
તમેયે તે **हरि** વહાલાતણા નિમિત્ત માત્ર જ છો.

હરિઃૐ

# સમર્થ માત્ર हरि પોતે

પ્રભુમય ભાવનાજીવન થયેલા ઉપકારોને
-હૃદય ઉપસાવવા માટે કૃપાથી પ્રાર્થના થઈ છે !

શકું વાળી ન કોઈનો કશો બદલો બીજી રીતે,
-હૃદયથી પ્રાર્થના ભાવે કરું વીનવ્યા હું તે અર્થે.

પ્રભુપ્રીત્યર્થ કંઈ સહાય કર્યા કરી છે જીવન મુજને
-હજારો હાથવાળો ઋણ બધું તે ચૂકવી દેશે.

અમારાથી તણખલુંયે ન તોડી કંઈ શકાશે તે,
મદદ કરવા જ શો પાત્ર સમર્થ માત્ર **हरि** પોતે !

બધુંયે યોગ્ય જે તે કંઈ **हरि** કરવા સમર્થ જ છે,
કઈ રીત ને વળી ક્યારે **हरि** તે યોગ્ય જાણે છે.

હરિ:ૐ

## દાખવજો હૃદય સદ્‌ભાવ મુજ પ્રત્યે

સ્વજનને મારી પાસેથી ન મળવાનું કશું કૈં છે,
પરંતુ ઊલટું શો **આ** ભિખારી માગવા દડશે.

શું વારંવાર તમ પાસે કર્યાં કરશે જ માગણી તે,
ન કંટાળો કદી એને જરાયે આવવાનો છે.

તમારા દિલની ઊંડી સહાનુભૂતિ, ને મદદે
-મને દેતાં જ, દાખવજો હૃદય સદ્‌ભાવ મુજ પ્રત્યે.

થયા વિણ વ્યક્ત શેં રહે તે હૃદયનો ભાવ જે ઊંડો,
હૃદય શો જેવો તેવોયે મને ધારી, હૃદય ગ્રહજો.

હરિઃૐ

## અનુભવી જાણતા માત્ર

'જીવનને સાર્થ કરવાને થયા વિના ફના પૂરું,
કશું વળવાનું ના કૈં છે,' કરું જાહેર આજે હું.

બધું જે જે તમારે હો, તમે માલિક જેના હો,
પદે તે તે સમર્પિત તો કરી દેવાનું રહે છે સૌ.

બધી માલિકી પ્રભુની હો જીવનમાં તે રીતે ભાવે,
તમારે વર્તવાનું છે, સમર્પાઈ જઈને તે.

હૃદય આનંદ ઉલ્લાસ સમર્પણ પદ થયાનો જે,
અનુભવી જાણતા માત્ર સમર્પણ જે થયેલા છે.

હરિ:ૐ

# સ્વજનોને વિનંતી

સ્વજન જે જે મળેલાં છે, વિનંતી એમને મુજ છે,
જીવનવિકાસને અર્થે મહેનત કંઈ કરોને તે.

શું મળવું ખાલી ખાલી તે, બધું મિથ્યા જવાનું છે,
જીવનમાં ત્યાગ પરમાર્થ થવા દો મોખરે સૌ તે.

વિના તે ધર્મનો ભાવ જીવનમાં ના ખીલી શકશે,
જીવનને સ્વાર્થમાં નરદમ શું ગાળવું ! તે નિરર્થક છે.

ભજનકીર્તન, સ્મરણભાવ, નિવેદન, પ્રાર્થના હૃદયે,
શી સન્મુખતા ધરી ઊંડી કર્યાં કરજો જ સાધન તે.

હરિઃૐ

## મથ્યો શક્તિ બઢવવાને

કરીને આત્મનિરીક્ષણ ઊંડું ઊંડું ઊતરી ઊંડે
-પૃથક્કરણ કરી કરીને બધો હેવાલ જાણ્યો છે.

બધી હકીકત શી જાણીને ! શું શું અવરોધ કર્તા છે ?
હૃદયમાં તે પ્રીછી લઈને, પછી ઉપયોગ કીધો છે.

જીવનમાં રાગદ્વેષાદિ ઊંધે પાટે ચઢાવી દઈ,
લૂંટી લે હીર જીવનનું, થયો સાવધ હું શો તેથી !

જીવનવિકાસના શત્રુ, સ્વરૂપ તે તે બધાનુંયે
-પ્રીછી સંપૂર્ણ, દિલશક્તિ મથ્યો ત્યાં હું બઢવવાને.

જીવનમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ થતા જે ફેરફારો છે,
તટસ્થ તો થવાયાથી બધા માલૂમ પડેલા છે.

હરિઃૐ

## બઢવવા ભાવ હરિમાં તો મથેલો છું ચહી ચહીને

જુદાં જુદાં જીવન પાસાં જીવનનાં જે વીતેલાં છે,
અનોખી રીતથી તે તે ઉકેલાતાં ગયેલાં છે.

થયાં સંઘર્ષણો, ક્લેશ, અશાંતિ શાં મનાદિમાં !
જીવનના ધ્યેયનું ભાન છતાં જીવતું રહ્યું દિલમાં.

સ્મરણ, દિલપ્રાર્થના, કીર્તન, ભજનભાવે રહી રહીને
-બઢવવા ભાવ **હરિ**માં તો મથેલો છું ચહી ચહીને.

પરોવાયેલ સંપૂર્ણ રહેવાને **હરિ**ચરણે,
જુદાં જુદાં ઊગ્યાં સાધન વિશે લાગ્યો લગાતારે.

**॥ હરિઃૐ ॥**

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં ‘મારું મારું ’ ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે’જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, ‘હરિઃૐ’ જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** ‘તુજ ચરણે’ તથા ‘મનને’ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે ‘હરિઃૐ’ જપ અખંડ થયો.

**૧૯૨૮ :** ‘તુજ ચરણે’ ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી ’૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-‘જીવનગીતા’

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. ‘મનને’ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું ‘ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ’ અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.